પીરોનો અમર વારસો

• ભાવાનુવાદ •

નૂરદીન ગુલામહુસેન દરેડિયા


પીરોનો
અમર વારસો
• ભાવાનુવાદ •
નૂરદીન ગુલામહુસેન દરેડિયા
realpatidar.com

realpatidar.com



મહું'મા દોલતબાનુ હુસેનભાઈ એચ. લાખાણી હૈદ્રાબાદ (એ. પી.)

★ સમર્પણ ★

હજારો સાલ નરગીશ અપની બે નૂરીપે રોતી હય,
બડી મુશ્કીલ સે હોતા હય ચમનમેં દીદાવર પયદા,

સંસારરૂપી બગીચામાં હજારો સાલ પછી એવું સ્ત્રી રૂપી ફુલ ખીલે છે, અને જ્યારે એ કરમાઈ જાય છે ત્યારે આખો સંસાર રૂપી બગીચો અને માળી રૂદન કરે છે અને તેને હંમેશા યાદ કરે છે.

એવાં સંસારરૂપી બગીચામાં મહુંમા દોલતબાનુ ફૂલ હતા. જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી સંસારરૂપી બગીચામાં મહેકતાં રહયાં. કુટુંબમાં પ્રેમ, સેવા, સમર્પણ, આત્મીક લાગણીથી મહેંકતાં રહયાં.

આજે સંસારમાં ન હોવા છતાં, પણ યાદી રૂપે તેમના ગુણો અને પ્રેમ રૂપે અમર છે. તેમની કુટુંબ માટેની સમર્પણની ભાવના આજે પણ સૌના હૈયામાં ગુંજે છે.

જેમ આકાશમાં એક એવો તારો છે જે અવિચલ, અડગ, અમર છે. તે છે ધ્રુવનો તારો છે. તેમ શ્રીમતી દોલતબાનુબાઇ હુસેનભાઇ લાખાણી સંસારૂપી આકાશમાં ધ્રુવનો તારાની માફક ચમકી રહયાં છે. આત્મા ભાવે ગુણો સદગુણો થી આજે ચમકી રહયાં છે.

શ્રી હુસેનભાઈ એચ. લાખાણી એ મહુંમા પોતાની ધર્મ પત્ની દોલત બાનુ બાઇ પ્રત્યેની ઊંડી લાગણી પ્રેમાળ સ્મૃતિમાં, આત્માની યાદીમાં આ પુસ્તક પ્રગટ કરી રહયાં છે. દેહના સબંધો છુટયા અને તુટયા, પરંતુ આત્માના સંબધ અમર છે. આત્મા અમર હોવાથી આત્માના સબંધ તુટતાંજ નથી.

મહુંમા દોલતબાઈની અમર યાદીમાં પુસ્તક પ્રગટ કરતાં અપાર હર્ષ થાય છે.

વર્ષો સુધી લોકો આ સ્મૃતિગ્રન્થને યાદ કરીને મહુંમાના હકમાં દુઆ કરશે.

મૌલા! મહુંમા બાનુદોલતબાનુબાઇ હુસેનભાઈ એચ. લાખાણીનાં આત્માને અમરશાંતિઅખંડ સુખ અને નૂરનો દીદાર નસીબ ફરમાવે.

આમીન

realpatidar.com

પીરોનો અમર વારસો

ભાગ ૧ લો

: ભાવાનુવાદ :

નૂરદ્દીન ગુલામહુસેન દરેડિયા

પ્રકાશક–પ્રાપ્તિસ્થાન

દિવ્યજ્ઞાન પ્રકાશન મંદિર

નૂરદ્દીન ગુલામહૂસેન દરેડિયા

૧૧૬, ઈમામવાડા રોડ, કરીમાબાદ

બીલ્ડીંગ નં.–૨ ૪થા માળે, રૂમ નં.–૯૩

મુંબઈ–૪૦૦ ૦૦૯

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૨

પ્રત : ૧૦૦૦

મૂલ્ય રૂા. ૭-૦૦

ડીલક્ષ આવૃત્તિ ૯-૦૦

પીરોનો અમર વારસો

ભાવાનુવાદ :
નૂરદીન ગુલામહૂસેન દરેડિયા

પ્રકાશક-પ્રાપ્તિસ્થાન
દિવ્યજ્ઞાન પ્રકાશન મંદિર
શ્રીમતી નૂરબાનુ નૂરદીન દરેડિયા
૧૧૬, ઈમામવાડા રોડ,
કરીમાબાદ, બીલ્ડિંગ નં.-૨
૪ થા માળે, રૂમ નં. ૯૨
મુંબઈ-૪૦૦ ૦૦૯

મુદ્રક :
અરૂણ ટાઈપ સેટીંગ વર્ક્સ.
મું.: સાદરા, તા. દહેગામ.
પીન. નં. ૩૮૨ ૩૨૦.

October 17th 1969.

My dear Spiritual Child,

I have received your letter of 25th September, and I was happy to receive a copy of your publication, "Spiritual Stars of Islam" in Gujrati.

I send you my most loving blessings for devoted services, with best blessings for your forthcoming publications.

Yours affectionately,

Agakhan.

Al Waez Noordin G. Daredia,
86 Nishanpada Road,
Bombay. 9

અનુક્રમણિકા

પીરોનો અમર વારસો

૧

શેઠ કહે તમે સાંભળો વાણોતર

રચનાર : પીર સદરદીન (રહે.)

(૧) શેઠ કહે તમે સાંભળો વાણોતર,
વણજ રૂડો કરી લાવોજી.

આ પ્રેરક પંક્તિનો આધ્યાત્મિક મર્મ જાણવા પૂર્વે આપણે એક દૃષ્ટાંત જોઈએ. જે કડીમાં છૂમાએલો છે.

એક મોટા શેઠ હતા. તેમની મોટી મોટી પેઢી ચાલતી હતી. ખૂબ ધનવાન અને ઉદાર હૃદયના હતા. અને તેમને ઘણાં બધાં નોકરચાકર હતાં. અને બધાં ઉપર હેત–મહોબ્બત પ્યાર ખૂબ રાખતાં હતાં. શેઠનો ધંધો પણ ઘણો બધો વિકસ્યો હતો. પરદેશમાં તેમની પેઢીઓ હતી. પરદેશમાં માલ મોકલતાં હતાં. અને મંગાવતા હતા.

એક વખતે શેઠ મોટા શહેરમાં એક મોટી શાખા ખોલી, એટલે તેમણે એક માનીતા–વાણોતરને બોલાવ્યો, અને શિખામણ આપતાં કહ્યું કે, ભાઈ! તારે પરદેશ

જવાનું છે. ત્યાં આપણી મોટી શાખા ખોલી છે, ત્યાં જઈને પ્રમાણિકતા અને ઈમાનદારીથી ધંધો કરજો, ધંધાનો વિકાસ કરજો. હિસાબ બરાબર રાખજો.

અને તેમણે ઘણી બધી શિખામણો આપીને કહ્યું : જાવ ! મારી તમોને શુભેચ્છા અને સદ્ભાવના છે, ત્યાં જઈ સારું કમાવી આવજો. અને પાછા આવશો ત્યારે તમારું સ્વાગત કરવામાં આવશે. તમારો દરજ્જો વધારવામાં આવશે. અને તમારા પગારમાં અભિવૃદ્ધિ કરવામાં આવશે અને તમે મારા વિશ્વાસુ માણસો ગણાશો.

પણ પરદેશમાં જઈ તે વાણોતરે પેઢી ઉપર જઈને પ્રમાણિકતા છોડી દીધી. ઇમાનદારી મૂકી દીધી. વફાદારી છોડી દીધી અને પોતે વાણોતર નોકર હોવા છતાં તે શેઠ બની ગયો. અને પોતાને જ સર્વસ્વ માનવા લાગ્યો. અને ચોપડા ખોટા બતાવ્યા. અને શેઠની પેઢીને નુકશાન બતાવ્યું.

પછી શેઠે તેને પાછો પરદેશથી બોલાવ્યો. અને બધા ચોપડા તપાસવા બેઠા. ચોપડો તેણે ખોટો લખ્યો હતો. એટલે હિસાબ આપતાં ગભરાતો હતો. ચોપડામાં ઘણું નુકશાન બતાવ્યું હતું બેવફાઈથી કામ કર્યું હતું. આથી શેઠ ઘણા નારાજ થયા, અને તેને પોતાની પેઢીમાંથી કાઢી મૂકયો. આખરે તે વાણોતરે—પોતાની બેઈમાનદારીનાં કારણે ઘણો દુઃખી થયો અને આખરે તે મૃત્યુ પામ્યો.

આ તો એક દુન્યવી દૃષ્ટાંત તથા રૂપક આપ્યું છે. જેથી આધ્યાત્મિક દૃષ્ટાંત સમજવાની કોશિષ કરીએ.

પીર આપણને દૃષ્ટાંત દ્વારા સમજાવવા માંગે છે. ઘણી જગ્યાએ રૂપક દ્વારા સમજાવે છે. કુર્આને શરીફમાં અલ્લાહે પણ આપણને ઘણી બધી આયતોમાં રૂપક અને દ્રષ્ટાંત દ્વારા વાત કરી છે.

"અને અલ્લાહ લોકો માટે દૃષ્ટાંત ટાંકે છે કે જેથી તેઓ બોધ પ્રાપ્ત કરે."

કુર્આને શરીફ સૂરા. ૧૪ આ. ૨૫

'અને આ દૃષ્ટાંતો અમે લોકો માટે ટાંકીએ છીએ કે જેથી તેઓ મનન કરે."

કુર્આને શરીફ ૫૯ ૨૧

અહીંયા આ ગીનાનમાં પીર દૃષ્ટાંત દ્વારા આપણને બોધપાઠ આપ્યો છે. જેથી જીવનનું ઘડતર કરી શકીએ. આધ્યાત્મિક સ્તર પર આ ગીનાન જોઈએ.

ખુદાવિંદ આલમીન સૌ જીવોનો માલિક છે, તે માલિક શેઠ આ દુનિયામાં જીવાત્માને મોકલતી વખતે શિખામણ આપે છે, કે હે જીવાત્મા ! તું દુનિયામાં પર-દેશમાં જાય છે. ત્યાં તને મોકલવામાં આવે છે, તો ત્યાં એવી કરણી કરજે, એવી સદ્ભાવના ફેલાવજે, એવો

આધ્યાત્મિક વેપાર કરજે, આખરતની મૂડી કમાજે. જેથી તારા આત્માનો છૂટકારો થાય.

"દુનિયામાં બધાં માણસો વણજ વેપાર કરે છે, પણ આ સ્થળ (દુનિયા) પરદેશ છેઃ જ્યારે આકબત તરફ જશો ત્યારે જે કમાયો હશો તે તેની આગળ આવશે અને જે નુકશાન લઈ જશો તે ત્યાં શરમીંદો થશો. આ ફરમાન દિલમાં યાદ કરો અને હંમેશા ભલાઈ કરો."

મુંબઈ તા. ૮–૯–૧૮૮૫

'કલામે ઈમામે મુબીન'માંથી

'ઈન્સાન દુનિયામાં મુસાફર છે. તમારું અસલ ઘર આખરતમાં છે.'

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અ.સ.

અને અલ્લાહુતઆલા પણ રૂહાની વેપાર કરવા માટેનો કુર્આનમાં નિર્દેશ ફરમાવે છે કે, 'હે ઈમાનવાળાઓ! શું હું તમને એવો વેપાર બતાવું કે જે તમને દુઃખદાયક અઝાબથી ઈગારી લે? (તે આ છે કે) તમે અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન લાવો અને અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને જાનથી જિહાદ કરો, જો તમે સમજતા હો તો એ જ તમારા માટે બહેતર છે."

(કુર્આને શરીફ સૂરા ૬૧, આ ૧૦–૧૧)

પણ સૌ દુનિયામાં આવી આખરતનો વેપાર અર્થાત

આખરત કમાતા નથી. અને દુનિયાની પાછળ પોતાનું દિવ્ય જીવન વેડફી રહ્યાં છે.

(૨) એજી ડાહ્યા થાજો તમને શી દઉં શિખામણ, લાભ ઘણેરો કરી લાવોજી.

અર્થ : હે વાણોતર (મુનીમ)! તમો દુનિયામાં જઈ હોશિયારીથી વેપાર કરજો. તમોને શું શીખામણ આપું? તમારા વેપારમાં ઘણોઘણો લાભ થાય તેવા સત્‌કર્મો કરજો.

સંતવાણી અંતરમાં ઝીલો

મારા વ્હાલા વેપારી રે તમે સતનો વેપાર કરજો
સતનો વેપાર કરજો રે તમે ધ્યાન ધણીનું ધરજો રે
મારા વ્હાલા વેપારી રે....

પાંચ પચ્ચીસની હુંડી લઇને તમે ભર બજારમાં વિચરજો
હાં રે ભાઈ ભર બજારમાં વિચરજો
સાચા સંતના સોદા કરીને તમે પાંચ વસ્તુ મેળવજો રે
મારા વ્હાલા વેપારી રે....

હેતભાવના હાટ માંડીને તમે વિવેકથી વિચરજો
હાં રે ભાઈ વિવેકથી વિચરજો
દયા ધરમના ત્રાજવે બેસી તમે સત્ય વસ્તુને તોળજો રે
મારા વ્હાલા વેપારી રે....

મારો વ્હાલો વાત જાણી તમે અસત ના વિચરજો
હાં રે ભાઈ તમે અસત ના વિચરજો
ગુરૂ પ્રતાપે બોલ્યા પ્રાણદાસ ધ્યાન ધણીનું ધરજો રે
મારા વ્હાલા વેપારી રે....

'અને હે (પયગમ્બર) જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે નેક આમલ (સત્કર્મો) કર્યાં તેઓને ખુશ ખબરી આપી દો કે તેમને માટે એવા બગીચાઓ છે કે જેમની નીચેથી નહેરો વહેતી હશે. જ્યારે જ્યારે એના ફળો તેમના ખાવા માટે અપાશે ત્યારે તેઓ કહેશે કે, આ તે જ ફળો છે જે આ અગાઉ અમને (દુન્યામાં) મળ્યાં હતાં. એમના જેવા તેમને અપાશે વળી એ બાગોમાં તેમને માટે નિર્મળ પત્નીઓ હશે અને તેઓ એમાં હંમેશા રહેશે.'

કુર્આને શરીફ અલ. બકરહ આયાત ૨૫

(૩) એજી પીરને પૂછી તમે પંથ કમાવો, નબી મુહમ્મદની શિખામણ હઈડે રાખોજી

ધર્મ પંથ કમાવવા માટે, રૂહાની વેપાર–વણજ કમાવવા માટે પીર મુરશીદની રાહનુભાઈ અખત્યાર કરો. પીરના આજ્ઞા પ્રમાણે–ધર્મ પંથ કમાઓ. અને હઝરત નબી મુહમ્મદ (સ.લ.)ની શિખામણો હૃદયમાંથી કદી ભૂલતા નહિ.

"જે પોતાની આખેરતના કાર્યોને સુધારે છે, તેની દુનિયાના કાર્યોને અલ્લાહ સુધારે છે"

(હ. નબી મુહમ્મદ સ.અ.વ.)

"જેમ તમે દુનિયાનો ફાયદો મેળવવા માટે આગળ વધવાની કોશિષ કરો. દુનિયાના કામ કરતાં આખરતના કામ તમને આગળ જતાં કામ આપશે.''

કલામે હજરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

૪ એજી ઘોર અઘોરમાં તું બહુ દિન હોતા,
તુંને ઘડીયે ઘડીયે વિધ્નને ઉગારે આજી.

હે વાણાતેર! ઘોર અઘોર – અંધકારભર્યા માતાના પેટમાં તું ઊંધા માથે ઘણા દિવસ રહ્યો, પરંતુ તને ખુદાએ એ મહાદુઃખમાંથી છોડાવ્યો.

હોજીરે પ્રાણી જ્યારે તું ગીરભ સ્થાન વસંતો,
તઈએ તું હતો ગીનાનવંતો,
ઊંધે ઊંધે મસ્તક ઉપર ચરણા.
એવી એવી કષ્ટી ભોગવતો રે.
ધન મારું મારું તુ મ કરીશ પ્રાણી
જીવડા મરીશ.

માયા મન બાંધો, લોભે જીવ લાગ્યો,
અંતકાળે સરવે ઊભા મેલી,
નિરવાણ જઈશ તું નાગોરે...ધન મારું
(કલામે પીર)

માતા પેટમાં આવી – મહા દુઃખ ભોગવતો હતો, અને તને એ મહા મુસીબતમાંથી છોડાવ્યો

કુર્આને શરીફમાં નિર્દેશ છે કે,

" તે (ગર્ભાશયમાં) નાખેલા પાણીમાંથી પેદા થયો. છે.

તે પાણી પીઠ વચ્ચેથી અને છાતીના હાડકાં વચ્ચેથી બહાર નીકળે છે. ખરેખર ખુદા તેને પાછો લઈ જવાને શક્તિમાન છે. તે દિવસે છૂપા વિચારો ખુલ્લા થાય છે. ત્યારે તે માટે કંઈ અને કોઈ મદદ ગાર નથી.

(કુર્આને શરીફ સુરતુલ તારકે ૫ થી૧૦)

(૫) એજી અણચિંતવ્યા તુંને ભોજન પૂરિયા,
માતા પિતા વિના પાળિયાજી.

ખુદાની અપાર અનહદ કૃપા ભાવનાનાં દર્શાવતા પીર ફરમાવે છે કે, માતાના પેટમાં – તને માગ્યા વગર – ચિંતા કર્યા વગર રોઝી પહોંચાડી મા-બાપ વગર તારુ પોષણ કર્યું.

(૬) એજી નવરે માસ તુંને પેટ માંહે રાખિયો,
નબી મુહમ્મદ બંધ છુડાયાજી.

:–અર્થ નવ મહીના સુધી–માતાના પેટમા રાખ્યો અને નબી મુહમ્મદ (સલ. મેં આ કાયમી બંધનમાંથી આ આ મહાદુઃખમાંથી (ખુદા પાસે આજીજી કરી–) માંથી બંધ છોડાવ્યા.

"અને (યાદ કર) કે, જ્યારે તારા પરવરદિગાર આદમનાં છોકરાઓની પીઠમાંથી તેઓનો વંશ ઉત્પન્ન કર્યો અને ખુદાએ તેઓને પોતાના પંડ માટે જ સાક્ષી બનાવ્યા. અને કહ્યું શું હું તમારો પરવરદીગાર નથી ? તેઓએ કહ્યું કે 'હા. અમો સાક્ષી છીએ (આએ કરારથી–મીશાક) એટલા માટે છે કે, કયામતને દિવસે તમે કહો નહિ કે ખરે-ખર અમો આથી અજાણ્યાં હતાં."

કુર્આને શરીફ સૂરા ૩–૧૭૨

હઝરત આદમ (અ.)ની પીઠમાંથી ઉત્પન્ન થનાર સંતતી પાસેથી હકતલાએ જે વચન લીધું તેને મહાવરાની ભાષામાં–બૈયત–કોલકરાર કહે છે. અને તેને ઉલ્લેખ મઝ-કુર ઈલાહી વાણીના આગલી આયાત સાથે મેળવતા ખુદા-વંદતઆલાનું આ ફરમાન સાફ જણાઈ આવે છે કે જેમાં હઝરત રસુલે કરીમ સ.લ.' ને સંબોધી ને ફરમાવેલું કે, યાદ કર તું એ સમયનું કે જ્યારે તારા સર્જન હારે આદમ (અ.) ની સંતતીને તેઓની પુશ્ત માંથી બહાર લાવી "મીસાક" લીધો કે એક "કરન" પછી એક "કરન" તથા એક "નસલ" પછી એક "નસલ" જે

વંશ થનાર છે.તેઓનેપોતાના પંડનાજ સાક્ષી કરી, અક્કલ આપી પોતે પરવરદીગાર હોવાની દલીલ કરી છે."

(૭) એજી કોલ કરી જીવડો બાર નિસરીયો,
માયા દેખીને જીવડો ભૂલોજી.

અર્થ :— તે (વખતે) માતાનાં ઊદરમાં તેં વચન આપ્યું એકરાર કર્યો. (દુનિયામાં જઈ ને તારી ફરમાબરદારી અને ઈબાદત બંદગી કરીશ. નેક અમલ કરીશ. સત્ય માર્ગે ચાલીશ વિગેરે) અને વચન આપી તે બહાર આવ્યો પરંતુ દુનિયામાં આવી દુનિયાની માયામાં લોભાઈ ગયો. આપેલું વચન ભૂલાઈ ગયું.

કોલ વચન દેકર વહાંસે આયો,
આકર લોભમે ચિત લગાયો,
ધિક ધિક મૌલાકો ગુણન ગાયો,
મુઢ મુરખ મસ્તાન...
ભજન બીના નર હૈ પશુ સમાન.

(દાસ અબ્દુલ સત્તાર)

હોજીરે પ્રાણી કોલ દઈ ને કલજુગ માંહે આવ્યો,
જીવ જાણે હું તો છૂટો,
લોભ સવારથ કરવાને લાગો,
ને શાહજીસું ચાલ્યો ખોટોરે....

કલામે પીર

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહે ફરમાવ્યું છે કે, "તમે પણ ગિરભા વાસમાં કોલ દઈ ને આવ્યા છો. પેલા બાસઠ જણાએ જ્યારે કોલ આપ્યા તેઓના આગલા ગુનાહ માફ થયા. પણ પાછળથી કોલ તોડી ગુનાહ કર્યા તેથી દોઝખમાં ગયા. જે લોકોએ અમને કોલ આપ્યો છે તે લોકોએ પોતાનો કોલ બીલકુલ તોડવો નહિ."

કુર્આનમાં પવિત્ર આદેશ છે કે,

ખરેખર તો પોતાના કુટુંબમાં (દુનિયામાં) ખુશ હતો. ખરેખર તે ધારતો હતો કે તે કદી (ખુદા તરફ) પાછો ફરશે નહિ."

(કુર્આને શરીફ સુરતલ અન શેકાક)

(૮) એજી મોટેરો હાટ તારો બહુરે વાણોતર, તું આપે આપ શેઠ થઇને બેઠોજી.

હે વાણોતેર ! તું સંસારમાં જઇ મોટી મોટી દુકાનો ખોલી, ખૂબ વેપાર વધારી દીધો. અને પોતે એક વાણોતેર હતો, તે ભૂલીને પોતાને શેઠ સમજી બેઠો. શેઠ થઈને બેઠો છે.

અર્થાત :— આ સંસારની મોહ માયા–જોઈને માનવ જીવ એટલો બધો તેમાં લુબ્ધ થયો, મુગ્ધ થયો, તેણે આ નાશવંત સંસારને સર્વ કોઈ માની તેમાં એકદમ લીન રહી—સર્વે સંસાર વ્યવહારને એકાદ વધારી દીધા અને

પોતે તે ખુદા સાથે 'મીસાક' કોલકરારને ભૂલી જઈ દુનિયાના પ્રપંચમાં મશગુલ થઈ ગયો.

ચુન ચુન કર કે મહેલ બનાયા,
મુરખ કહે ઘર મેરા,
ન ઘર મેરા ન ઘર તેરા,
ચીડીયા ન રહે બસેરા

"બેશક ખરેખર માણુસ હદ બહાર જાય છે, જ્યારે કે પોતાને તવગંર જુએ છે." સુરતુલ અલક ૬-૭

આ દુનિયાના પ્રપ્રંચમાં એટલો તો મશગુલ થયો. જીવન ધર્મ ભૂલાઈ ગયો. માયાનો તો એટલો મોહ લાગ્યો કે,

(૯) એજી ખોટા તારા ત્રાજવાંને દાંડી માંહે કાનેતર,
કાટલા ખોટા તારા ભારીજી.

ગ્રાહકોને–માલ આપવા માટેનાં જે ત્રાજવાં હતાં તે પણ તે ખોટા બનાવ્યા અને કાટલાઓ પણ ખોટા બનાવ્યા.

(કાનોતેર એટલે પાસંગ જે ત્રાજવાનો ધડો કરવા એક તરફ જે જે વજન રાખવામાં આવે છે તેને કહે છે.)

(૧૦) એજી ઓછું દીધું જીવડે અદકેરું લીધું,
જીવની ચિંતા ન કીધીજી.

દુનિયાની લોભ–મોહ–માયા અને સ્વાર્થ – માનવને

એટલો બધો પામર બનાવી નાંખે છે કે, ગ્રાહકોને માલ ઓછો આપે છે, અને વધારે માલ લે છે. અને પોતાનાં રૂહનું શું થશે ? પોતાનાં જીવને કેટલી બધી તકલીફ પડશે. અને પોતાનાં રૂહનો કેવી રીતે છૂટકારો થશે ? તેની બીલકુલ ચિંતા કરી નહિ.

અપને જીવડેકું ચિંતા કીજીએ,
અપને જીવડેકું દોઝખ ન દીજે.

'તેઓનો નાશ થશે જેઓ અધર્મથી વર્તે છે, જેઓ બીજા પાસેથી માલ લે છે તો પૂરો લે છે, પણ જ્યારે બીજાને આપે કે બીજા માટે તોલે છે ત્યારે ઓછો આપે છે.'

કુર્આને શરીફ સૂરા ૮૩. આ. ૧ થી ૩

'અલ્લાહે માપ ને તોલ એ માટે બનાવ્યા છે કે, તમે સૌની સાથે ન્યાય અંગત વ્યવહાર કરો તથા કોઈનાં હક ઉપર તરાપ ન મારો.'

કુર્આને શરીફ સૂરા–૫૫ આયાત ૭–થી–૯

'ન્યાય પૂર્વક પૂરું માપો અને વજન કરો, અને કોઈ પણ વ્યક્તિને તેની શક્તિથી વધારે માટે તકલીફ આપતા નથી.'

કુર્આને શરીફ સૂર અનૂઆમ આ ૧૫૨.

'જ્યારે માપો ત્યારે પુરું માપો અને સાચા ત્રાજવા વડે વજન કરો.'

સુરે બની ઇસ્તાઇલિ આયાત. ૩૫

'વજન કરવામાં અત્યાચાર ન કરો, બરાબર ન્યાય પૂર્વક વજન કરો અને ત્રાજવામાં ઘટ ન આપો.'

સુરે રહેમાન આયાત ૮–૯

હઝરત શુએબ (અ.સ.) જમાનામાં જે લોકો ઉપર અપરાધ માટે ખુદાની નારાજગી–ખુદાનો પ્રકોપ ઊતર્યો તેનું કારણ આ જ હતું કે લોકોમાં તોલમાપમાં ઓછું આપવાનો રોગ વ્યાપક રીતે ફેલાયેલો હતો.

હઝરત શુએબ (અ.સ.) વારંવારનાં ઉપદેશ અને આદેશો હોવાછતાં પણ આ લોકો આ ગુનોહ કરતાં બંધ થયા નહિ અને તેના પરિણામે ખુદાનો ક્રોધ લોકો ઉપર ઊતર્યો.

અત્યારે પણ જેઓ તોલમાપમાં ઘાલમેલ કરે છે. ઓછું આપે છે. તેઓનાં ઉપર પણ ખુદાનો કોપ ઉભેલો છે. નારાજી ઉતરેલી છે. તેમનાં મનમાં ખૂબ પૈસા હોવા છતાં અશાંતિ–અસુખ–ફેલાઈ ગઈ છે. અને ખુદાની નારાજીનાં કારણે તેમનામાં રૂહાનીયત મરી જાય છે રૂહાની સુખ મળતું નથી. 'આત્મા' કચડી જાય છે. આત્માનું

અધઃપતન થાય છે. એટલા માટે હઝરત ઈમામ સુલતાન મુહમદશાહે ફરમાવ્યું છે કે,

'તમારે જે ધંધો રોજગાર કરવો તે હલાલ રીતે કરવો. હરામ રીતે ધંધો રોજગાર કરવો નહિ, એટલે પારકો માલ પચાવી પાડવો નહિ.

તેમજ જૂઠું બોલવું નહિ.

કલામે ઈમામે મુબીન ભાગ ૧ લો ફરમાન ૩૦ મું

તોલમાપમાં – વધારે લેવું નહિ, ઓછું દેવું નહિ, માલ–વસ્તુમાં ભેળસેળ કરવું નહિ. ગ્રાહકોને છેતરવા નહિ. ગ્રાહકો સાથે વેપાર ઇમાનદારીથી કરવો. જે આ પ્રમાણે વર્તે છે, તે હલાલનો વેપાર કરે છે. બાકી બધો હરામનો વેપાર સમજવો અને હરામનો વેપાર કરવાથી દિલમાં અંધકાર પેદા થાય છે. ઈમાનનું નૂર જતું રહે છે. અને તેનાથી સારા કામો થતાં નથી. રૂહાની રીતે પતન થાય છે.

"તમે જે વેપાર કરો છો તેમાં પણ જુઠું બોલવાની આદત છોડી આપશો તો તમારાથી એક પણ ગુનાહનું કામ નહિ થાય.

પરાયો માલ ખાવો હરામ છે અને જો તે ખાઈએ તો આપણું માસ હરામ થાય છે અને પેદાશ પણ હરામ થાય છે. કોઈની પારકી આશ ન કરવી.

કલામે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહ અ.સ.

જેઓ – ઓછું દેતા નથી, વધારે લેતા નથી. અને જે પ્રમાણિક છે, ઈમાનદાર છે, અને પરાયા માલથી તે દૂર રહે છે. તેની ફેહાની શક્તિ કેટલી બધી મહાન હોય છે. તે જુઓ.

અગાઉના જમાનામાં એક બાદશાહનાં સમયમાં એક વખત દુષ્કાળ પડયો. દુષ્કાળનાં કાળાં – વાદળો ઘેરાઈ ગયા. અને તેમાં સૌ સપડાઈ ગયા. અન્ન વિના માણસો મરવાની અણી ઉપર આવી ગયા. પશુ–પ્રાણીઓ પણ ઘાસ ચારા વિના ટપોટપ મરવા લાગ્યા. બાદશાહે પોતાના ખજાનામાં જેટલું પણ અનાજ હતું. તે બધું લૂંટાવી દીધું. છતાંય એ વરસથી વરસાદ થયો ન હોવાથી દુષ્કાળની

ભીંસમાં – બધાં ભીંસાતા ગયા. બાદશાહ બહુ દુઃખી થયો. અને રાત દિવસ ચિંતા કરવા લાગ્યો. બાદશાહે પોતાના દરબારમાં જ્યોતિષોને – અને વિદ્વાનોને બોલાવ્યા અને વરસાદ વરસે, અને દુષ્કાળ ચાલ્યો જાય તે માટે શું કરવું જોઈએ. અને શું કરવાથી દુષ્કાળ દૂર થાય તેની સલાહ લીધી. પણ કોઈ ઉપાય જાણે નહોતો.

આખરે બાદશાહનાં દરબારમાં સૂફી સંત આવી ચડયા. બાદશાહનો ઉતરેલો ચહેરો જોઈ પૂછયું કે, બાદશાહ ! તમારા ચહેરા ઉપર આટલી બધી ગ્લાનિ

છવાએલી જોવું છું કે, આપ કોઈ મોટી ચિંતામાં ઘેરાયેલા છો.

બાદશાહે કહ્યું કે, સાંઈ! શું કરું આ મારા રાજ્યમાં બે વરસથી વરસાદ ન વરસવાનાં કારણે કારમો દુષ્કાળ પડયો છે. તેનું નિરાકરણ થતું નથી. વરસાદ આવતો નથી. માટે આપ કંઈ રસ્તો બતાવો. બધાં દુઆ કરશે.

બાદશાહ સલામત! જુઓ આ ગામમાં એક વહેપારી છે. બહુ પ્રમાણિક અને ઈમાનદાર વેપારી છે. તેની વેપાર તેના માટે બંદગી છે. આવનાર દરેક ગ્રાહકમાં ખુદાને નીહાળે છે. કોઈને ઓછું દેતો નથી. અને વધારે માલ લેતો નથી. આ વેપારી પાસે તમો ખૂદ વિનંતી કરો, તો જ તે દુઆ માંગશે. પ્રથમ તમોને ના પાડશે પણ તમો આગ્રહ પૂર્વક – કહેતા રહેજો. તો જ તે દુઆ માંગશે. આથી બાદશાહ ઘણો ખુશ થયો અને, બાદશાહ પોતે – વેપારીની નાની દુકાને તે પહોંચી ગયા..

વેપારી – પોતાની દુકાને બેઠો હતો. વેપાર એ એની ભક્તિ હતી. સચ્ચાઈ અને પ્રમાણીકતા તેનો મુદ્રાલેખ હતો.

પી. ૨

સાચ બરાબર તપ નહિ,
જુઠ બરાબર નહિ પાપ.
જીસકે હૃદયે સાચ હય,
તાકે હીરદે આપ.

બાદશાહ – તે વેપારી પાસે પહોંચીને કહ્યું કે, ભાઇ ! તું જાણે છે કે, આપણાં દેશમાં દુષ્કાળ પડયો છે. માટે તારે મને એ દુષ્કાળ દૂર કરવામાં મદદ કરવાની છે.

વેપારી ઘણો ખુશી થયો. વેપારીએ કહ્યું બાદશાહ સલામત ! અદના ગુલામ તૈયાર છે. મારા દુકાનમાં જે માલ છે, થોડું જે અનાજ છે. તે આપ બધું લઇ જઈ શકો છો.

બાદશાહે કહ્યું કે, નહિ ભાઈ! અનાજ નથી જોતું પણ તું દુઆ માંગ તો ખુદા રાજી થઇ વરસાદ મોકલશે.

આથી વેપારીએ કહ્યું જહાપનાહ ! મારી દુઆ શું કામ આવશે. કોઈ સંત મહાત્મા – સૂફી ઔલિયાની દુઆ લ્યો, હું તો એક અલ્પ માણુસ છું ધર્મના મર્મ જાણતો નથી.

બાદશાહે કહ્યું કે, મને બધા સમાચાર મળ્યાં છે. તું એક ઇમાનદાર વેપારી છે. માટે તું દુઆ માંગ. બાદશાહનાં અપાર આગ્રહ આગળ તે લાચાર થઇ ગયો,

આથી વેપારીએ પોતાના હાથમાં પોતાનું ત્રાજવું લીધું : અને ખુદા પાસે દુઆ માંગતા કહ્યું કે, હે માલિક! જીવન ભર – કોઈને ઓછું ન આપ્યું હોય, કોઈનો માલ વધારે લીધો ન હોય. બેઈમાની અને અપ્રમાણિકતા ન આચરી હોય. મારા વેપારને હું બંદગી – સમજી વેપાર કર્યો હોય તો કૃપા કરી દુઆ મારી સાંભળ અને મારા દેશમાં – મારા ગામમાં દુષ્કાળ દૂર કરવા વરસાદ વરસાવ. તેનાં રોમેરોમ ધ્રુજી ઊઠયા, તેનું હૃદય ભરાઇ આવ્યું. ગળે ડૂમો આવ્યો અને આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. તે સિઝદામાં ગયો, અને દુઆ ગિરિયાઝારીથી, અને પોતાનાં વેપારની સચ્ચાઈથી તેની દુઆ કબુલ થઇ. અને બાદશાહના રાજ્યમાં વરસાદ વરસ્યો. દુષ્કાળે વિદાય લીધી. અને સૌનાં હૈયાં નાચી ઊઠયાં. અને સૌ જીવ સુખી થયા.

(૧૧) એજી ખીર ખાંડ ગ્રત અમરત ભોજન,
ઉપર પિયો છો શીતલ પાણીજી.

દૂધ, ખાંડ, ઘી, અમરત ભોજન જમે છે. અને ઉપર ઠંડા પાણી–જળ પીએ છે.

(૧૨)એજી ઢોલીએ તળાઇ ઉપર ઓછાડ પથરાવિયા,
ઉપર ઝીણા ઝીણા વાહો ઢોળાયાજી,

જીવાત્મા દુનિયામાં–મોહ–જાળમાં–અને આરામ ડૂબી ગયો. દુનિયાનાં સુખનાં ડૂબી ગયો. ઢોલીયા તળાઈ છત્ર–

પલંગ-ઉપર ચાદર પાથરી-પથરાવી જીવડો ખુદાને ભૂલીને આરામ કરી રહ્યો છે. નોકરો – હળવો હળવો પંખો ઢાળી રહ્યાં છે.

આખરતને ભૂલી ગયો, આખરતનો વેપાર કરવા આવ્યો છે. પોતાના જીવને છોડાવવા આવ્યો છે. તેની વિસ્મૃતિ થઈ ગઈ.

એજી દુનિયાનો લોભ જીવડો કરવાને લાગ્યોજી,
દુનિયાનાં લોભે ભરમેં ભૂલ્યોજી.
ભૂલનું શું પરિણામ આવે છે તે જુઓ.

એજી ભૂલ્યો તે માથાનો ભેજો કાને નીસરસેજી,
તીલ તીલના લેખા સાહેબ લેશેજી;

"બેખબરીનો ગુરજ ઘણો ઈજા પહોંચાડનાર છે ત્યાં લોખંડ તથા આતશનો ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે તોબાહ ! તોબાહ રાત દિવસ ગુરજ માથામાં લાગશે."

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

દુનિયાની મોહ માયામાં માનવી ડુબી ગયો છે. આખરતને ભૂલી ગયો છે ત્યાં તો ખુદાવિંદ આલમીન તરફથી મોતનો ફિરસ્તો જીવાત્માને લેવા આવે છે.

(૧૩) એજી શેઠના તેડા તુને તેડવાને આવ્યા,
ચાલો વાણોતર વેગેજી.

ખુદાની આજ્ઞાથી મૃત્યુરૂપી ફિરસ્તા ખુદા તરફથી (શેઠ તરફથી) જીવાત્માને તેડવા આવે છે. ચાલો માલિક તમોને બોલાવે છે. માટે જલદી ચાલો.

એજી એક દિન સાહેબ સબકો બોલાવે,
લેખાં લેશે તીલ તીલનાં.

(૧૪) એજી તાળાં કુંચીઉં તારી રહ્યું રે વખારે,
તું કેમ ચાલ્યો ઠાલે હાથજી.

ખુદા–માલિક–શેઠ તરફથી જ્યારે તેડું આવે છે. આવ્યું છે. ત્યારે દુનિયાની બધી વસ્તુઓ, વૈભવ, માલ મિલકત, તાળા–કૂંચી બધુંય દુનિયામાં રહે છે, જીવાત્મા સાથે કંઇ આવતું નથી. અને ખાલી હાથે, નિરાશ વદને, અફસોસ કરતાં ચાલ્યાં જવું પડે છે. અને આ પ્રમાણે જીવાત્મા જવાની તૈયારી કરે છે. અને ખુદાનો હુકમ આવ્યો છે. એટલે ગયા વિના છુટકો નથી.

તેડું થયું કિરતારનું,
માન્યા વિના કેમ ચાલશે ?
ઝાંખી થઈ જમદૂતની
જાવ્યા કેમ ચાલશે ?
(સંતવાણી)

બધું પડી રહ્યું અને જીવાત્મા ખાલી હાથે કેમ ચાલ્યો ? કેમ કંઈ સાથે લઈ ન ગયો ?

(૧૫) એજી સગા કુટુંબ જીવના મલી કરી બેઠા,
કોઈ ન ચાલે જીવને સાથેજી.

બધાં સગા કુટુંબીજનો જીવાત્માની આજુબાજુ બેઠા છે. અને જીવાત્મા એકલો નિરાશ થઈને મૃત્યુનાં ફિરસ્તા સાથે જાય છે.

(૧૬) એજી સગા કુટુંબ જીવને વોળાવીતે વળિયા,
પાપ અને પુણ્ય હોય સાથેજી

તારા સગા-વહાલાં-કુટુંબીજનો તને કબ્રસ્તાન સુધી વળાવીને સૌ પાછા ફરી ગયા. ફક્ત પાપ અને પુણ્ય જે તું આ દુનિયામાં કમાવ્યો છે. તે બંને તારી સાથે આવે છે.

(૧૭) એજી કહે તમે સાંભળો ફિરસ્તા.
જીવડાના ખાતા કાઢોજી.

માલિક-શેઠ અને જીવાત્મા બંને આમાલ નામાનો હિસાબ કરવા બેઠા. અલ્લાહે ફરમાવ્યું-ફિરસ્તાને આ જીવાત્માનું – આમાલ નામું ખોલો. દુનિયામાં જઈ કેવા કર્મો કરી આવ્યો છે. તે તપાસો.

" તમે એવા કામ નહિ કરો કે આખરતમાં પસ્તાવું

પડે. ઘણાં માણસો દીનનાં કામમાં બેખબર છે. વિચાર નથી કરતાં. જમાતખાને નથી જતાં."

"જો તમે દીનનું કામ નહિ કરો અને મરી જશો ત્યારે ઘણાં પસ્તાશો, બધાં ઉપર મોત છે."

કલામે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)

(૧૮) એજી શેઠને વાણાતેર બેઉ નામું કરવા બેઠા, તિયાં જીવડો ઘણો ધ્રુજેજી.

માલિક-શેઠ અને વાણાતેર (જીવાત્મા) બંને આ માલ નામાનો હિસાબ કરવા બેઠા, ત્યારે જીવાત્મા ઘણો ધ્રુજવા લાગ્યો. કારણકે, તેણે દુનિયામાં જઈ સારા કર્મો કર્યાં નહોતા. ખુદાની ઈબાદત-બંદગી કરી નહોતી. જે રૂહાની વેપાર કરવાનો હતો. તે કર્યો નહોતો. ધર્મ પ્રત્યેની ફરજ અદા કરી નહોતી. જીવનને દ્રોહ આપ્યો હતો. ખોટનો અને ખોટો ધંધો કર્યો હતો.

(૧૯) એજી પાને પાને જીવના પાપ લખાણા, માંહે ધરમનું અખર ન સૂજેજી.

જિંદગીમાં કરેલાં કર્મોનાં-આમાલનાં એક પછી એક દિવસ તપાસવામાં આવે છે, તો તેણે ધર્મ તો કંઇ કમાવ્યો નહોતો. જીવનભર ગુનાહ કર્યા હતાં : ધર્મનાં કોઈ અક્ષરો

નજરે પડતા નહોતા. આમાલ નામાનાં પ્રત્યેક પાના ઉપર પાપ અંકિત થયેલાં હતાં.

(૨૦) એજી ભણે પીર સદરદ્દીન સામી,
અમે તમારું સરવે કુછ ખાધું,
મયા કરો તો જીવડો છુટેજી.

પીર સદરદ્દીન (રહે.) ફરમાવે છે કે, હે મારા મૌલા ! અમોએ (દરેક જીવોએ) તમારું બધું ખાધું છે. અમારું તો કંઈ જ નથી. (ખુદા દરેકને રોજી આપે છે અને માનવીઓ ખાય છે) તમો જે સર્વસ્વ છો. અમો ગુનેહગાર છીએ. આપ કૃપા કરો તો જ જીવનો છુટકારો થશે.

આસાજી....ફઝલ કરો તો જીવ છૂટે,
અદલે જીવ ન છૂટેજી,
પીર પયગમ્બર સર્વે જીવ તમારા,
તમે સાંભળો તેની ફરિયાદ.

આસાજી....મોમન સર્વો જીવ તમારા,
બહું છે ગુનેહગારજી,
મહેરકી નજર કરો મોરા સામી.
પહોંચાડો દેવ દુઆર.

આસાજી....મહેર કરો મોરા સામી.
મનમાંહે મયા કરોજી,
જીવ વળગ્યા તે તમારા જાણો,
દેજો તેને દીદાર.

આપણા પીરે મૌલાની ફઝલ–કૃપા દ્વારા પોતાના જીવનો છૂટકારો માંગ્યો છે. પોતાની બંદગી ઉપર શ્રધ્ધા નહિ; પણ મૌલાની કૃપા ઉપર. પોતે બંદગી ઈબાદત અને અપાર ખિદમત કરી છે, તેનો અહંકાર નથી. મૌલાની કૃપા ઉપર જ તરી શકાય છે.

પીરે મૌલા પાસે ફઝલથી છૂટકારો માંગ્યો નહિ કે અદલ.

હઝરત ઈસા (અ. સ.) ખૂબ ઈબાદતી જીવ હતાં, અને તે એવાં ઈબાદતી જીવ હતાં કે, ચંદ્રમાંની શિતળતા જેવી તેમની ઈબાદત હતી.

એક વખત ખુદાનાં દરબારમાં પહોંચ્યા. અને ખુદાએ ફરમાવ્યું કે, અય મારા પયગમ્બર ! બોલ તારો હું અદલ કરું ફઝલ ?

હ. ઈસા (અ સ.) ના મનમાં થયું કે, આપણે તો જીવનભર ખુદાની બંદગી કરી છે. સેવા કરી છે. તો પછી ખુદાની દયા ઉપર શું છુટવું ? ભલે ખુદા ઈન્સાફ કરે.

આથી હઝરત ઈસા (અ. સ.) મેં અરજ કરી કે, યા ખુદાવિંદ ! આપ ન્યાય કરશો તો ચાલશે.

આથી ખુદાએ ફરમાવ્યું કે, સાંભળ.

પીરના એક પાઠમાં આ આખો પ્રસંગ ટાંકવામાં આવ્યો છે.

ઈસા સરખા કોઈ નહિ ચંદા
એક સુઈ કારણ કયાં પડીયા ફંદા ?

ખુદાએ ફરમાવ્યું કે, એક બઝારમાંથી ખજુર લાવ્યો. તેમાં ભૂલથી સૂઈ આવી ગઈ. એ તું પાછી દેવા ન ગયો. તને થયું કે, વજનમાં આવી છે, તો શા માટે પાછી દેવા માટે જાઉં ? પણ બંનેના ભાવમાં ફરક હતો.

તો મારી નજરે આ એક ગુનોહ છે. અને તો પછી અદલ છે કે, એ તારા જીવને ભોગવવું પડશે. આથી હ· ઈસાને પોતાની ભૂલ સમજાણી કે ખરેખર ખુદાનાં અદલ ઉપર નહિ, પણ ફઝલ ઉપર છૂટી શકાય.

૨

જીરે રાજા સંતતણા મુખે મારા નહોવે

રચનાર સૈયદ કુતુબદ્દીન રહે.

ઘણાં ગીનાનો પછવાડે ઈતિહાસ છૂપાએલો હોય છે. આ ગીનાનની પછવાડે એક ઈતિહાસ રહેલો છે. સૈયદ કુતુબદ્દીન (રહે.) કમલરાજા જે ઉપદેશ આપ્યો તેનો ઈતિહાસ રહેલો છે.

કમલ રાજા ધાર્મિક વૃત્તિનો બાદશાહ હતો, સૂફી, સંતો, ઔલિયા અને દરવેશો પ્રત્યે અપાર ભકિતભાવના, મહોબ્બત અને શ્રદ્ધાની લાગણી ધરાવતો હતો. દરેક સૂફી જ્ઞાની પાસેથી સત્સંગ કરી, ઈલ્મ સંપાદન કરતો હતો.

શેખ ફરીદુદ્દીન અત્તારનાં પેલા પ્રખ્યાત વ્યાકયો પ્રમાણે "જો તું ખુદાને મળવા અને ઓળખવા ચાહતાં હોય તો તું ખુદાના જે દોસ્તો છે, તેને મળતો રહે." એટલા માટે સૂફી ઔલિયાની ખિદમત દ્વારા અલ્લાહની કૃપા અને રાજીપો મેળવવા ઝંખતો હતો તેથી હંમેશા તેના દરબારમાં જ્ઞાનીઓ–દરવેશો આવતા હતાં, અને ઈલ્મની મહેફીલ જામતી હતી.

બાદશાહ સૌની સુંદર રીતે મહેમાનગતિ કરતો હતો. સૌ. દરવેશોને સોનાના વાસણમાં જમાડતો, અને તેનો આદેશ હતો કે સૌ પોતે જમીને વાસણો પોતાની સાથે લઈ જવા, આ રીતે કમલ રાજા ઘણો દિલેર અને સખાવતી હતો.

એક દરવેશ આવ્યો, વાસ્તવિક રીતે તે દરવેશ નહોતો. દરવેશના લીબાસમાં કાફર–નાસ્તિક હતો, તેનાથી રાજાના દરબારમાં એવું કુકર્મ થઈ ગયું કે, કમલરાજાની દરવેશો પ્રત્યેની શ્રધ્ધાડગી ગઇ, ભકિતભાવનાના નીર ઓછરી ગયા. દરવેશો પ્રત્યેના પ્રેમમાં ઓટ આવી ગઈ. અને નફરતે દિલમાં સ્થાન લીધું. અને તે પછી જે જે દરવેશો દરબારમાં આવતાં તેને બહુ આકરી સજા કરતો હતો, બધાંને નકલી દરવેશો સમજી તેનું માથું કાપી લેતો હતો, કોઈ દરવેશોને જેલમાં પૂરી દેતો, કોઈને આકરી સજા કરતો આ રીતે કમલ રાજા પોતાના હાથે પોતાના પુણ્યને ગુમાવી રહ્યો હતો. અને ગુનાહમાં ફસાતો હતો.

સૈયદ કુતુબદ્દીન (રહે.) ને આ વાતની ખબર પડતાં તેના દરબારમાં જઈ ઉપદેશ આપી, આ બૂરા કામથી છોડાવવા ઇચ્છા થઈ. સૈયદ કુતુબદ્દીનને દુ:ખ થયું કે કમલરાજા ધર્મિષ્ઠ–ઈમાનદાર–શ્રદ્ધાળુ થઈ આ શું કરી રહ્યો છે ? પોતાના હાથથી જીંદગીમાં મેળવેલા દાન–પુણ્યને ગુમાવી આકબતને અંધકારમય બનાવી રહ્યો છે.

આથી સૈયદ કુતુબદ્દીને કમલ રાજાના દરબારમાં ગયા અને કમળ રાજાને ઉપદેશ આપવો શરૂ કર્યો.

જીરે રાજા સંત તણે મુખે માર ન હોવે
ને માર હોવે તો સંત કયસા?
ગુર બીના જ્ઞાન કયાસા કહીએ?
તો સહેજે ખાટકી જયસા રે,
ઘોરી ઓડ મ કંધ ભાર વહીને છૂટો
આગળ મારગ વસમું દીસે, જીરે રાજા દીસે;
બારે મેઘ વરસે, જો જલ ભરિયા;
સો અણ ગાળિયો નીર ન પીજે
ઘોરી (૭)

હે કમલ રાજા! તમે દરવેશો – સંતો અને જ્ઞાની પ્રત્યે શ્રદ્ધા રાખતાં હતાં, વળી તમે મોમિન છો, તમારો દાવો સંત તરીકેનો હતો, અને તમે આ શું કરી રહ્યાં છો?

હે રાજા! સાચા સંત પુરૂષના મુખથી માર હોતો નથી, કોઈને દુઃખ થાય, એવા અપશબ્દો નીકળતાં નથી. સાચા સંત—ભક્તજનનું મોઢું બાગ—બગીચા મીસાલ હોય છે. તેમાંથી પ્રેમનાં ફૂલ ઝરે છે. મોતી ઝરે છે. સાચી લાગણીની સુવાસ મહેંકે છે, સાચા સંત – ભક્તજન મોમિનનું દિલ કોઈને દુઃખ આપવા ચાહતું નથી. ત્યારે તમે ખુદાનો ડર ને ભૂલીને, કયામતમાં ખુદાને જવાબ

આપવાનો છે, આ બધું ભૂલી જઈને તમો શું આ કરી રહ્યો છો ? તેનો વિચાર કરો, તમે આખરતને ગુમાવી રહ્યાં છો. તમારા દિલમાં અંધકાર ફેલાઈ ગયો છે. સાચ્ચા સંત કે મોમિન કોઈને કરડવા ચાહતાં નથી.

" કુતરો જ્યારે કરડે છે ત્યારે તેનું મોઢું બંધ કરવામાં આવે છે, બીજા હેવાનનું મોઢું બંધ કરવામાં આવે છે તેમ, ઈન્સાનનું મોઢું પણ ફરમાનથી બંધ કરવામાં આવે તો બંધ થાય છે. હકીકતી ઈન્સાન તથા હેવાનનો ફરક એ છે કે, ઈન્સાનનું મોઢું નહિ બાંધો તો પણ તે કરડતો નથી. હકીકતીનું દિલ કોઈને કરડવાને ચાહતું નથી કારણ કે, તે કરડવાને ખુશી નથી પણ એવા આખી દુનિયામાં થોડાક મળી આવશે. તમારું મોઢું ખુલ્લું હોય તો પણ તમારે કરડવું નહિ. તમે કોઈને કરડવાના ખ્યાલ પણ રાખો નહિ."

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

મોમિન અને હેવાન, સંત અને અસંત વચ્ચે આટલો જ ફરક છે. કોઈને કરડવાને ચાહતો નથી. કોઈને દુઃખ આપવા ચાહતો નથી. તમારે અસંત હેવાન જેવો ઈન્સાન બીજાને કરડવા ચાહે છે. માટે જબાન કાબૂમાં રાખ.

જીભીયા ઈંદ્રી એકજ નાડ,
જો બાંધે સો ઉતરે પાર.

હે રાજા! મુરશિદ કામિલ સદ્‌ગુરુ દ્વારા દીન—ધર્મનું જ્ઞાન સંપાદન થાય છે, અને મુરશીદ કામિલની હિદાયત અને રહેનુમાઈ વગરનું જ્ઞાન એવું છે કે, જાણે તું કસાઈપણું કરી રહ્યો હોય. અર્થાત એ કંઈ ફાયદો કારક નથી, દિલને રોશન નથી. માટે સદ્‌ગુરુ શરણે ચાલ જઈએ.

ચલ સદ્‌ગુરુ કી હાટ જ્ઞાન બુધ લાઈયે,
કર સાહેબ સોં હેત પરમપદ પાઇએ.
સંત કબીરવાણી પાના–૨૬૬

(હે સખી!) ચાલ, સદ્‌ગુરુનાં શરણે જઈએ અને જ્ઞાન તથા બુદ્ધિ પ્રાપ્ત કરીએ. સાહેબથી પ્રેમ કરીને પરમપપદ પ્રાપ્ત કરીએ.

સતગુરુ સબ કુછ દીન્હ દેન કુછ નહિ રહ્યો,
હમહિં અભાગનિ નારિ છોરિ સુખદુઃખ લહ્યો.
કબીર વચનાવલિ–૨૬૬.

અરે! સદ્‌ગુરુએ તો બધું કંઈ દીધું છે. હવે દેવાનું કંઇ બાકી રહ્યું જ નથી. આપણે તો અભાગી નારી છીએ, કે સ્વામીએ સર્વસ્વ આપી દીધું છે, પણ તેમાંથી સુખને છોડીને આપણે દુઃખ જ વહોર્યું છે. આપણે પ્રિયતમના મહેલમાં તો ગયા પણ આ હૃદય અને અંગે અંગના, એમને પ્રસન્ન કરનારા શણગારે કર્યાં નહીં, પરંતુ આ

હૈયામાં તો ઊલટાં કપટ અને અભિમાન તેમજ લાજ શરમ વ્યાપી રહેલાં છે.

તેલની ઘાણીએ જોડાએલા બળદની મિસાલ આપી સૈયદ કુતુબદ્દીન ફરમાવે છે કે, માયાવી જીવ ! પોતાના ઘાણીના બળદની માફક સંસારમાં ફર્યા છે. આ બળદને કોઈ મંઝિલ હોતી નથી જ્યારે આંખ ઉપરના પાટા છોડવામાં આવે ત્યારે સાંજનાં ત્યાંને ત્યાં હોય છે, તેના માટે અંતિમ મંઝિલ હોતી નથી. માયાના પાટા અજ્ઞાનના પાટા માનવીના આંખ ઉપરથી જ્યારે છોડવામાં આવે છે, તે સંસારમાં ત્યાંને ત્યાં હોય છે. પોતાની અંતિમ રૂહાની મંઝિલ ખુદાનાં નુરમાં મળવાની હોય છે. મુક્તિની મંઝિલ પર નથી હોતો. સંસારમાં 'હું પણા' અને અજ્ઞાન અને માયાના કારણે જનમમરણમાં ફર્યા કરે છે.

હે કમલ રાજા ! તારી આંખ ઉપર અજ્ઞાનતાના પાટા આવી ગયા છે. અને તું દરવેશો પ્રત્યે નફરત દેખાડી તેમનો વધ કરી રહ્યો છે. આ રીતે વર્તીશ તો આગળ તારો પંથ વસમો દેખાશે. તું અંતિમ મંઝિલે પહોંચી શકીશ નહિ.

બાર મહીનાથી અથવા કેટલાય મહિનાથી જે જગ્યા ઉપર પાણી ભેગું થાય છે. તેને મળી ગાળ્યા વગર ઉપયોગમાં લઇ શકાતું નથી. કારણ કે તેમાંય ઘણાં બધાં સુક્ષ્મ જંતુઓ હોય છે, જેથી બીમારી શરીરમાં ફેલાય છે.

તારા જીવન જળમાં પાપ અહંકાર અને અજ્ઞાનનાં ઝેરી જંતુ આવી ગયા છે, જેથી સત્યાસત્યનો વિવેક તું ભૂલી પાપ વોરી રહ્યો છે. તારા શરીરમાં પાપના જંતુઓ આવી ગયાં છે. જેથી તારામાં રૂહાની બીમારી પેદા થઈ છે. માટે જ્ઞાનની ગરણીથી જીવન જળને ગાળ. અજ્ઞાનનાં જંતુઓ દૂર કર અને જીવનમાં સત્યતાનો પ્રકાશ કર. જેથી સત્ય શું છે તે તું સમજી શકે. અને ગુનાહ કરવાથી તું અટકી શકે.

જીરે રાજા એક રતન તમને અમુલખ લાધો,
તેને જતન કરીને રાખોજી,
વસ્ત જોઈને વેપારજ કીજે,
તો જણ જણ હાથ નદીજેરે...૨

હે કમલ રાજા ! માનવ જીવન રત્ન માફક અતિ કિંમતી છે. જીવનરૂપી અમુલખ વસ્તુ તને મળી છે.

ઉઠ જાગ મન મેરા,
તું કાયકું સોતા હય,
માનખા જનમ રતન હય,
સો કાયકું ખોત હય...
—સૈયદ ઇમામબેગમ

સતગુરુ કહેરે...માનખા અવતાર તું પામીઓ,
તે નહિ આવે વારંવાર,
પાત્ર પીછાણી બ્રહ્મ પુજીએ,
તો કુળ હોવે નિસ્તારરે...

સતગુરુ કહે રે...મનખા જનમ તું પામીઓ,
પણ કાંઇ ન જાણ્યો મુક્તિનો ભેદ.
એ માણેક મોટો શું થયો ?
જો અંતરમાં ન પડયા છેદરે...
કલામેપીર

મનુષ્ય જન્મ જે મુક્તિનું દ્વાર છે, આત્માને છોડાવવાનું અને ખુદાને મલવાનું સાધન છે. એટલા માટે એને રત્ન માફક કિંમતી ગણવામાં આવે છે. વળી દીન–ધર્મ જેના થકી જીવન સફળ, શાંતિમય બનાવી સુખરૂપ બનાવી, આત્માને છોડાવી ખુદાનાં નૂરમાં ધર્મ થકી મળી શકાય છે. એટલે ધર્મને પણ રત્ન માફક ઝવેરાત છે. અમૂલ્ય ઝવેરાત છે.

" તમારો દીન ઝવેરાત કરતાં પણ વધારે ઉત્તમ છે. હજારો હીરા ઝવેરાત હોય અને તે અમૂલ્ય કિંમતના હોય તો પણ તમારા દીનના એક વાળ બરાબર થઇ શકે નહિ. તમારો દીન આવો અમૂલ્ય છે.

તમને હીરા માણેક ઝવેરાત આપેલ છે. તેને તમે ઓળખતા નથી અને ફેંકી દીધો છે. તેમાં તમને ઘણું નુકશાન છે, માટે બરાબર સંભાળો અને તમારા પાસે ઝવેરાતની કોથળી છોડી તમને બતાવી છે, તેને તમે બરાબર સંભાળો. તમારો મઝહબ ઘણોજ ઊંચો છે."

કલામે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

હે કમલ રાજા ! મનુષ્ય જન્મ તથા ધર્મરૂપી અમૂલ્ય રત્ન–અમૂલ્ય ઝવેરાત તને મલ્યું છે. તેના દ્વારા જીવન મુક્તિ મલનાર છે, તેના થકી તું ખુદાઈ નૂરમાં અસલ મકાને પહોંચી શકાય છે. પણ જો તું તેનો દુરઉપયોગ કરીશ, એ ઝવેરાતને ઓળખીશ નહિ – ગુમાવી દઈશ – તો તે માનવજીવન રૂપી રત્ન–ધર્મરત્ન ગુમાવી દીધું ગણાય. માટે તું તેની કિંમત સમજીને જતન કર. સદ્ઉપયોગ કર.

પીર ફરમાવે છે કે,

હીરલો આવ્યો તારા હાથમાં,
જો જો વીરા જ્ઞાન વીચારીજી.

કલામે પીર

એક વેપારી જ્યારે વેપાર કરે છે, વસ્તુ ખરીદે છે, ત્યારે બરાબર વસ્તુ સારી જોઈને ખરીદે છે અને વેપાર બરાબર કરે છે. ખોટનો–નુકશાનીનો ધંધો કરતો નથી. નફો કરે છે, અને સમૃદ્ધિમાં વધારો કરે છે.

જ્યારે તું અત્યારે દરવેશોને દુઃખ આપીને કે જે ખુદાના દોસ્ત છે. તેને દુઃખ આપીને ખોટનો ધંધો કરી રહ્યો છે. જ્યારે તારે આધ્યાત્મિક અને આખરતનો વેપાર કરવાનો છે.

એજી દુર દેરથી આવ્યો વણઝારો,
શાહ મીલી સોદા કીજીએજી.

આપણે બધા ખુદાના ઘરેથી-અર્થાત ખુદાના નૂરમાંથી આવ્યા છીએ, પુનઃ આપણે ખુદાના નૂરમાં સમાવવાનું છે.

હવે આપણે એવા સોદા – સતકર્મો – ઈબાદત અને આપણાં રૂહનો છૂટકારો થાય એવો વેપાર મૌલા સાથે મળીને કરવાનો છે.

"દુનિયામાં બધાં માણસો વણજ વેપાર કરે છે, પણ આ સ્થળ (દુનિયા) પરદેશ છે; જ્યારે આકબત તરફ જશો ત્યારે જે કમાયો હશે તે તેની આગળ આવશે અને જે નુકશાન લઈ જશે તે ત્યાં શરમીંદો થશે. આ ફરમાન દિલમાં યાદ કરો અને હંમેશાં ભલાઈ કરતાં રહો."

કલામે હ. ઈ. સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

એજી માણેક લઈને વણજારો આયોજી,
માણેક તિસ ચુણી લીજીએજી. (કલામે પીર)

મૌલા રૂપી વણઝારા પાસેથી આપણે આપણી રૂહાની આબાદી થાય, રૂહનો છૂટકારો થાય, ખુદાનું અપૂર્વ મિલન થાય એવા સાચા મોતી લેવાનાં છે.

"જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીયે છીયે, પણ પરીક્ષા કરનાર મોમન હોય તેજ મોતીની કિંમત સમજી શકે છે.

કલામે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ અ. સ.

પણ આપણે આધ્યાત્મિક સાચા મોતી ખરીદવા ચાહતાં નથી. ફક્ત દુન્યવી સુખનાં ફટાકીયા મોતી જ માંગીએ છીએ.

" તમે સઘળાં અમારી પાસે દુનિયાની વાતો લઈ આવો છો. દીનની વાતો પૂછતાં નથી તે કેવી દિલગીરીની વાત છે."

કલામે. હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)

એજી માણેક છોડી ને કંચન વણજશે,
તાસે લાઓ ન લીજીએજી,

રૂહાની–માણેક છોડી જે દુન્યવી કંચન ખરીદે છે. તેવો ઇન્સાન આધ્યાત્મિક ફાયદાઓ મેળવી શકતો નથી. અર્થાત રૂહાની સુખથી વંચિત રહી જાય છે.

હે કમલ રાજા ! સાચો વેપાર–તું સાચા મુરશિદ કામિલ સાથે કર જેથી તારા આત્માનો છૂટકારો થાય.

જીરે રાજા કાચે કુંભે નીર ન રહેવે,
સુપાત્રે દેખી દાન દીજે,
ખીર ખાંડ ગીરથ અમરત ભોજન,
શાહ તણે મુખે દીજે રે...

હે કમલરાજા ! જો એ રીતે કાચા માટીના ઘડાથી તેમાં નીર રહેતું નથી. કાચી માટી કાંતો ઓગળી જાય છે, કાં તો ઘડો ફૂટી જાય છે.

તારું જ્ઞાન હજુ ઈલ્મ અને ઈશ્કની ભઠ્ઠીમાં પરિપકવ થયું નથી. તારા જ્ઞાનમાં કચાશ–કાચાપણું રહી જવાથી તું અત્યારે નિર્દોષ સંતોનેદરવેશોનું દુઃખ આપી ખુદાનો ખોફ વોરી લેવા તૈયાર થયો છે. જ્ઞાન કાચા માટીના ઘડા માફક પરિપકવ ન થયું હોય ત્યારે જ ગુનાહતાં કામો થાય છે. જેમ વસંત ઋતું આવતાં ઝાડ પરના પાન ખરી પડે છે, તેમ જ્ઞાનની વસંત જીવનમાં આવતાં ગુનાહના પાન ખરી પડે છે. અજ્ઞાનતાનાં પાંદડાઓ–ખરી પડે છે.

તારે જે દાનપુણ્ય કરવું હોય તે સુપાત્રે દાન પુણ્ય કર.

સાચા મુરશીદની ઓળખાણ કરી એવા સુપાત્રને

દાન સખાવત આપ. ભેટ નજરાણું આપ કુપાત્રને દાન-નજરાણું આપવાથી દીન અને દુનિયામાં ફાયદો થતો નથી.

માટે વહાલામાં વહાલી વસ્તુ અને સત કર્મોનું નજરાણું મીર મુરશિદ ને ઓળખીને નમતાથી ધરો.

જો ઘર હોવે વસ્તુ પિયારી,
સો નામ સાહેબજીકે દીજે,
—કલામે પીર

એજી હમરે પિયા પર સબહી વારીયા,
પિયા મુખ દીજે વસંત પિયારિયા,
મીરાં સૈયદખાન

જીરે રાજા કાયા છે કુંપો ને મનછે કસ્તુરી
તેને સતપંથનું ઢાંકણ દીજે,
કબહી કબહી અયસા વાએજ વાયશે
તો નામ શાહજીકો લીજેરે...૪

હે કમલ રાજા ! આ કાયા એક કૂપો-વાસણ મિસાલ છે અને મન કસ્તુરી છે. મન જ્યાં ભટકે નહિ, મનની સુવાસ મનની મધુરતા-મનની પવિત્રતા, મનની દિવ્યતા જતી રહે નહિ. દુનિયાની ગંદકીથી બચવા માટે, તે પર

સતપંથ-ધર્મનું ઢાંકણુ બરાબર બેસાડી દે. જેથી મનની મધુરતા ઉડી ન જાય, અને ગંદા વિચારો પણ તેમાં પ્રવેશે નહિ.

જો તારું મન-દુનિયા તરફ-દુનિયાનાં ગંદા વિચારો તરફ, પંજભુ તરફ દોરવે, અને તારામાં વસવસો પેદા કરે તો પછી તો તરત જ મૌલાનું સ્મરણુ કર. અને ખુદાનાં શરણે આવ.

કુર્આને શરીફમાં આવો જ આદેશ છે કે,

"અને જો તને શેતાન તરફનો વસવસો ઉશ્કેરી મૂકે તો અલ્લાહની પનાહ માંગ; બેશક તે મોટો સાંભળનાર (અને) જાણુનાર છે."

સુરે સઅરાફ આયાત : ૨૦૦

"બેશક જેઓ ડરીને ચાલે છે, તેમને જ્યારે શેતાન તરફનો કોઇ વિચાર સ્પર્શ કરે છે, ત્યારે તેઓ (અલ્લાહનો) ઝીકર-બંદગી કરવા લાગી જાય છે કે, તરત જ તેમનાં ચક્ષુઓ ઓચિંતા ઊઘડી જાય છે.

સુરે સઅરાફ આ. ૨૦૧

"અને (જેઓ જ્ઞાનથી ચાલતા નથી) તેમને તેમના (શેતાન) બંધુઓ ગૂમરાહીમાં વધારી મૂકે છે, અને પછી તેઓ (દુષ્કૃત્યો કરવામાં) કાંઈ મણા રાખતાં નથી."

સુરે અસરાફ આ. ૨૦૨

અને મન તારું ભટકે, ત્યારે, વસવસા વાયતે મૌલાને યાદ કર. જ્ઞાનથી તારી આંખો ઊઘડી જશે. તારાથી ગુનાહનાં કામ થશે નહિ.

જીરે રાજા દુનિયા હય દો દિનકા પેખણા
સો દુનિયા દેખી મત ભૂલો,
દુનિયાની સંગતે જે જીવ ભૂલ્યા,
તે ફરી ફરી દુનિયા માંહે ઝૂલ્યારે...ઘોરી (૫)

હે કમલ રાજા ! આ દુનિયાનો મેળો ફક્ત બે દિવસનો છે. બે દિવસની જાહોજલાલી છે, તેમાં તું ફસાઈને તારો જીવન ધર્મ ચૂકતો નહિ, મોહ–માયામાં ફસાઈને આખરતને ગૂમાવતો નહિ. તું તારા જીવને છોડાવવા અને ખુદાને મેળવવા આવ્યો છે. તે તું ભૂલતો નહિ. જે લોકો આ મોહમાયામાં ફસાણા, ને પોતાના આત્મજીવન ધ્યેયને ભૂલી ગયાં, અને અસલ હેતુથી દૂર થતાં, રૂહના માટે કંઈ ન કરતાં તો તું જન્મમરણનાં બંધનમાં ફસાણો તારા માટે લખચોરાશીનાં કારમી ફેરા રહ્યાં તો જીંદગીનો શું અર્થ ?

" તમે ઈન્સાન થયા ત્યારે તમને જન્મ તથા મરણ છે. ઈન્સાન જન્મ અને મરણની વચ્ચમાં ફર્યા કરે તેમાં શું ફાયદો થાય ? દુનિયામાં જન્મીને ખાધું, પીધું, પહેર્યું. અને બચ્ચા પેદા કર્યાં, દુનિયાના રસ્તામાં આવ્યા અને

ગયા આ કામ તો હેવાન પણ કરે છે, ત્યારે ઈન્સાનની ફઝિલત શું છે? તે સમજવું જોઈએ."

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અ. સ.

"દુનિયાના મોહમાં પડવાથી બચજે કેમકે એનું પરિણામ એ છે કે, તને દુઃખમાં નાંખશે અને નાશવંત જગતને બદલે સદા રહેનાર આખેરત વેચવા માટે ફરજ પાડશે."

હઝરત અલી (અ. સ.)

દુનિયા બેચ યે ફાની હએ, ઔર મુલ લે આકબત ઠામ,
દુનિયા તેરે સંગ ન રહેસી, ખૂબ આકબત મુકામ,
દુનિયા દીન ચાર હસે, ચેત તું છોડ જાયસી;
ઈસિ બેચ આકબત બસાએ લે, વસે તુજે કામ આયસી

કલામે મૌલા. ૧૩૯

"દુન્યવી વસ્તુઓની મોહજાળમાં ફસાઈ જવું અને અનંતને (આત્મા–આખરત અને અલ્લાહને) ભૂલી જવું એ આ દુનિયાનું વલણ છે. આ એક એવી બાબત છે જેનાથી, અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ વાકેફગાર રહે; (દુનિયાની મોહજાળમાં ફસાયેલો નરહે) તમારી દુઆ બંદગીમાં નિયમિત થવું (કેમકે દુનિયા બે દિવસની છે. બે દિવસનો મેળો છે) અને તમારા મઝહબી જુસ્સાનું પાલન કરવું અને તેમ કરવા માટે જેમ તમે હંમેશાં બજાવતા આવ્યા છો તે મુજબ ઓનરરી ખિદમતો બજાવવા

ઉપરાંત સઘળા રૂહાની બચ્ચાંઓ વચ્ચે પરસ્પરમાં વફાદારી, એકતા, મિત્રચારી અને ભાઈચારાનું પાલન કરવું."

મૌલાના હાઝર ઇમામ કરાંચી તા.–૧૫–૩–૭૮

આખું જગત મોહમાયામાં – દુનિયાની લાલચનાં પ્રવાહમાં તણાઈ રહ્યાં છે ડૂબી રહ્યાં છે. બધાં વલણમાં ગિરફતાર થઈ ગયાં છે. તેમાંથી મૌલા આપણને બચાવવા માંગે છે. અને તેથી આપણી રૂહાની ફરજનું ભાન કરાવે છે કે, દુઆ-બંદગીમાં નિયમિત બનો કેમકે તે અનંત છે. તે જ રૂહ સાથે આવે છે. તે જ સાચો માર્ગ છે. એ આખરત માટે તું ભાથું છે. તે જીવને લખચોરાસીમાંથી છોડાવે છે ધર્મનું પાલન કરવું. ધર્મનો જુસ્સો દિલમાં રાખવા માટે આપણને વાકેફગાર કર્યા છે. અને સમજાવ્યું છે કે, શું સત્ય છે?

સતગુરુ કહેરે...દુનિયા કાલે ફના હો જાયસે,
તમે મત છોડો શાહપીરસું રંગરે
જો શીર કાપી સંસાર લીએ,
ભાઈ તોય ન છોડો શાહસુ સંગરે.
હઝરત પીર શમ્સ રહે

જીરે રાજા પાઇ રે અમરાપુરી કાંએ રે ગમાવો,
કમલ ચિત્ત ઠોર રાખો,
ગિનાન કે ભીતર જો રસ પાયા,
શો હેતે કરીને ચાખોરે...ઘોરી –૬

હે કમલ રાજા! ખુદાની અનહદ કૃપા અને સતકર્મોનાં પ્રતાપે તેં પ્રાપ્ત કરેલા અમર મકાન અમરાપુરી બહેસ્તને ગુનાહનાં કાર્યો કરી શા માટે ગુમાવે છે? ગુનાહ એ શેતાની કૃત્યો છે. અને ગુનાહ તારો — તારા જીવનો દુશ્મન થશે.

એજી ગુનો તમારો દુશ્મન થાશે,
અવર રંગ લઇને ઉઠસેરે...જીરે...૩

(પીર સદરૂદ્દીન રહે.)

'તેઓ ઇચ્છશે કે જહન્નમમાંથી નીકળી જાય પરંતુ તેઓ અહીંથી કોઇ પણ રીતે નીકળવાના નથી અને તેમના માટે કાયમી સજા છે.'

સુદ : એલમાએદહ આ. ૩૭

જુઓ બીજી આયાત 'જહન્ન' માટેની.

'આ જ સ્થિતિમાં તેઓ કાયમ માટે રહેશે, જ્યાં સુધી ધરતી અને આકાશનું અસ્તિત્વ છે, સિવાય કે તારો રબ બીજુ કાંઈ ઇચ્છે.'

કુર્આને શરીફ. સુરે હદ આ ૧૦૭

અને આજ વસ્તુ જન્નતવાસીઓ માટે પણ કહેવામાં આવી છે કે,

"જન્નતમાં તેઓ કાયમ માટે રહેશે. જ્યાં સુધી ધરતી

આકાશ અસ્તિત્વમાં છે, સિવાય કે તારો રબ બીજું કાંઈ ઇચ્છે."

સુરે હૂદ આયાત ૧૦૭–૧૦૮.

હે કમલ રાજા! તું જો સારા કામ કરીશ, તો જન્નત મળશે, અત્યાર સુધી સારો કામો કરીને બહેસ્ત જન્નત મેળવ્યું છે. પરંતુ હવે તું નિર્દોષ દરવેશો–સંતોને દુઃખ આપીને જહન્નમ વેરવા તૈયાર થઈ ગયો છે.

જ્ઞાનની આરાધના દ્વારા – ઇલ્મના આચારણ દ્વારા જે અમીરસ (ધર્મ – પ્રેમ અને આત્મામાંથી મળતો દિવ્ય રસ – તે અમીરસ)ની પ્રાપ્ત થાય છે. તેનું તું – તે અમીરસની મધુરતા માણ. અમીરસ પી. આબેસફા – ઇબાદતમાં મળતો દિવ્ય આનંદને પણ અમીરસ કહેવામાં આવે છે. તે માણ અને તારા જીવનને સાર્થક કર. તારા જીવને મુરશિદ કામિલના આદેશ પ્રમાણે – ખુદાનાં શરણે લાવ. તેની હિદાયત જ્ઞાનને – અંતરમાં ઝીલ અને આત્મતત્ત્વ છે, તેને મહોબ્બતથી મેળવ.

જીરે રાજા કહે સૈયદ કુતુબદ્દીન સાંભળો કમલ રાજા,
ગુરજીકા કહ્યાં કીજે,
સોને રૂપેકા મીંદર ચુણાયા,
ઉપર છાજલીયા કેમ દીજેરે...ધોરી ૭

અંતમાં સૈયદ કુતુબદ્દીન (રહે.) ફરમાવે છે કે, હે કમલરાજા ! સાંભળ ! કામિલ પીર મુરશીદની જીવન વાણી, ઉપદેશ ઉપર અમલ કર.

સૂફી સંતો અને દરવેશોની ખિદમત અને મહેમાન-ગતિ દ્વારા અને તેઓની દુઆ થકી જે આખરતનું નૂરાની સુવર્ણમય મકાન તૈયાર કર્યું છે, તેના ઉપર તું ગુનાહ કરી, દરવેશો પ્રત્યે નફરત અને દુશ્માવટ રાખીને, તેઓની બદદુઆ લઈને એ સોનાના મંદિરનાં ઉપર છાજલીયું - છત નાંખી શા માટે અપવિત્ર કરી રહ્યો છે. તું જાણે સોનાની થાળીમાં લોઢાનો મેખ - હોય તેવું કાર્ય કરી રહ્યો છે. માટે તું જાગ. સૈયદ કુતુબદ્દીન (રહે.)ની પ્રેરક અને પ્રેરણાદાયી વાણી હિદાયતનાં પ્રભાવથી કમલ રાજાનું હૈયું ભીંજાણું, પોતાની ભૂલ સમજાણી અને પોતાના ભૂલનો એકરાર કરી, તૌબા કરી પોતાના જીવનને સુધારી લીધું.

સૈયદ કુતુબદ્દીન (રહે.)નો તેણે ખૂબ આભાર માન્યો. અને ખિદમત કરી, દુઆ આશિષ મેળવ્યા.

જ્ઞાની ગુરૂનો તો મહીમા તો અપાર છે. ઉપદેશ આપી સત્ય માર્ગે લઇ જઈ મુરીદનો - શિષ્યનો ઉદ્ધાર કરે છે. કમલ રાજાનો ઉદ્ધાર કર્યો.

બલિહારી ગુરૂ આપને ઘડિ ઘડિ સૌ સૌ બાર;
માનુષ સે દેવતા કિયા કરત ન લાગી વાર.

અહો – પીર મુરશીદ – સદ્‌ગુરુ – ગુરૂદેવ ! બલિહારી છે તમારી ! અને સેંકડો વાર ટીપી ટીપીને તમે મનુષ્યમાંથી દેવ બનાવ્યો છે. પણ તેમ કરતાં તમને વાર નથી લાગતી.

આવા સદ્‌ગુરૂ ઉપર સર્વસ્વ અર્પણ કરીએ તો કંઇ નથી કર્યું. એમ કહેવાય આવા ગુરૂ ઉપર ઓળઘોળ થાઉં છું.

એજી તન, મન, ધન ગુરૂને અર્પણ કીજે;
તો ગીનાને ગીનાને ગીનાન...અબ તો...રહેમ કરેગેં.

સૈયદ ઈમામ બેગમ.

૩

હોજી રે મારા હંસા કરણી કમાવો તો

રચનાર પીર સદરદ્દીન (રહે.)

હોજી રે મારા હંસા કરણી કમાવો તો
રબજીસું રાચો.
તો તીરથી ત્રીવેણી આપ ચલણાજી,

જેમ હંસ પક્ષી–મોતીનો ચારો ચરે છે. મોતી વીણી લે છે. તેમ ખરો મુમુક્ષ જીવાત્મા – આત્મમુક્તિની જીજ્ઞાસા વાળા જીવને 'મુમુક્ષ' કહેવામાં આવે છે, રૂહાની માર્ગ જવા ચાહતો હોય, પોતાના રૂહને ખુદાઈ નૂરના ભોજન કરાવવા માટે રૂહાની ઇલ્મ અને ઈબાદતના મોતીઓનો ચારો કરે છે.

સતગુરૂ કહેરે...બગ હંસ દોનું પહેંતરા,
દીસે એક જ વરણ,
પણ બગલો ચરે મનમાન્યું,
અને હંસ મોતી ચરતરે

બગલો પોતે પોતાના મનમાન્યું જમે છે. તેમ

અજ્ઞાની જીવ, પોતાના મનને વશ થઈ, દુનિયાની મોહ-માયામાં ફસાઈને, હરામનો ખોરાક, વાસનાનો ખોરાક ખાઈ લીએ છે. મનો વિકારને તાબે થઈ ન કરવાના કામો કરે છે.

હંસા બક એકરંગ લખિ ચરૈ એકહી તાલ,
છીર નીર તે જાનીએ બક ઉઘરૈ તેહિ કાલ.
(કબીર વચનાવલિ ૭૨૨)

હંસ (રૂહાની ખ્યાલવાળા) અને બગલો (દુન્યવી ખ્યાલવાળા) રંગે એક જ સરખા દેખાય છે. એક જ સંસાર રૂપી સરોવરમાં વિહાર કરતાં હોય છે. પણ તેમનો તફાવત દૂધ પાણીનો વિવેક કરવામાં જ જણાઇ આવે છે તેવે વખતે બગલો (દંભી–અધમી) ઉઘાડો પડી જાય છે.

હંસમાં એવી અદ્‌ભૂત શકિત હોય છે કે, દૂધ પાણી સાથે હોય, ભળેલું હોય તે પોતાની ચાંચની મદદથી દૂધ ગ્રહણ કરી લે છે. અને પાણીને છોડી દીએ છે. તેમ ખરા જ્ઞાની જીવ (સાચા હંસલા) સાચા જીવાત્મા રૂહાની ઈલ્મના અજવાળે વિવેક અને પ્રજ્ઞાના સહારાથી દુન્યવી રૂપી, અજ્ઞાનરૂપી અને અહંકારરૂપી પાણીનો ત્યાગ કરી, જે કંઈ સત્ય હોય, સારરૂપ હોય, ખુદાઈ નુરરૂપી દૂધ ગ્રહણ કરે છે. આ જીવાત્મા માટે 'હંસા'ના નામથી પીરે સંબોધન

કર્યું છે. 'હંસા' બહુ વચનમાં અહીં પીરે ઉપયોગ કર્યો છે. આપણુ બધાને 'પીરે' હંસાનું સંબોધન કર્યું છે.

માન સરોવર સુગમ જળ હંસી કેલી કરાય,
મુકતા હલ મોતી ચુગે અબ ઉડિઅંત ન જાય
(કબીરવાણી)

જ્યારે માન સરોવર (નૂરનું સરોવર) સુગમ થઈ જાય છે, ત્યારે આત્મારૂપી હંસી નૂરરૂપી હંસ સાથે મિલન કરે છે. એ મોતી જ ચણે છે. વિવેકના અજવાળે જે કોઈ શ્રેષ્ઠ છે, તેને જ ગ્રહણ કરે છે. એ હવે ઉડીને અન્યત્ર જતી નથી.

જીરે વીરા હંસા તે માન સરોવર રે પાશા
એલા બગલા તે કીચડ ખાય,
જનમ ગમાવ્યો એણે બગલડે,
યાશા તે બગલા હંસ ન થાએ.
(કલામે પીર)

આપણાં જીવાત્માને માનસરોવર તથા નૂરના મોતીનો ચારો મળે છે. ત્યાંની આશા છે રૂહ નૂરને ઝંખે છે રૂહ-ઝંખે કે, મને મોતીનો ચારો મળે, જેઓના રૂહાની ખ્યાલો જે, જેને પોતાની રૂહની ફીકર છે, અને રૂહને નૂરમાં મળવા

ઝંખે છે એવા જીવો સાચા હંસ છે. અને આવા જીવો માનસરોવર ઈબાદત ગાહમાં આવીને નૂરનાં મોતીઓનો ચારો ચરે છે. અથવા લામકાં ભમર ગુફા જ્યાં નૂરનુ દીદાર થાય છે, ત્યાં પહોંચીને ઇબાદતી જીવ નૂરના મોતીઓનો ચારો ચરે છે અર્થાત દીદાર પામે છે.

જેને પોતાના જીવની ફીકર નથી, અને તેના માટે ઝીકર કરતાં હતાં, અને દુનિયાની મોહ–માયામાં ફસાયેલાં રહે છે. અને ગુન્હાના કીચડ ખાય છે. કારણ કે તે જીવ બગલા જેવા છે. ગુન્હાના કીચડમાં ડૂબેલા રહેલા છે. આવા જીવો–ખુદાનાં દિલને કેમ ભાવે? કીચડ–ચીકણમાં આળો-ટેલાં જીવ ખુદાની દિવ્યતા કેમ પામે? ખુદામાં કેમ લય થઈ શકે?

હવે આ ચીકલ–અથવા કીચડ શું છે? તે ફરમાન દ્વારા ચિંતન કરીએ.

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.) એ ફરમાવ્યું છે કે,

“ જે ઈન્સાનનો પહેરવેશ ખરાબ અને મેલો હોય તેના લીબાસ ઉપર રસ્તામાં થોડી માટી તથા ચીકલ પડે તો તેને અફસોસ નહિ થાય, તેના કપડા પહેલાંથી જ મેલા હતા. તેના ઉપર થોડો વધુ ડાઘા થવાથી તેને અફ-

સોસ થશે નહિ પણ જે ઈન્સાનના લુગડા ધોબી ધોએલા સ્વચ્છ હશે તેને રસ્તે જતાં ગાડીનો થોડો ચીકલ લુગડા ઉપર લાગી જાય તો તેને કચવાણુ લાગશે, કારણુ કે તેનો લીબાસ હંમેશા સાફ રહે છે. તે કહેશે કે જલદી ઘરે જાઉં અને આ લીબાશ બદલી નાંખુ જેથી મારા દોસ્તો મારી મશ્કરી ન કરે તે ઘેર જઈ બીજા લુગડા પહેરી લેશે.

આની માયના સમજો છો ? ચીકલ છે તે ગુન્હા છે. એ ચીકલ આછે કે: (૧) પરાયો માલ ખાઈ જવો, (૨) પરાઈ ઔરત પર બદ નજર કરવી; (૩) મરદોનો ખ્યાલ પારકી સ્ત્રી ઉપર હોય. (૪) ફલાણાના સો રૂપિયા મારા રૂપિયા સાથે છે તે ખાઈ જાઉં. આ સઘળાં ગુન્હા ચીકલ છે. મોમીન ઇન્સાન લેબાસ સારો પહેરે છે. તે થોડા ગુન્હા કરે તો નજરમાં તે ગુન્હા મોટા જણાય છે. તે જલ્દી બીજો પહેરવેશ પહેરી લેશે.

દોસ્ત માશુકને મળવાની ઉમેદ રાખતો હોય અને તેનો લીબાસ ખરાબ હોય તો માશુક તેને કબુલ નહીં કરે, કહેશે કે, જાઓ, જાઓ.

તે માશુક કોણુ છે ? તે માશુક ખુદા વદંતઆલા છે. ખરાબ લીબાસ તે ગુન્હા છે, રાત દિવસમાં ચીકલમાં લેટે તે ગુલામ છે. તે કદી આઝાદીની તલબ રાખતો નથી. આ જે સઘળા ફરમાન થાય છે તે તમે સમજો.

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ. (અ. સ)

જેનો ખોરાક કીચડ હોય. અને કીચડમાં લેટતો હોય તેના રૂહનું શું થશે? આવાં જીવ માટે પીરે બગલો કીધો છે. આવો જીવાત્મા રાતદિવસમાં ગુનાહમાં રહે છે તેના માટે તેને કંઇ દુઃખ નથી. તે માશુક–ખુદાને મળવા અને ભેટવા ચાહતો નથી. તેને પોતાના જીવની ફીકર નથી. જીવનની સાર્થકતા પામવી નથી. આને જનમ મરણનાં બંધનમાંથી છુટવું નથી.

આવા બગલા જેવા જીવે, પોતાનો મનુષ્ય જન્મ ગુમાવ્યો છે.

"તમે ઇન્સાનના રૂપમાં છો, ખુદાવંદતઆલાએ તમારા ઉપર ઘણી જ મહેરબાની કરી છે કે, તમને મોહબ્બતથી સતપંથ દીનમાં જન્મ આપ્યો છે પણ હેફ છે કે, ઢોરની મિસાલ જન્મ ચાલ્યો જાય છે અને ઇન્સાન પાછો ખાકમાં દાખલ થઇ જાય છે."

કલામે હ.ઇ. સુલતાન મુહમ્મદશાહ (ચ.સ.)

આવો જીવ – બગલા જેવો જીવ હંસ કયારે થશે? પીર ફરમાવે છે કે, જેનો ખોરાક કીચડ – ગુનાહનો જ છે તે કેમ હંસ થાય? તે કેમ હકીકતી જીવ બને? અને હકીકતને પામે. અને હકીકતમાં સમાવે?

લીબાસ ગંદો પહેર્યો છે, તેના ઉપર ચીકલ છે.

ગુન્હાથી ખરડાયેલું જીવન છે. પછી ખુદા કેમ ભેટે? ખુદાના દીદાર કેમ થાય? હકીકી ખુશાલી કેમ પેદા થાય? દિવ્ય પ્રેમની મધુરતા પેદા કેવી રીતે થાય? લીબાસ કીચડથી ભરેલો છે, ખોરાક પણ તેઓ છે. તેનું આપણને દુઃખ નથી થતું.

દોસ્ત માશુક – ને ખુદાવિંદ આલમીન છે, જેને મળવા, ભેટવા અને દીદારથી પાવન થવા, જીવનને સફળ કરવા માટે બગલામાંથી હંસ બનવા માટે, ખાકમાંથી પાક થવા માટે, જીવ માથી શિવ થવા માટે, આત્મામાંથી પરમાત્મા – પરમઆત્મા બનવા માટે, ગુન્હાનો – ચીકલનાં વસ્ત્રો ઊતારો – પાયશ્ચિત કરી શુધ્ધ બનો. અને કીચડનો ખોરાક ખાઈ એ છીએ તે છોડી આપો.

આપણે હંસ બની શકીએ છીએ, અને બગલા પણ બની શકીએ છીએ. આ બધું આપણા હાથમાં છે.

> સતગુરૂ કહેરે નુગરા સુગરા બે પટ્ટંતરા,
> સરવે સુરત એક સમાન,
> નુગરા ચાહે દામકું,
> અને સુગરા સાહેબસું નામ રે....

નુગરા (ગુરૂ વિનાના – ગુરૂ ગમ વિનાના – સત ગુરૂની છાયા વગરનાં – સંસારી જીવો) તથા સુગરા

(સત્ ગુરૂવાળા – સતગુરૂની રહેમતની છાયા વાળા, સાચા મોમિન) બંને દેખાવમાં સરખા દેખાય છે.

નુગરા – (બગલા જેમા દંભી – અધર્મી રૂહની ફિકર વગરના) જીવ – સંસારને ચાહે છે. સંસારની મહોબ્બત– દુનિયાની મોહબ્બત ભરી છે. ખુદાને ચાહતાં નથી. આખરતની ચિંતા નથી. જ્યારે સુગરા (હંસ જેવા) રૂહની ફીકર અને ઝીકરવાળા, ફિરસ્તાઈ પ્રકૃતિના, જીવો સાહેબને ચાહે છે. તેના દિલમાં ઈશ્કે હકીકી ભર્યો હોય છે. આખરતની ચિતા છે, અને આખરતને મેળવવા માટે પ્રયત્નો કરે છે. દુનિયાની તમામ ચીજો કરતાં તેના દિલમાં મૌલાની મહોબ્બત ભરી હોય છે.

અહીં ' હંસ ' માટે આટલું બધું છે વિવરણ કરવાનું કારણ કે, પીરે આપણને ' હંસા ' તરીકે સંબોધન કર્યા છે ત્યારે આપણને સાચા ' હંસ ' બનવા માટે પ્રયત્નો – નેક અમલ કરવાના છે.

હોજીરે મારા હંસા કરણી કમાવો તો
રબજીસુ રાચો,
તો તીરથ ત્રીવેણી આપ ચલણા હોજી.

હે મારા જીવાત્માઓ ! હંસવૃત્તિ ધરાવનારા મારા જીવો ! જો તમે નેક અમલ કરશો તો તમે ખુદાવિંદ આલ-

મીનને પામશો. ખુદા સાથે આનંદ મગ્ન રહી શકશો. અને ખરું નેકકાર્ય ઈબાદત છે. અહીં ઈબાદત તરફ પીરનો ઈશારો છે.

બધાં સત્ કર્મો – ઈબાદતમાં મદદરૂપ થવા માટે છે, એટલા માટે ખરું સત્ કર્મ ઈબાદત છે.

"ખુદાવિંદ આલમીનની નજદીક તે બંદા વધુ અઝીઝ (દોસ્ત–પ્યારા) છે કે જેઓ ખુદાવિંદતલાનો ઝિક્ર કરી તેને ઘણાં જ યાદ કરે છે."

હદીસ શરીફમાંથી

"તમે જ્યારે ખુદાની બંદગી કરો છો, ત્યારે તે બંદગી વખતે ખુદા સાથે વાતો કરો છો."

ઈબાદત તથા સારા આમાલ કરો. ખોટુ ન બોલવું, દિલ સાફ જોઈએ. ઈમાનની સલામતી સાથે ઈબાદત કરશો ત્યારે સારા મકાને પહોંચશો."

કલામે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)

તીરથ ત્રીવેણી આપ ચલણા. જ્યાં શાહ. પીર અને મોમિનોનો–જમાતોનો દિવ્ય સંગમ થાય છે, મિલન થાય છે, ત્યાં આવો, ઈબાદત ગાહ–જમાત ખાને આવો અને ખુદાની ઈબાદત બંદગી–દુઆમાં મશગુલ થાઓ.

બાતુની અર્થ જોઇએ તો આપણા દેહમાંજ દેહ વિષે ઈંગલાં પીગલાં અને સુષુમણા એ ત્રણ નદીઓના સંગમરૂપી ત્રીવેણી–આવેલા તીરથ–ભ્રમર ગુફા જ્યાં નૂરનાં દીદાર લાધે છે. તરફ ચાલો.

હોજીરે મારા હંસા બુધની બંધુક સુરતીનો દારૂ તો જ્ઞાન ગોળી બીજા ભરતાજી (૨)

રૂહાનીયતની મંઝિલ સર કરવા માટે, નૂરનું રાજ્ય પામવા માટે, તો આંતરીક યુધ્ધતો તો કરવું જ પડશે. તેના માટે, વચમાં આવતાં શેતાની તત્વો, દુન્યવી વિચારોનો નાશ કરવા માટે, અહંમરૂપીશ ત્રુને હરાવવા માટે અને નૂરની મંઝિલ સર કરવા માટે, રૂહાની ઇલ્મનાં પાણીથી પવિત્ર થએલી બુદ્ધિ રૂપી બંધુક અને સુરતીરૂપી દારૂનાં મદદથી અને જ્ઞાનની ગોળી ભરીને પોતાની મંઝિલ તરફ આગળ વધવાનું છે. ઈબાદતનાં માર્ગના શત્રુનો નાશ કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપવાનું છે.

સુરત ઉડાની ગગનકો ચરન વિલંબી જાય,
સુખ પાયા સાહેબ મિલા આનંદ ઉર ન સમાય.

કબીરવાણી

હવે આ સુરતી–(આતમરૂપી હંસલી) ગગન મંડળમાં ઉડી ગઈ છે. ચાલનારા પગ થંભી ગયા. ત્યાં સામીનું–

સાહેબનું મિલન થયું તેથી હંસલી સુખ પામી. પરિણામે તેના હૈયામાં હરખ માતો નથી.

હોજી રે મારા હંસા પ્રેમનો પલીતો દિલસું દાઝી જે, તો શબ્દ ભડાકેસુ લડનાજી.

હે મારા જીવાત્મા ! જેવી રીતે દારૂ ભરીને ફોડવામાં આવતી બંધુકમાં પલીતો લાંબો રજ સળીયો દાબીને મુકવામાં આવે છે. તો – એક રૂહાની મંઝિલ ઉપર પહોંચવા માટે, સત્‌બુદ્ધિ – અથવા નિર્મળ બુદ્ધિની બંધુક સાથે પ્રેમનો પલીતો હોવું જરૂરી છે. કેમકે પલીતાનાં મદદથી બંધુકમાં દારૂ ભરવામાં આવે છે. પછી બંધુકમાંથી ધડાકો થાય છે એવી રીતે નિર્મળ બુધ્ધિ બંધુકમાં પ્રેમનાં પલિતા વડે તેમાં સુરતી–ધ્યાન આપવા જીવાત્મા–નો દારૂ ભરવાનો–અને પછી – શબ્દ – સત – શબ્દ ઇસ્મે આઝમનો– બંદગીનો ભડાકો કરવાનો–અને ભડાકો કરી – આંતરિક યુદ્ધ લડવાનું છે. આંતરિક શત્રુઓનો નાશ કરવાનો છે.

જેહાદ કરના કાફરોથી, એ કલામ મેં હુકમ હએ રબકા,
તો બડા કાફર હએ નફસઅમ્મારા, સહી બુજોબંદેસ બકા.
તો જીસ બંદેને નફસકું મારા ઉનેફતેહ પાઇ દોનું જહાન,
જો કોઈ તાબે મનને રહ્યાં, તો દોનું જહાનમેં હુઆ પરેશાન

—કલામે મૌલા.

આપણું દુષ્ટ મન, આપણા મનોવિકાર સાથે આંતરિક યુધ્ધ કરવાનું છે. પ્રેમનાં પરિબળની – પ્રેમનાં સહારાથી બંદગી ઝીકર કરી ભડાકા કરવાના છે. જેથી–આપણાં બધાં મનો-વિકાર બળીને ભસ્મિભૂત થઈ જાય.

એક ફિલસૂફ કહે છે કે,

" જેઓ પોતાના પ્રભુ–(સામી) હોય છે. તેમના જ માટે પ્રભુ પોતાના અમૃતનાં દ્વાર ખોલે છે.

ખુદાને જાણવા માટે તો (પોતાને જીતો પોતાની વૃત્તિને જીતો) જેઓ પોતાનાથી પરાજય છે, તેમના માટે પ્રભુના રાજ્યનો વિજય નથી."

મહાન ફિલસૂફ અફલાતુને કહ્યું છે કે, "સૌથી મહાન વિજય તો પોતાના પરનો છે (પોતાની વૃત્તિ પરનો છે) અને સૌથી શરમજનક વાત એ છે કે, પોતાથી (પોતાની વૃત્તિથી) પરાજય થઈ જવું."

" THE Most Glorious Jehad. Holy War is that which a man wages Agaist his own vile Instincts.

(Hadith)

પોતાના મનોવિકારનો નાશ કરવો એનું નામ જ ધર્મ. એજ ખરું ધર્મયુધ્ધ.

"મનોવિકારને એવી રીતે કાબુમાં રાખો કે હંમેશા તેની સાથે લડાઈ અને વિરૂદ્ધતા રાખો."

(હઝરત અલી અ. સ.)

"મનોવિકાર ઉપર વિજય મેળવો એનાથી લડો જો એની પેરવી કરશો તો નાશના ખાડામાં ધકેલી દેશે."

હઝરત અલી (અ. સ.)

હોજી રે વીરા મન તો મહા બળવંત છે,
અને જોધ જોરાવર જાણ,
મન જીતે સરવે જીતશો,
ભાઈ મનની હાણે હાણ,

ગીનાન ને શરીફ

કબિરા મન પરબતા હતા અબ મૈં પાયા કાનિ,
ટાંકી લાગી શબ્દકી નિકસી કંચન ખાનિ.

સંત કબીર

સંત કબીર કહે છે કે, મન પહાડ જેવું જીતી ન શકાય એવું અજેય હતું. જાણ હવે તેમને (એને જીતવાની) સમજણ પડી છે. શબ્દ સત-શબ્દ ઈસ્મે આઝમ અથવા ખુદાનાં નામનાં શબ્દ રૂપી ટાંકણું લાગ્યા કરવાથી એમાંથી શુદ્ધ સુર્વણની ખાણ (આત્મ સ્વરૂપની અનુભુતિ–નૂરરૂપી સોનાની ખાણ નીકળી છે.)

મનનાં વિકારોને જીતવા માટે ઝિકર સ્મરણ દ્વારા– સહારાથી આંતરિક શત્રુને જીતવાના છે.

હોજી રે મારા હંસા ઢાલ ધણીની ધીરપસું બાંધીજે તો સતકી તલવાર સું લડનાજી

જેવી રીતે એક યુદ્ધમાં સફળતા પામવા માટે, તલવારને ઢાલની જરૂર પડે છે. તેની રીતે આંતરિક યુદ્ધમાં – જે શેતાની તત્વો પશુવૃત્તિ ભરી છે. જે બુરાઈ અને અહંકાર વૃત્તિ આપણામાં ભરી છે. તે મહાશત્રુ–ખરા દૂરીજનો, ને મારીને હટાવવા માટે પીર ફરમાવે છે કે, મૌલા રૂપી (નામનાં સ્મરણની) ઢાલ–ધર્મપૂર્વક–સતની તલવારથી –સત્યનાં સહારાથી સત્યનાં આચરણ દ્વારા આ મહાયુદ્ધ–ને જીતવાનુ છે. જો આ આંતરિક યુદ્ધમાં જો મન મરી જશે, મન શરણે આવી જશે. તો પછી તેના માટે ખુદાના હૃદયમાં સ્થાન મળશે.

એજી મનને મારો તો ગુર કહે મને મળો, રાખું મારા તનડામાં ટાંકીજી.

આંતરીક યુદ્ધમાં જો મનને મારશો, જીતશો, પરાજય આપશો તો પીર ફરમાવે છે કે, તમને મૌલા મળશે એટલું જ નહિ મૌલા–હૈયામાં, તનમાં પ્રેમ પૂર્વક ટાંકીને રાખશે. હૈયામાં પ્રેમભર્યું સ્થાન આપશે. માટે સાચુ

યુદ્ધ–તે આપણા મનના વિકારો સામે છે. તે જીતે–ખુદાને પામી શકે.

અબુરૂબી એક મહાન રાજવી હતો. ખૂનખાર યુદ્ધો લડયો હતો અને એક રાજવી તરીકે તેની ખ્યાતિ સર્વત્ર પ્રસરી હતી.

જીવનનાં છેલ્લા દિવસોમાં ખખડધજ શરીર માંદગીમાં પટકાઈ પડયું. હાકીમો તેની સારવાર કરતાં હતાં. હમેશા દવાદારૂં કરવા માટે હાકીમ-વૈદ્ય આવતાં હતાં.

એક દિવસે અબુરૂબી કહે: 'મેં મારા જીવનમાં જે મોટા મોટા યુદ્ધો લડયાં છે તે યાદ આવે છે અને હું કંપુ છું.

હકીમ–વૈદ્ય હતો, ઉપરાંત પરમ જ્ઞાની હતો, તે તે ખુદાને મળવા, ભેટવા અને સમાવવા માગતો હતો.

તેણે પ્રત્યુત્તર આપ્યો: 'રાજન હું પણ મહાન યુદ્ધ લડી રહ્યો છું અને તે સાચું યુદ્ધ છે.

અબુરૂબી પથારીમાંથી બેઠા થઇ ગયા અને સહસા બોલી ઊઠયા: 'કોની સાથે લશ્કર કયાં છે?

હકીમો-વૈદ્ય બોલ્યા: 'રાજન! લશ્કર પણ છે. દુશ્મન પણ છે.

"કોણ છે? ક્યાં છે? મને ક્યાંય દેખાતું નથી."

હકીમ કહે : રાજન ! મારા દુશ્મનો આંતરિક છે. તે બહુ બળવાન છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મનનાં વિકારો, મલિન વૃત્તિઓ, અસદ્ ભાવનાઓ, અસત્ય અને અધર્મ એ બધાં મારા દુશ્મનો છે. તે બહુ બળવાન લશ્કર છે. જેમ જેમ જીવન દોરી લંબાય છે, તેમતેમ મારે મહા યુદ્ધ ખેલવું પડે છે. ખુદાના મિલન માટે એ મોટામાં મોટા શત્રુઓ છે, અને મહા આડખીલી રૂપ છે. તેની મને ગંભીર પ્રતીતિ થઇ છે. એ યુદ્ધ ! શું વર્ણન કરું ?

અબુરૂબી કહે : હકીમ ! અને હવે સમજાય છે કે, યુદ્ધો તો અનેક લડયાં છે, પણ ખરું યુદ્ધ લડવાની મેં જરાય હિંમત કરી નથી.

દિવસે દિવસે અબરૂબીની તબીયત બગડતી જતી હતી, એ મૃત્યુની છેલ્લી ક્ષણો પહેલાં એ બોલ્યો : 'હકીમ ! હું યોદ્ધો ખરો, પણ સાચો યોદ્ધો નથી. અને એક પણ સાચી લડાઈ લડયો નથી, હું કેટલો બધો ક્ષુલ્લક છું. હું હું મારી મનોવૃત્તિઓ પાસે એક નિર્બળ હિંમત વગરનો યોદ્ધો છું. હવે જ્યારે આવી લડાઇ કરવાનું મન થયું ત્યારે આ શરીર યારી આવતું નથી. અને રાજનની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા, અહો કેટલી બધી જીવનમાં ભુલ

કરી બેઠો. ખુદાને શું મોઢું બતાવીશ, મારા મનોવિકાર સામે હું હમેશાં પરાજય પામ્યો છું.

"બેશક જે માણસ પોતાના મન સાથે લડે પોતાના ક્રોધ ઉપર જય મેળવે અને ખુદાની ઈબાદતનો પાળક થાય તેને ખુદા ઉપવાસી જેટલું ને રાત્રે જાગરણ કરનાર જેટલું પુણ્ય આપે છે."

(હઝરત અલી અ.સ.)

હઝરત પીર શાહબુદ્દીન શાહ (અ.સ.) મેં 'હકીકતે દીન'માં ફરમાવે છે કે,

પોતાના નફસ મનોવિકાર સાથેની લડાઈ.

મહાન અને મૌલાના મૌલા (હ.) મૌલા મુર્તઝાઅલી (અ. સ.) જેમના ઉપર મહાન બાદશાહ ખુદાવંદતઆલાના આશીર્વાદ ઊતરે તેમણે ફરમાવ્યું છે કે :–

"એક વખત હ. રસુલ (સ.વ.) સાહેબે પોતાના સાથીઓમાંના કેટલાકને જંગ માટે મોકલ્યા, અને જ્યારે તેઓ ફતેહ કરીને પાછા ફર્યા અને તેમની હજુરમાં પેશ થયા ત્યારે હ. રસુલ (સ લ.) સાહેબે તેમને 'જહાદે અસગર' યાને નાની ધાર્મિક લડાઈ ફતેહ કરવા માટે મુબારકી આપી અને ફરમાવ્યું કે, "તમારે હજી જહાદે અકબર યાને મોટી ધાર્મિક લડાઈ ફતેહ કરવાની બાકી છે." એ ઉપરથી

તેઓએ અરજ ગુજારી કે, "એ મોટી જહાદ કઈ છે ? ત્યારે જવાબમાં તે નામદારે ફરમાવ્યું કે, "ઘણી જ જબ્બરજંગ લડાઈની ફતેહ એ છે કે, જે એક માણસ પોતાના "નફ્સે અમ્મારા" (પોતાના હલકા મનોવિકાર યાને પંજભુ) સાથે લડાઈ કરી ફતેહ મેળવે છે. તેમના ઉપર ખુદાના આશીર્વાદ ઊતારો – જે આ કહ્યું તે ખરું છે.

મોટી જહાદ યાને મહાન ધાર્મિક લડાઇ ખરી રીતે પોતાના "નફ્સે અમ્મારા" યાને પોતાના હલકા મનોવિકાર સામેની લડાઈ છે. જે લડાઈ લડવાથી તેને તાબે કરી શકાય કે જેથી, જે હલકા મનોવિકાર એક માણસના પગોને નેકીના રસ્તેથી હંમેશા, અકલ (અંતઃકરણના અવાજ)થી વિરૂદ્ધ જઈને, આડે રસ્તે લઈ જવાની કોશેષ કરે છે, તેમાંથી તેમજ સત્ય મઝહબના આદેશ વિરૂધ્ધ વર્તન કરવાથી પોતાને રોકે. દરેક જણની એ ફરજ છે કે, પોતાના નફ્સ (હલકા મનોવિકાર)ના જુસ્સાને પોતાની અકલ (સદ્‌બુધ્ધિ) ના કબજામાં રાખે અને પોતાની અકલ (સદ્‌બુધ્ધિ)ની આજ્ઞા મુજબ હંમેશાં વર્તવાને પોતાના સ્વભાવને તાલીમ આપે. મુક્તિ મેળવવાનું એમાંથી રચાય છે. સિરાતલ મુસ્તકીમ એટલે પુલસરાત કે જે તલવારની ધાર જેવો બારીક છે અને જે રસ્તેથી બહેસ્ત મેળવી શકાય છે, તે સંજ્ઞાનો ખરો અર્થ એમાં રહેલો છે. આ

પી. ૫

નફસે અમ્મારા (હલકા મનોવિકાર)ને તાબે કરવા એ સરતલ મુસ્તકીમ ઉપર ચાલવા બરાબર છે.

દીન બંધુઓ ! નફસે અમ્મારાને વિશુધ્ધ બનાવવા અને તેમને સુધારવાના પ્રશ્ન બાબતમાં કુર્આને શરીફમાં ઘણી બધી આયતો છે, અને ઘણી બધી હદીસો છે. જેમાંની એકમાં ખુદાવંદતઆલા ફરમાવે છે કે, "જેણે પોતાના નફસ (મનોવિકાર)ને પાક કર્યો તે રસ્તગાર (મુક્ત) થયો." અને ખરેખર એમજ છે, કારણ કે પોતે પોતાને શુધ્ધ કરે એના જેટલી બીજી કોઈ વધારે અગત્યની ચીજ નથી એમ કરે તો જ એક વ્યકિત નેકીના રસ્તે આગળ વધવાની આશા રાખી શકે; કારણ કે પોતાના હલકા મનોવિકારો કે જે તેને ધાર્મિક ફીલોસોફીને અનુસરતા અને ઈલાહી મઝહબની આજ્ઞાઓ પરિપૂર્ણ કરવાથી રોકે છે. તેમને જ્યારે તમે તાબે કરશો. તમારા તાબામાં લાવશો અને તેની હિલચાલો ઉપર બારીક તપાસ રાખશો કે, કદાચ તમારી ગફલતમાં તમારા ઉપર સવાર થઈ જાય, અને તમને ખોટું પગલું ભરવા લલચાવે નહિ. ત્યારે જ તમે સદ્ગુણી જીંદગી ધીમે ધીમે બશર કરી શકશો અને ત્યારે જ તમે સદ્ગુણી જીંદગીનો લાભ મેળવવા શકિતમાન થશો."

હોજી રે મારા હંસા નવ બાર નગરીમાંહે
બાવનબજાર,
તેમાં કોઇ સુતાં કોઈ જણ જાગેજી.

આ દેહીની ખૂબી તો અપાર છે, તેની રચના ખુદાએ અલૌકિક બનાવી છે. તું તારા દેહી તરફ દૃષ્ટિ કરીશ તો તને ખુદાની મહાનતાના દર્શન થશે. પળે પળે તને ખુદાની મહાન રહેમત અને અનંત બક્ષીઓની દિવ્ય ઝાંખી થશે.

આ દેહીમાં નવ બાર – નવ દ્વાર છે. આ નવ દ્વારની રચનાથી જ ઇન્શાન જીવી શકે છે. તેમાં બે આંખો, બે કર્ણ, બે નાકના નસ્કોરા, એક મોઢું, અને લઘુ શંકા અને દીર્ઘ શંકાનાં બે દ્વાર – આ શરીરમાં છે. અને બાવન બઝાર માટે આજના વિજ્ઞાનિકોએ સંશોધન કર્યું છે કે, આપણા મગજમાં બાવન બઝાર છે. આ દેહીમાં કોઈ જાગે છે, અને કોઇ સૂતા છે. પોતાના દેહીમાં રૂહાની રીતે રૂહને છોડાવવા માટે ઘણાં જાગેલા છે. 'આત્મ જાગૃતિ' કહેવામાં આવે છે. અને કેટલાક જણાં આ દેહીમાં પોતાના આત્મા અને આખરતને ભૂલીને, જીવનનો ધર્મ અને મર્મ જાણ્યા વગર સુતેલા છે. જેઓ રૂહની ઉચ્ચતા અને દિવ્યતા માટે બંદગી કરતાં નથી, તેઓ સૂતેલા છે.

ઉઠ જાગ મન મેરા,
તું કાયકું સોત હય,
માનખા જન્મ રતન હય,
સો કાયકું ખોત હય,
—સૈયદ ઇમામ બેગમ

એજી નિંદરાને વારો પ્રાણી તમે જાગો કાંઈ સૂતા,
જાગી જંપો તો અલી નિત અનંતે જઈ પહોંચ્યો,
એજી અરધો જનમારો પ્રાણી તારા નિંદરા માંહે જાય છે,
વણરે સિરેવાએ જીવ તારો ખણ ખણ ખુટે....

હઝરત પીર સદરદીન રહે.

જેઓ અસત્ય વસ્તુને સત્ય માને છે તે સૂતેલા છે. જેઓ સત્ય વસ્તુને અસત્ય માને છે. તે પણ સુતેલા છે. ઘણા જીવો મોહને વશ થઈ અજ્ઞાનની નીંદ્રામાં સુતેલા છે.

જેમ કે જગત અસત્ય છે, દેહી અસત્ય છે. તેને આપણે ‘સત્ય’ માનીએ છીએ. અને આત્મા – ધર્મ આખરત વિગેરે સત્ય છે તેને અસત્ય માનીએ છીએ.

જેઓ સ્વપ્નવત્ જગતને સત્ય માને છે. અને રૂહ–ને અસત્ય માને છે. તે સુતેલા છે. મન જ્યાં સુધી ગુનાહ કરે છે. મન મૌલાને સ્મરતું નથી. મન જ્યાં ત્યાં ભટકે છે, સ્થિર નથી તો મન તો સુતેલું છે.

આંખ દીદાર કરતી નથી, આંખમાં નિર્મળતા અને પ્રેમ નથી. વાસનાનું ઝેર ભર્યું છે. આંખ જ્યાં સુધી બદ-નજર કરે છે, ત્યાં સુધી આંખ સુતેલી જ છે.

આ હાથથી સતકર્મો થતાં નથી, હરામનાં કામો થાય

છે, તો આ હાથ સુતેલા છે. પણ હરામના માર્ગે જાય તો પણ સુતેલા છે. જવાબથી ખુદાનું સ્મરણ અને સત્યનું આચરણ ન થાય. પણ નિંદા થાય, જૂઠ બોલાય – તો જબાન સુતેલી છે. અંતરમાં પવિત્રતા નથી, દિવ્યતા નથી, ખુદાઇ ઈશ્કની ઝલક કે જ્યોત નથી, તો અંતર સુતેલું છે. જેને જીવનનો ધર્મ અને જીવનનાં કર્તવ્યનું ભાન નથી તેનું સમસ્ત જીવન સુતેલું છે. જેની કાયા આખરતના કમાવવાનાં કામમાં આવતી નથી. તેની કાયા સુતેલી છે. પછી ભલે જાહેરમાં દોડતી હોય અને દુનિયા પછવાડે દોટ મૂકતી હોય.

જેઓ ગુનાહ કરે છે, તેઓ પણ સૂતેલા છે કેમ કે જે જાગે છે, તેનાથી ગુનાહ થતાં નથી. અજ્ઞાનની ઊંઘમાં ગુનાહ થાય છે. જે 'આત્માનાં સ્વરૂપ'ને ઓળખતાં નથી તે પણ સૂતેલા છે. જે મનોવિકારને તાબે થાય છે. તે પણ સૂતેલાં છે.

જેને 'ઈમામ'ની શનાખત અને હકીકી સ્વરૂપની ઝાંખી થઇ નથી. તે પણ સૂતેલા છે. માટે રૂહાની જાગૃતિ તેજ ખરી જાગૃતિ.

ખલિલ જિબ્રાને કહ્યું છે કે, જેઓ એક પળ જાગે છે. (પોતાનામાં) તે હંમેશા માટે જાગી જાય છે. તે ધન્યતા પામી જાય છે.'

ખલિલ જિબ્રાન

હોજી રે મારા હંસા ઇસિરે નગરીમાં એક કુમારી છે કન્યા તે તો કુંવારી સબ રસ માણેજી.

આ દેહીમાં જીવાત્મા એ કુંવારી કન્યા છે. જ્યાં સુધી તે ખુદાને પામતી નથી. ખુદામાં સમાતી નથી. નૂરમાં મળતી નથી, મૌલા સાથે રૂહાની શાદીથી જોડાતી નથી. ત્યાં સુધી તે કુંવારી છે. આત્મા–પરમાત્માને મળે. પરમાત્મામાં લય ન થાય ત્યાં સુધી જીવાત્મા કુંવારી છે.

"તમારા માટે બે લગ્ન છે, એક જીસ્માની અને એક રૂહાની."

હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)

રૂહાની શાદીમાં જીવ જોડાતો નથી ત્યાં સુધી જીવ કુંવારી છે

મોહ મગન સંસાર હૈ કન્યા રહિ કુમારિ,
કા સુરતિ જો ના કરી ફિરિ ફિરિ લે અવતારિ.

કબીર વચનાવલિ ૫૦૩

આખો સંસાર મોહમાં ડૂબેલો છે, એટલે જ આ (જીવરૂપી) કન્યા હજુ કુંવારી (પ્રભુ – પતિને પામ્યા વગરની) રહી છે એનાં લગ્ન (પ્રભુ મિલન) ન થાય તો એને ફરી ફરી અવતાર (જન્મ મરણનો ફેરો) લેવો પડે.

આ કુંવારી કન્યા – જીવાત્મા – દુનિયાનાં તમામ રસ માણે છે. જ્યારે ખુદામાં મળે છે. ત્યારે દુનિયાનાં રસ છૂટી જાય છે. ખુદાઈ રસમાં તરબોળ થઈ જાય છે.

લિખા લિખી કી હૈ નહીં બાત દેખાદેખી બાત,
દુલકો દુલહિન મિલ ગયે, ફીકી પડી બરાત.
(કબીર વચનાવલી, ૭૬)

અરે ભાઈ ! લખાપટીની આ વાત જ નથી. આ તો છે નજરોનજર નિહાળ્યાની વાત. વર (પરમાત્મા ખુદાને) ને વધુ (જીવાત્મા – કુંવારી કન્યા)નું આપોઆપ મિલન થઈ ગયું (શાદી થઈ ગઈ) સંસારરૂપી આખી જાનનો – બરાતનો કશો અર્થ રહ્યો નહિ.

સખી કહેવા સરખી નથી કે મારો સામીરે,
એ તો જોવા સરખો છે અલખ અનામીરે...

સામીના શું વખાણ કરું ? જીવાત્મા – સ્વામીને વરે છે, રૂહાની શાદીથી મિલન થાય છે ત્યારે તે સમજી શકે છે. શબ્દોથી આ વસ્તુ સમજાવી શકાય નહિ. શબ્દો તો આધાર છે, હકીકી મહેબૂબ મળે છે. ત્યારે શબ્દો ખંખેરાઈ જાય છે. હટી જાય છે.

જીવાત્મા (કુંવારી કન્યા) જ્યાં સુધી પિયા પતિ મેળવી

હોતી નથી. ખુદા નથી મળતાં ત્યાં સુધી – સંસારનાં – મોહ માયાના અને ધર્મનાં બધાં રસ માણે છે. જેમ જેમ જ્ઞાન થાય છે, તેમ મોહમાયા – દુનિયાના રસ મૂકી દીયે છે અને જ્યારે ખુદા મળે છે. ધર્મનાં પણ બધાંય રસ છૂટી જાય છે.

દુલકો દુલહિન મીલ ગયા,
ફીકી પડી સબ બરાત.

જીવાત્માને ખુદા મળ્યો. ત્યારે સઘળો સંસાર – સાવ રસહિન થઈ ગયો. સંસાર સરી ગયો. ફક્ત જીવાત્મા અને ખુદા બે જ રહ્યાં.

એજી હમતમ પ્રિત બંધાણીયા,
હમતમ બોલીયા બોલ,
હમતમ સાંહીયા એક હૈ,
હમસું પરદા ખોલ...
(કલામે પીર)

કુંવારી કન્યા (જીવાત્મા) જ્યારે પિયાપતિ ખુદાને વરે છે, ત્યાં કોઈ પરદાં રહેતાં નથી. જીવ – ખુદામાં ફનાહ થઈ ગયો હોય છે.

હોજીરે મારા હંસા ઈસિરે નગરીમાંહે
એક વીખીયાનો વેલો,
તે તો વેલે કીધો વીસ્તારજી

જેમ આ દેહીમાં અમૃતની વેલ છે, તેમ આ દેહીમાં ઝેરી વેલાઓ પણ છે. અને ઝેરી વેલાની ખૂબી એ છે કે, તે તો વધતો જાય છે, વિસ્તાર તો જાય છે. અને આખા જીવનને ઝેર રૂપ બનાવી નાંખે છે. સમગ્ર અસ્તિત્ત્વ ઝેર બની જાય છે.

આ ઝેર વેલાનું નામ વિષય વાસના અને મનો-વિકાર રૂપી ઝેરી વેલા છે. અને વિષય વાસના (દુન્યાની) તમામ વાસના – ઈચ્છાઓ – બૂરાઈઓ – વિગેરે) કેમ દૂર થાય?

એજી વિષયવાસના જ્યારે ગળે, ત્યારે મન સ્થિર થાય
ભણે પીર સદરદીન, પછી નુરમાં નુર સમાય
–કલામે પીર

હોજીરે મારા હંસ ઈસિરે વેલે ઈન્દ્રા ફળ લાગ્યા.
તે તો જેમ રે વધે તેમ કડવાજી
(કલામે પીર)

આ ઝેરી વેલાને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, વાસના, અહંકાર, મલિનતા, દંભ, પાખંડ, વિગેરે રૂપી ફળો લાગ્યા છે, તે તો વધતાં જાય છે, અને જેમ જેમ વધતાં જાય છે, વધારે ને વધારે કડવા છે. જો કે આપણને

વાસના—અને મનોવિકારને આ ફળો મીઠા લાગે છે, પણ આત્માને આ કડવા લાગે છે. આપણાં હૃદયને અને જીવનને ઝેરરૂપ બનાવી નાંખે છે.

જીવનને એટલું બધું ઝેર રૂપ બનાવી નાંખે છે કે આપણને ધર્મ અને ઇબાદતની મીઠાશ જે અમૃતરૂપ છે, તેની મધુરતા માણી શકતા નથી.

આ ઝેરી ફળો જીવનમાં હોવાથી ખુદાની બંદગી થતી નથી.

કામી, ક્રોધી, લાલચી ઇનસે ભક્તિ ન હોય,
ભકિત કરે કોઇ સૂરમા જાતિ બરન કુલ ખોય.

કામી, ક્રોધી, લોભીથી ભક્તિ થઈ શકતી નથી. ‘જેના જીવનમાં કામ, ક્રોધ, અને લોભ રૂપી ઝેરી ફળો હોય છે, તેનાથી ભક્તિ થઇ શકતી નથી.

ભકિત બિગારી કામિયાં ઇન્દ્રી કેરે સ્વાદ,
હીરા ખોયા હાથસે જનમ ગંવાયા બાદ
કબીર વચનાવલી ૪૮૭

અરે કામી જીવડા ! આ ઈન્દ્રિયોની ભોગ લોલુપતાથી તો તેં તારી ભક્તિ બગાડી મૂકી ! તેં તો હાથમાંથી

(બ્રહ્મજ્ઞાનનો) -- ધર્મ-નો હીરો ગુમાવી દીધો અને તારો આ જન્મારો પણ એળે ગયો.

કામ ક્રોધ મદ લોભ કી જબ લગ ઘટમેં પ્રાણ
કહાં મુર્ખ કહાં પંડિતા દોનોં એક સમાન.
(અંત વાણી)

જયાં સુધી મનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ રૂપી લોભની ખાણુ ભરેલી છે, ત્યાંથી કોણ મુરખ કોણ પંડિત? કોણ જ્ઞાની, કોણ અજ્ઞાની? બંને સરખા છે.

અર્થાત આ ઇન્દ્રિયા ફળો જેનામાં ઝેરી ફળો હોય છે, તે તો અજ્ઞાની – અને જ્ઞાનીમાં કોઈ ફરક રહેતો નથી.

જીવનમાં જો ઝેરી ફળો લાગેલા છે, જીવન ઝેર રૂપી બની ગયું છે. તો તે અમૃત રૂપ બનાવવું જ પડશે. તેના માટે પણ પીરે આપણને રસ્તો બતાવ્યો છે.

હોજીરે મારા હંસા તેડાવો ગુણવંતા માલીને,
તેતો જડ મૂળથી કાઢી નાખેજી...૯

હે મારા જીવાત્માઓ! જો તમારા જીવનમાં આ ઝેરી ફળોએ વિસ્તાર કર્યો હોય, જીવન ઝેર રુપ બની ગયું હોય તો પછી ગુણવંત માળીને મૌબા રૂપી માળીને

બોલાવો અથવા ખુદાનાં નામ સ્મરણ અને તૌબા કરવાથી ઝેરી ફળો દૂર થાય છે.

જેવી રીતે બગીચામાં–જો ઝેરી કે ફળ કે વેલા લાગ્યા હોય છે, તો માલી આવીને આ ઝેરી ફળો–ફૂલો કે અથવા વેલાને દૂર કરીને ફેંકી દીયે છે તે પ્રમાણે મૌલાનું સ્મરણ કરવાથી તે અંતરમાં પ્રગટ થઈ – આ વેલાને ફેંકી દેશે.

'તારા મનને ખુદાની ભક્તિ ને તૌબા કરવાની ટેવ પાડ. કેમકે એથી તારા ગુનાહો (ઝેરી ફળો) ધોવાઈ જશે ને પુણ્ય મળશે.

હઝરત અલી (અ.સ.) (પાના ૭૪ વચન. ૪૨.)

'બેશક! દુનિયામાં ઇબાદત વિના સલામત રહેવું (આ ઝેરી ફળોથી સલામત રહેવું) અશકય ને અઘરૂ છે, અસંખ્ય માણસો તેની બલામાં ફસાઈ પડયાં છે, (અસંખ્ય તેની બલામાં ફસાઈ પડયાં છે (અસંખ્ય માણસો ઝેરી ફળોના ભોગ બન્યા છે) અને તેમણે પોતાના કલ્યાણ માટે જે કાંઈ એની પાસેથી પ્રાપ્ત કર્યું તે બધું એણે લઇ લીધું. ખુદાએ એમાં મશગુલ થવાની તમને મના કરી છે અને એની ખરાબીઓથી તમને ખૂબ ડરાવ્યા છે. અને હોશિયાર કર્યાં છે. એમાં કાંઈ કસર રાખી નથી.'

(હઝરત અલી (અ.સ.) નાં બોધ વચનો ૪૭૭)
હોજીરે મારા હંસા પાળે ઊભા પાંચ પાખ,
તેતો ધણીનો હુકમ નહી માનેજી ૧૦

આ દેહ રૂપી નગરીમાં અંતર કરણ રૂપી બગીચો છે, તેમાં મનોવિકાર વિષય વાસના રૂપી વેલો વધી ગએલો છે. બગીચાની પાળે, કિનારે – દરવાજે કામ ક્રોધ, લોભ, મોહ, મદરૂપી પાંખરીયા (તેના નોકરો ઊભાં છે) એટલા બધાં તોફાની છે. તેનું બળ ઘણું વધી ગયું છે. આ શત્રુઓ ધણીનો હુકમ માનતા નથી અને મળવા દેતા નથી.

હોજી રે મારા હંસા એ ગીનાન પીર ભણાવે સદરદીન,
મારા મોમન ભાઈ તમે રહેજો હોશિયાર=૧૧

હે મારા મોમિનભાઇઓ ! મારા હંસલાઓ ! આ શરીરમાં રહેલાં ત્રીવેણીતીર્થ ઉપર ભ્રમર ગુફા ઉપર – જ્યાં ખુદાવિંદનો વાસ છે, ત્યાં નૂરનાં દીદાર લાધે છે. આ તીરથ ઉપર ખુદાવંદતઆલાની પ્રાપ્તિ રૂપી ખરી કમાણી માટે જતાં આ સઘળા ગીનાનો પાઠમાં દર્શાવેલાં મુશ્કેલીવાળી માયાવીનગર પસાર કરવાનું છે. આંતરિક શત્રુઓ મનોવિકાર

અને વિષયો વાસનાઓ ખુદાના નામસ્મરણ રૂપી સત્ય તલવારથી ઝેરી ફળો ઉખેડતા ઉખેડતા—આંતરિક શત્રુઓનો વિનાશ કરતાં એક પછી એક રૂહાની મંઝિલ આંતરીક પ્રદેશ જીતતઃ જીતતા આગળ વધવાનું છે. દેહમાં હું પણનાં ઝેરી કર્મોને ઊખેડી. હું 'આત્મા' છું. હું દેહી નથી. આ દેહભાવથી જાગીને "આત્મ ભાવ"માં લીન થવાનું છે.

ઝેરી વિકારો — વાસનાઓ મનોવિકાર જે મોટું ધર્મ યુધ્ધ તેમાં વિજય બનવાનું છે.

ખુદાની મદદ માંગવાથી સ્મરણ કરવાથી આ બધાં શત્રુઓ હારી જશે.

"જે માણસ ખુદાની મદદ માંગે છે તે હારતો નથી (આંતરિક શત્રુને તાબે થતો નથી. તેનાથી હારતો નથી) ને માણસ સત્યને પોતાની દલીલ બનાવે છે તેનો કોઈ મુકાબલો કરી શકતું નથી. જેનું જીવન સત્યમય હોય છે. જાહેરી કે બાતુની શત્રુઓ મુકાબલો કરી શકતાં નથી)

હ અલી અ.સ.નાં બોધવચનો. ૬૦૬

માટે ખુદાના પ્રેમપૂર્ણ સ્મરણ દ્વારા મદદ થકી—

આગળ વધીશું તો રૂહાની શિખરે પહોંચી જશું. આત્મભાવ દૃઢ કરીને તીર્થ ત્રિવેણી ઉપર નુરે ખુદાનો સાક્ષાત્કાર પામી જીવન સાર્થક કરીશું, એ જ આ પીરની વાણીનો હેતુ છે. રૂહાનીયતનાં ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટે આ ગીનાન અતિ પ્રેરણારૂપ અને આત્મા અને આખરતનાં ભાથા સમાન છે.

૪

હું રે પિયાસી પિયા તેરે દરશનકી

રચનાર – મીરાં સૈયદખાન

એજી હું રે પિયાસી પિયા દરશનકી,
આશ પૂરો પિયા મેરે મનકી;
હું રે પિયાસી આશ તોરી,
તું ચિંતા મોરી કયું ન કરો,
ખીદમત ખાસ ખવાસ તોરી,
રૂઠા સાજન કયું ફીરોજી...૧

પ્રેમભક્તિ એ સર્વોત્તમ ભકિત છે. પ્રેમ ભરપૂર બંદગી – એ ધર્મની – મનની દિલની લાગણીની પરાકાષ્ઠા છે. આ પ્રેમ ભક્તિ – ખુદાનાં અંતરને સ્પેર્શ છે. પછી પ્રેમ સ્વામી – પ્રેમ ગુરુ – પ્રેમ અવતાર મૌલા ખેંચાઈને આવીને જાય છે.

અશર જબ ઈશ્કમેં હોતા હય; તો ખિંચકર આયેંગા,
હમે પરવા નહિ અગર વો રૂઠ બેઠે હો.

પ્રેમનાં કાચા ધાગાથી – મૌલા ખેંચાઈને આવી જાય છે. કેમકે ધર્મનો પાયો ઈશ્ક ઉપર રચાએલો છે. ખુદા પ્રત્યેનો વિશુધ્ધ પ્રેમ એજ ભક્તિ, એજ બંદગી પ્રેમ–વિહોણી બંદગી નિઃપ્રાણ સમાન છે.

સુગંધ વિનાના પુષ્પ સમાન છે. માલિક પ્રત્યે પ્રેમ–દર્દ જન્મે છે, ત્યારે વિરહ અગ્નિ પેદા થાય છે. પ્રેમ દર્દ પ્રગટ થતાં મૌલાના સાંનિધ્યમાં રહેવાનું અને તેના દીદાર કરવાની તીવ્રપ્યાસ જાગે છે.

હે મારા માલિક! હું તારા દીદારની પ્યાસી છું.

અઝસર બીલીને મન, બખીઝ અય નાદાન તબીબી,
કે દર્દ મંદે ઇશ્કરા, દારૂ બઝુઝ દીદાર નીસ્ત.

અય નાદાન તબીબ–વૈદ્ય! મારા ચરણ પાસેથી હઠીજા કારણ કે પ્રેમીઓનાં દર્દની દવા દીદાર સિવાય બીજી નથી.

ન છેડો ઇશ્કના બીમારને ઉપચાર રહેવા દો,
છું દર્શનનો અભિલાષી મને બીમાર રહેવા દો.
હકીમોને કહો કોઈ મરીઝે ઇશ્ક છું હું તો,
નથી મ્હારી આ દુનિયામાં દવા, સરકાર! રહેવા દો,

મઝા છે દર્દમાં મુજને દવા શીદને કરો મ્હારી ?
જીગરનાં ઝખ્મની મુજને નથી દરકાર, રહેવા દ્યો,
નીશાની પ્રેમીઓની દીનતા, બદલામી બીમારી.
મળયા છે આશિકોને ઇશ્કનાં શણગાર રહેવા દ્યો.
જીગર ઝખ્મી છતાં મહારાં નયન મોતી લૂંટાવે છે
કહે "સત્તાર શાહ" જખ્મી જીગરનો પ્યાર રહેવા દ્યો.

દાસ અબ્દુલ સત્તાર શાહ

હે મારા માલિક ! હું તારા દીદારની પ્યાસી છું. માટે મારા મનની આશા પૂર્ણ કરો. હું પ્યાસી છું. તરસી છું અને મને ફક્ત તારી જ આશા છે.

આશા તો એક અલખની કીજે,
અવર તો આશા નિરાશજી.

કલામે પીર

યા મૌલા ! મને આશા હોવાથી તું શા માટે મારી ચિંતા શા માટે નથી કરતો ? યાને મારી પાસે આવી મને દીદારનાં દાન શા માટે નથી આપતો ? તારી ખિદમત કરવા તારી દાસી તારા દ્વારે આવી છે માટે મારા મનનાં માલિક ! મારાથી રિસાઈ ને ચાલ્યા જતાં નહિ.

પ્રીતમ તેરે દરશન બિન, સુકો શામ શરીર,
પાપી નેના ના સૂકે ભરભર આવે નીર.

હે મારા પ્રીતમ ! મારા મૌલા ! તારા મેળાપ વિના મારી કાયા હવે સુકાવા લાગી છે. પણ તારા દર્શન ઘેલી આંખો કેમેય કરીને સુકાતી જ નથી. એમાંથી આંસુના ઝરણાં નિરંતર વહ્યા કરે છે.

હઝરત રાબીયા બસરી (રહે.) હંમેશા રડયાં કરતાં હતાં. ખુદાઈ ઈશ્ક અને દર્દ વેદનામાં રૂદન કરતાં હતાં.

લોકો તેમને પૂછતાં હતાં કે, તમને કોઈ રોગ કે દુઃખ જણાતું નથી. છતાં આપ શા માટે રડી રહ્યાં છો ?

આપ બોલ્યાં : મારો રોગ બહારનો નથી, પણ અંતરનો રોગ છે. મને હૃદયની બીમારી છે, મારા અંતરમાં ખુદાઇ પ્રેમનું દર્દ થયું છે. મારૂં દિલ ખુદાઈ પ્રેમના ઝખમથી ભરાઈ ગયું છે. કોઈ સંસારનો માણસ– કોઈ સંસારી જીવ તે સમજી શકે તેમ નથી. મારા રોગનો એક ઉપાય માત્ર મૌલાના દીદાર છે.

પિયુ પ્રિય કરતાં પીળી ભઈ, લોક જાણે પાંડુ રોગ,
છાની લાંઘણ મેં કરું, પિયા મિલન સંજોગ.

મારા અંતરથી મારા પ્રીતમ માટે – તેના મિલન અને દીદાર માટે ઝંખતા ઝંખતા હું પ્રીતમનાં વિરહ વેદનામાં

પીળી થઈ ગઈ છું. લોકો એમ સમજે છે કે, મને પાકું રોગ થયો છે. પ્રીતમનાં દીદાર-મિલાપ નહીં થાય ત્યાં સુધી છાની લાંઘણ કર્યા કરું છું. લોકોને તે ત્યાં ખબર છે?

એજી તુજ વિના હમકો નીંદ ન આવે,
ન ભાવે અન્ન ને પાણી હો સાહેબજી.

(હજરત પીર સદરદીન રહે)

એજી સુનો મેરે કંથ, કહ્યાં મેરા કીજે,
મુજ નારીસું અબોલ ઇયું ન રહીજે,
કરો કરો કંથ કહ્યાં હમેરા,
હમ દુખીરે દોએ લીયાં
સુરિજન મનની આશા પૂરો,
તો હમ સુખીરે સોહેલીયાજી.

હે મારા પ્રીતમ! મારી વેનતી—મારી અંતરની આરઝું સાંભળો અને તે પ્રમાણે વર્તો. પ્રેમનાં માર્ગમાં આવી ભાવના ભક્તનાં-મોમિનનાં હૃદયમાં ભરી જાય છે કેમકે આશિક પોતાના પિયુ-મહેબુબની જુદાઈના ગમમાં પીડાતો હોય છે.

જુદાઈ બીછડના આગ કઠણ હય,
દોઝખ આગથી એ આગ ભારી,
દોઝખ ડરથી અમલ નેક કરે,
દોઝખ આગ હુએ દુશ્વારી.
જીસકું આવા રખ મિલન કા,
વએ ગુનાહ ન કરે બીછડુંગા રબદીદાદ,
તો જોઈ કોઇ હુએ તાલબ મૌલા,
ઉસમન દોઝખ ડરથી અંદર હોવે બીસીયાર

કલામે મૌલા

હે મારા પ્રીતમ! મારાથી નારાજ થઈ, મારાથી અબોલા લેશો નહિ. માટે મારું કહ્યું માનો. હું તારાથી દૂર રહેવાના કારણે દુખી છું. મારા પર અનુગ્રહ કરીને મારી પાસે આવીને દીદારનાં દાન આપીને મને સુખી કરો, તમારા દીદાર થશે ત્યારે મને ખરું સુખ મળશે.

હમારા દિલબર હમેં બતાવો,
કહાં છુપા હય હમેં જતાવો,

મય ઢુંઢું પર વો નજર ન આવે,
હંમેશાં નાહક જિગર જલાવે;

વો અપના હોકર હમેં સતાવે,
વો બે રહેમ કુછ રહેમ ન ખાવે;

અબ અયશા રહેબર કોઇ તો આવો,
યા અપને દર પર મુજે બુલાવો.
દાસ અબ્દુલ સત્તાર શાહ

એજી જલબીન મછલી સો પિયા બીન કયું રહેવે,
પિયાજી કે કારણે સો જીવડા દેવે,
જલબીના મછલી હુઈ અકેલી,
દેખો કયું તરફડ મરે
તરફડ કૂડે કછુ ન ચાલે,
મેહેર માછી ન કરેજી...૩

ગીનાન રચાર સૈયદ મીરા સૈયદખાન મૌલાનાં પ્રેમ વિરહમાં ઝૂરે છે. પ્રેમનાં દર્દમાં પીડાય છે. અંતરમાં જુદાઇનું ઊંડું દર્દ ભર્યું છે. આ દર્દ તેમના અંતરને કોરીને ખાઇને રહ્યું છે. પોતાની જુદાઇને એક માછલી સાથે સરખાવી રહ્યાં છે.

જળ બીના મીન-માછલી જીવી શકતી નથી. જળ જ એનું ખરું જીવન હોય છે. જળથી જુદી પડે છે. તો તરફડીને પોતાનો પ્રાણ આપી દીએ છે.

તો હે પ્રીતમ ! તું મારું ખરું જીવન છે. તો પછી તારા વિના કેમ જીવી શકું ? હું પણ ખુદાઈ નૂરનાં જળથી જુદી પડેલી મીન છું. હું ક્યાં સુધી રહી શકીશ ? જળ વિના મીન જેમ તરફડે છે, તેમ હું પણ તારા માટે, તારા દીદાર માટે તરફડું છું. માછલી તરફડે છે, અને માછીમારને દયા આવતી નથી હું તરફડું છુ શું તને મારા પર રહેમ નથી આવતી ?

કૈ બિરહિન કો મીચ દૈ કૈ આપા દિખલાય,
આઠ પહર કા દાઝના મો પૈ સહા ન જાય.
કબીર વચનાવલિ ૧૫૮

કાં તો આ વિરહિણીને મોત આપો કે કાં તો દર્શન આપો, પણ આમ આઠે પહોર વિરહમાં સળગ્યા કરવાનું હવે મારાથી સહન નથી થતું.

એજી જૂઠીરે પ્રીત ભમરકી કહીએ,
પિયુજીકા દરશન ઈયુ નવ લઈએ,
જૂઠી રે પ્રીત ભમરકી કહીએ,
જો કલિયાં કલિયાં રસ લેત હય,
તેમ કિરીયાના હીણા ગાફલ અંધા,
શો પિયા પર જીવ ન દેત હયજી.

દુનિયાના અસત્ય પ્રેમ વિષે અહીં આ પાઠમાં પ્રકાશ આપવામાં આવ્યો છે.

ભવંર–ભમરો કેટલો બધો શક્તિશાળી છે, લાકડાને કોરીને બહાર નીકળી શકે છે. પરંતુ રસનું પાન કરતાં કરતાં મોહમાં દેહનું ભાન ભૂલી જાય છે. સાંજ પડતાં જ ફૂલ બીડાય છે. ભમરો તેમાં જ રહી જાય છે. રસ પીવામાં એતો ઓતપ્રોત થાય છે. આખરે મૃત્યુ પામી શકે છે.

માનવી આત્મીક રીતે કેટલો બધો સમર્થવાન છે કે, સાત આસમાન ચીરીને ખુદાના દીદાર પામવા અર્શે અઝીમ પર જઇ શકે છે ખુદાને પામી શકે છે. નરમાંથી નારાયણ બની શકે છે હેવાન જેવી વૃત્તિ અને પ્રકૃતિ ધરાવતો ઇન્સાનમાંથી તે ફિરસ્તાથી ઊંચે દરજ્જે પહોંચી શકે છે.

"ઇન્સાનનો દરજ્જો ઊંચો છે પણ તે પોતાના હાથે નીચો પાડી નાંખે છે. તમારામાંથી કોઇ કોશિષ કરે કે, અમે પીર સદરદીન, પીર શમ્સ, તથા મન્સૂર જેવા થઇએ તો તમે તેવા થઈ શકો છો તમે તેનાથી પણ ઉપર થઈ શકો છો.

કલામે હ. ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

આવો મહાન સમર્થવાન માનવી – દુનિયાના મોહ-

માયામાં ફસાઈ ને ખુદા પ્રત્યેના શુધ્ધ પ્રેમને ભુલીને દુનિયામાં લુબ્ધ થઇને પોતાની અસલીયતને પોતાના આત્મા સ્વરૂપને અને પોતાનામાં રહેલી દિવ્ય શકિતને ભૂલી જાય છે.

મહાન શકિતશાળી માનવી ખુદાની મહાનતાને પામવાવાળો, અને આંબવાવાળો, મોહ–માયાની જાળને બંધનને તોડી શકતો નથી. કેટલો પામર માનવી ! પછી તેમાં જ તેનું મૃત્યુ થાય છે. જીવન કમળ બીડાય છે, જીવન સંધ્યા ઢળે છે, અને તેમાં જ તેનું મૃત્યુ થાય છે. માટે આ ભમરાની માફક કોઈ દુનિયાની સાથે પ્રીત કરશો નહિ, આ રીતે ખુદાના દીદાર કરી શકાય નહિ. અને એ રીતે ખુદાનાં દીદારને પહોંચી શકાય નહિ.

ભમરાની દષ્ટિ અને ધ્યેયવાળા – મોહમાયામાં લુબ્ધ થએલાં, ખુદાને ભુલેલા પોતાના માલિકનાં નામ ઉપર કુરબાની કરી શકતાં નથી.

દુનિયાની મોહમાયા અને દુનિયાનું સ્વરૂપ કેવું છે.

'બેશક દુન્યા સાપના જેવી છે કે શરીરે હાથ ફેરવો તો નરમ ને મુલાયમ છે; પણ અંદર પ્રાણઘાતક ઝેર ભરેલું છે, માટે હે મોમિનો તને ઘટારત છે કે, એની સુંદરતા ઉપર એટલા માટે લોભાઈશ નહિ; કારણ કે એથી કોઈ

અસાધ્ય રોગ તને લાગુ પડે નહિ; જ્યારે એના ઉપર તારો વધારે પ્રેમ થાય ત્યારે એની બૂરાઈથી બચજે.

"હ. અલી (અ.સ.)ના બોધ વચનો" માંથી

મોહ ફંદ સબ ફાંદિયા કોઈ ન શકે નિરવાર,
કોઈ સંતજન પારખી વિરલા તત્ત્વ વિચાર.

(સંત વાણી.)

મોહના ફંદામાં તો બધાયે ફસાયેલા છે. અને કોઈ ટાળી શકતું નથી. તત્ત્વ દૃષ્ટિથી વિચાર કરીને એને પારખી લેનાર સંતજન – (મોમિનજન) તો વિરલ જ હોય છે.

એજી સાચી રે પ્રીત પતંગકી કહીએ,
પિયુજીકા દરશન ઇયું કર લઈએ,
સાચી રે પ્રીત પતંગ કી કહીએ,
જો ઉલટ ઉલટ અંગદેત હય,
એક દીપક કેરે કારણે,
સો કંઇકિ પતંગ જીવ દેત હયજી...

સાચા – શુદ્ધ અને નિર્વિકાર પ્રેમની વ્યાખ્યા અહીં આપવામાં આવી છે. ઈશ્કે હકીકી એ સાચો પ્રેમ છે. પતંગીયાની સાચી મહોબ્બત છે. દીપક જોતા જ તે તેના

પર વારી જાય છે, પોતાના જીવનનું બલિદાન આપે છે, એક દીપકનાં કારણે કેટલાય પતંગીયાઓ પોતાના જીવની કુરબાની આપે છે.

ખુદાના દીદાર કરવા માટે, પતંગીયા જેવી સાચી મહોબ્બત જગાડ. ખુદા ઉપર પતંગીયાની માફક વારીજા કુરબાન થઈ જા.

"જુઓ, પતંગિયું છે તે બત્તીની રોશની જોઈ ઈશ્ક તથા મુહબ્બત સાથે પોતાની જાત બાળી નાંખે છે- તેઓને એટલી મહોબત અને ઇશ્ક છે કે, કંઈક પતંગિયા જીવ આપી દીધે છે, તમારે પણ એવી જ મહોબ્બત ખુદા-વંદતઆલા પ્રત્યે રાખવી જોઈએ. તમે એવા આશક થાવ.

ખુદાવંદતઆલા સાથે ઇશ્ક અને મહોબ્બત કરો, ઇબાદત અને બંદગી પણ ઈશ્ક અને મહોબતથી જ કરો."

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અ.સ.

એજી હમરે પિયા પર સબહી વારિયા,
પિયા મુખ દીજે વસત પિયારીયા,
એવા વાર ફેર ઉતાર ડાલો,
કુછુક બોલણા મન ધરો,
દયા કરીને સામી રાખો અમને,
એવા વેણ મારા ચિંત ધરોજી

હું મારા પિયાની મહોબ્બતમાં, મારા પિયા પર સર્વસ્વ કુરબાન કરી બેઠી છું. પિયાને જમાડવા માટે, વહાલામાં વહાલી વસ્તુ હોય તે આપી દે, કેમ કે, પ્રેમમાં સર્વસ્વ સમર્પણની વૃતિ હોય છે.

પ્રેમમાં માંગવાનું હોતું નથી, પ્રેમમાં સોદો હોતો નથી. વેપારી બુદ્ધિનું સ્થાન હોતું નથી અને આવી બુદ્ધિ હોય તો સાચા પ્રેમનો જન્મ થઈ શકતો નથી. નિર્વિકાર અને નિર્વ્યાજ પ્રેમનું અવતરણ થતું નથી. પ્રેમમાં ત્યાગ હોય, સમર્પણની ભાવના હોય, મરી ફીટવાની તાલાવેલી હોય છે.

હે મારા મૌલા ! જન્મ–મરણનાં કારમી ફેરામાંથી છોડાવો. જન્મ–મરણનાં ફેરા દૂર કરો. મારી વેનતી અલ્પ છે, થોડી છે. તે ધ્યાનમાં લેશો તો મારો બેડો પાર થઇ જશે.

મારા પર અનુગ્રહ કરીને, મને આપના ચરણમાં રાખો. મારી આ પ્રકારની અંતરની આરઝુ તમારા મનમાં લ્યો.

એજી ચરણ તે આપના ભેટાડજો,
સુણો મારા નર અલીરે યાઅલી,
નજર કરો મોરા શામ.
અખીયું અમી ભરી રે યા અલી

(પીર હસન કબરદીન રહે)

એજી દીદારી હોવે સો એસા ચહાવે;
સાહેબજી કું છોડકર ઔર કું ન ધિઆવે,
દીદારી હોવે સો દિલ બાંધે,
નિતનિત અદકા નેહ ધરે,
એક મન હોકર નામ લેવે,
પિયુકા દરશન સો કરેજી.

જેને દીદાર કરવા છે, જે દીદાર કરવા માંગે છે, તેની અભીપ્સા, ઉત્કંઠા, અને પ્રેમની લાગણી કેવી હોવી જોઇએ? તે ગીનાનના પાઠ દ્વારા આપણુને જાણવા મળે છે.

સાચો દીદારી પોતાના પ્રીતમ–પિયુ હકીકી મહેબુબને એવી રીતે ચાહે છે કે તે ખુદા સિવાય બીજા કોઇ સાથે ઈશ્ક બાંધતો નથી. પોતાની સમગ્ર દૃષ્ટિ, અંતરની ભાવના પ્રીતમ પર જ ઠાલવે છે. ઈશ્કે હકીકીની પવિત્ર અગ્નિથી તેનું હૈયું સળગતું હોય છે.

પોતાનું દિલ પોતાના માલિક સાથે બાંધે છે. અને પ્રેમમાં નિત્ય અભિવૃધ્ધિ કરતો રહે છે. મનની એકગ્રતા પૂર્વક, મનમાં એક ધ્યાનપણુથી ખુદાના નામનું પવિત્ર સ્મરણ કર્યા કરે છે. આવી રીતે ને ખુદાનું સ્મરણ કરે છે, તે ખુદાનાં દીદાર કરી સકે છે.

એક વખત જો હું મૌલાના દીદાર કરી લઉં. તો પછી.

અબ કે મંય જો સાજન પાઉં,
હઈડે અંદર સેજ બિછાઉં,
મીલું ઉસકે નૂર સંગાથ,
ફીર દૂસરેકા નવ ઝાલું હાથ,
હઈડે તલપી મારી મારી,
કહાં સહુ એ દુઃખ હય ભારી;
દરશન દીખાવો શબ ભય હારી,
ત્રેહ ન ભજે તારી મારી...
હ. પીર સદરદીન રહે.

એજી યતીમ દાસીસું એસા ન કીજે,
મારા અવગુણ હોય સો ગુણ કરી લેજે,
હું રે અપરાધણ દાસી તોરી,
તું ચિંતા મોરી કયું ન કરો,
મારા અવગુણ હોય તો ગુણ કરો સામી,
એવા વેણ મારા ચિત ધરોજી........૮

ભક્તિનો માર્ગ એ શરણાગતિનો માર્ગ છે. પોતાની

જાતને ખુદાની સામે નમ્રતાપૂર્વક દાસી તરીકે યતીમ ' તરીકે રજૂ કરે છે. અનાથ તરીકે રજુ કરે છે. જેને મૌલા મળે છે, ખુદાની મુલાકાત થઈ જાય છે. સનાથ બની જાય છે, જ્યાં સુધી ખુદા ન મલે, જીવાત્મા ને ખુદાનો મિલાપ ન થાય ત્યાં સુધી દરેક જીવાત્મા 'અનાથ, છે. દુન્યવી રીતે જેના માથેથી માતાપિતા છત્ર ચાલી જાય તે અનાથ કહેવાય છે. રૂહાની માર્ગમાં જેને માથે રૂહાની માતા વિનાનું છત્ર ન હોય. મિલાપ થયો નહીં, હકીકત દીદારથી પાવન થયા ન હોય, તો પછી દરેક જીવ અનાથ છે.

ખુદાનું જેના ઉપર છત્ર હોય, ખુદાની રહેમત અને દયા જેના ઉપર તે યતીમ અનાથ કેમ કહેવાય? તેના જેવા ભડભાગી દુનિયામાં કોઈ નથી તેતો સુખી—સોહાગણ અને આબાદ કોઈ નથી.

હે મારા માલિક! મારા અવગુણને ગુણ કરી ધ્યાનમાં લેશો. હું ગુનેગાર દાસ છું.

તું શા માટે મારી ચિંતા કરતો નથી? મારા અપરાધોને ગુણ કરો.

એજી નહીં કુછ હોવે સો દાસી કહાવે,
અપને સાહેબજીકું એસા ચહાવે,
નહીં કુછ હોવે સો દાસી કહાવે,
નિત ઉઠ કર અદકા નેહ ધરે,
એક મન હો કર નામ લેવે;
ઇયું કરી જાલો દેહરેજી...... ૯

હું મૌલાની દાસી છું કે મૌલાનો દાસ છું. ગુલામ છું. એવું ક્યારે કહી શકાય? એવો દાસી કે દાસનો દાવો ક્યારે થાય? તેના માટે કેવા ગુણ જોઇએ?

હઝરત ઇબ્રાહીમ અહદમ (રહે.) એ એક દિવસ એક દાસ ખરીદ્યો અને પોતાના ઘરે લાવ્યા પછી એને પૂછ્યું તારું નામ શું છે?

તે દાસે કહ્યું કે આપ મને જે નામથી બોલાવશો તેમ મારું નામ.

આપે પૂછ્યું છે 'શું ખાશો?

તે દાસે કહ્યું : 'આપ જે પણ ખવડાવશો તે હું પ્રેમથી ખાઇશ.'

આપે ફરમાવ્યું : શું પહેરશો ?

ગુલામે કહ્યું : 'આપ મને જે પહેરવા આપશો તે હું ખુશીથી પહેરીશ.'

આપે ફરમાવ્યું : 'શું કામ કરશો ?'

દાસે કહ્યું : 'આપ જે હુકમ કરશો આપની આજ્ઞા પ્રમાણેનું હું દરેક કામ કરીશ.'

આપે ફરમાવ્યું : 'કેવું કામ કરવાની ઈચ્છા છે ? દાસે કહ્યું : 'માલિક ! ગુલામદાસ જે છે તેની મરજી હંમેશા માલિકની મરજીને તાબે આધિન છે.

દાસનાં બધાં જવાબો સાંભળીને આપ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને આપનું દિલ ભરાઈ આવ્યું, અને રડવા લાગ્યા કે હે મારા માલિક ! હું તારો દાસ હોવા છતાં મારામાં આ દાસ જેટલી લાયકાત આવી નથી. આ દાસનું જેવું વર્તન મારી સાથે છે તેવું વર્તન હજુ મારું તારી સાથે નથી. તું મને માફ કરીશ ? હું તારો દાસ છું. હું તારી દાસી છું હું તને વારંવાર કહું છું પણ હું તારા દાસને કયાં લાયક છું અને આપ ખૂબ ખૂબ રડવા લાગ્યા.

જેઓ પોતાને મૌલાના દાસ કે દાસી કહેતા હોય

પી. ૭

અથવા જેને ખુદાના દાસ કે દાસી બનવું હોય તેના જવાબો પણ આ રીતે જ હોવા જોઇએ.

ખુદા પૂછે કે : તારું નામ ?

તો માલિક મૌલાને કહો : હે મારા માલિક ! તું મને જે નામથી બોલાવીશ તે નામથી હું રાજી થઈશ. તે જ મારું નામ. આપ જે કહેશો તે મારું નામ. મને મારા નામનો મોહ રહ્યો નથી, 'દાસ' ને પોતાનું કંઈ નામ નથી હોતું. મને તારા નામનો જ મોહ રહ્યો છે.

ખુદા પૂછે કે : 'શું ખાશો?'

તો ખુદાને કહો : હે મારા માલિક ! તમે મને જે પ્રેમથી ખવડાવશો તે હું પ્રેમથી ખાઈશ. આ ખવડાવો કે તે ખવડાવો એવી કોઈ ફરિયાદ નહીં કરું. એટલે હું પૂરો સંતોષી રહીશ. અને ધીરજ વગરનો નહીં બનું. તું મને જે રોજી આપીશ તે હું સંતોષપૂર્વક સ્વીકારીશ અને તારો આભાર માનીશ, શુક્રાના અદા કરીશ.

ખુદા જે રોજી આપે છે, તેમાં સંતોષ નથી. આભાર અને પ્રેમની લાગણી નથી, એ અસંતોષ દુઃખનું કારણ છે. માણસો બધાં દુઃખી છે. તેનું મુખ્ય કારણ માનવીના

મનમાં અસંતોષની આગ સળગી રહી છે. તેમાં શાંતિ અને સંતોષ બળી રહ્યા છે.

ખુદા પૂછે : 'શું પહેરશો ?'

તો કહો : હે મારા મલિક ! તમે જે પ્રેમથી વસ્ત્રો આપશો તે હું પહેરીશ. આવા ને તેવા સુંદર રેશમી વસ્ત્રો આપશો એવી માંગણી નહીં હોય. કારણ કે દાસને કોઈ માંગણી કરવાની ન હોય – હું તો આપનો ગુલામ છું, આપનો દાસ છું.

ખુદા પૂછે : 'શું કામ કરશો ?'

તો કહો : તમો જે કામ કહેશો તે હું કરીશ.

તૂજભાવે સોહી કરાવો યા શાહ,
મુજ શીર દોષ મ દેજો યા શાહ,
સોહી વચન મારા મુખમાં કાઢો શાહ,
જો સાહેબ તુજ દિલ ભાવે.

'દાસ' નો દાવો કર્યા પછી દાસી કે દાસ છું એવો એકરાર કર્યાં પછી–ખુદાના બંદા એજ વિનવતા હોય છે કે, યા મૌલા ! હું તો દાસ છું. તારી દાસી છું. દાસી પોતાની ઇચ્છા પ્રમાણે નહિ, યા મૌલા ! તારી ઇચ્છા

પ્રમાણે ચાલવા માંગે છે. વળી મારા જબાનથી એવી જ વાણી ઉચ્ચારજે, જે તને ગમતી હોય. સાચા દાસે–કે દાસીએ માલિક ને ગમે તેવી જ વાણી બોલવી ઘટે.

એક તરફથી આપણે આપણી દુઆમાં, આપણી પ્રાર્થનામાં, આપણી ગિરિયાઝારીમાં, ખુદાના દાસ છીએ. મૌલાની દાસી છીએ એવો એકરાર કરતાં હોઈએ છીએ. જ્યારે બીજી તરફ ખુદાનું કહ્યું કરતાં તો નથી પછી આપણે ખુદાનાં દાસ કે મૌલાની દાસી થવાને લાયક નથી. ખુદા આજ્ઞા કરે, મૌલા ફરમાન કરે સતકર્મો કરજો, સતના માર્ગે વિચરજો, કોઈને દુઃખ આપશો નહિ, બૂરાઈ કરશો નહિ; અંતરમાં ખુદાઈ ઈશ્ક અને શ્રદ્ધા છલોછલ રાખજો. ઈન્સાનીયત અને ઈસ્લામનો જુસ્સો જાળવજો. ખુદાની આજ્ઞા પ્રમાણે ચાલતાં નથી અને ખુદાના દાસ અને મૌલાની દાસી કહેવડાવવી છીએ. દગો કરીએ છીએ – અહંકારથી ફુલી જઈએ છીએ.

ખુદા પૂછે: કેવું કામ કરવાની તમારી ઈચ્છા છે?

તો કહો: હે મારા માલિક! આપ જે હુકમ કરશો તે કામ કરીશ.

હે મારા માલિક! દાસની મરજી હંમેશા પોતાના માલિકની મરજીને આધિન છે. આપણી પોતાની કોઈ મરજી

ન હોવી જોઈએ. ખુદાની મરજીમાં આપણી મરજીનો સમાવેશ કરી નાંખવો જોઇએ.

હઝરત ઈબ્રાહીમ અદહમ (રહે.) રડતાં હતાં અને કહેતાં હતાં કે, આટલાં બધાં વર્ષો જીંદગીનાં આવ્યા ગયા, હું ખુદાનો ક્યારે દાસ બનીશ? મારામાં એ લાયકાતનો જન્મ ક્યારે થશે?

અહીં મીરાં સૈયદખાન આપણને દાસ–કે દાસી થવાનો માર્ગ બતાવે છે. "હું કંઇ જ નથી" એવી સાચી નમ્રતાનો જન્મ થાય તો દેહભાવ–દેહ અભિમાનથી દૂર રહેવાય તો જ દાસ–દાસી કે બંદા તરીકે પોતાની જાતને રજૂ કરી શકાય. પોતાની જાતને–આવી અનન્ય નમ્રતા વાળાને ખુદા બહુ ચાહે છે.

જેઓ આવા નમ્ર છે, હું કંઇ જ નથી ને ભાવના વાળા છે. તેઓને ખુદા હંમેશા ઉગારી લે છે.

"જે શખ્સ નમનતાઈ કરે છે, તેને અલ્લાહત આલા માન આપી ઉચ્ચે દરજ્જે રાખે છે. અને જે અભિમાન (ગર્વ) વાળો છે, તેને ખુદા પાક ઝલીલ—(હલકી પંક્તિનો) કરી મૂકે છે.

હદીસે શરીફ

લઘુતા સે પ્રભુતા મિલૈ પ્રભુતાથી પ્રભુ દૂરિ,
ચીંટી લે સક્કર ચાલી હાથી કે સારે ધૂરી.

કબીરવચનાવલિ, ૫૯૬

લઘુતાથી (નમ્રતાથી) પ્રભુતા પ્રાપ્ત થાય છે, પણ પ્રભુતા (માન મોટાઇ) થી તો પ્રભુ દૂર રહે છે. જુઓને. આ ઝીણી કીડી ખાંડ (સાર રૂપ વસ્તુ) લઈ ને ચાલતી થઈ (રૂહાની નમ્રતાવાળા–માનવી રૂહાની–મીઠાશ પ્રાપ્ત કરી લે છે) પેલો હાથી (અહંકારી જીવ) એ લેવા જતાં માથે ધૂળ જ ઊઘાડી મૂકે છે.

રૂહાની નમ્રતા–એ ઈબાદતનો ભાગ છે, રૂહાની નમ્રતાથી આધ્યાત્મિક સુખ અને ખુદાઈ શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક પ્રગતિ સાધવા ઈચ્છતાં–ઈબાદતી જીવે અંતરમાં રૂહાની નમ્રતા ધારણ કરવી.

એજી એક મન થઈ સાહેબજી રહીએ,
હેતેસું રંગ એસા લહીએ;

હેક મન થઈ રહીએ સાહેબજીસું,
ચાહો ઘણેરો કીજીએ,
પ્રેમ ઉપર શીશ દેવે,
તો પિયાકા દરશન સો કરેજી... ૧૦

એક મનથી, એક ધ્યાનથી, અંતરનાં વિશુધ્ધ પ્રેમથી, અનન્ય ભક્તિભાવથી મૌલાનાં ધ્યાનમાં રહેવાનું.

હઝરત ઈસા (અ.સ.) પાસે એક માણસ આવ્યો અને પૂછયું : હે પયગમ્બર સાહેબ! જીંદગીનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નિયમ શું છે? જીવનનો મુખ્ય હેતું શું છે?

ત્યારે હઝરત ઈસા (અ.સ.) મેં ફરમાવ્યું કે, તું તારા માલિકને, ખુદાને સંપૂર્ણ હ્રદયથી, સંપૂર્ણ આત્માથી અને સંપૂર્ણ મનથી પ્રેમ કર, આ સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ નિયમ છે. જીંદગીનો મુખ્ય હેતુ છે.

સંપૂર્ણ હ્રદયથી, એક મનથી – અંતરનાં ખરા ધ્યાનથી મૌલા પર પ્રર પ્રીત રાખવી.

સતગુરુ કહે રે....પૂરી પ્રીતે પિયુ મીલે,
વણ પ્રીતે દૂર જ હોય,
જલમધે જેમ કમલડી,
તેને અંગ ન ભેટે તોય રે....

સાહેબજી તું મોરે મન ભાવે,
અવર મોરે ચિત ન આવે,
દુજા મોરે મન ન ભાવે,
સાહેબજી તું મોરે મન ભાવે.
સૈયદ મહમદશાહ

સાહેબ! તારી સાથે અનન્ય પ્રેમ ભાવ અને અંતરની ભક્તિ લાગી હોવાથી, તું જ મને ભાવે છે. દુનિયાની મોહ માયા કે મમતા ભાવતી નથી. મારા ચિત્તમાં— દુનિયાનાં વિચારો આવતાં નથી. પરંતુ મારા ચિત્તમાં તારા સાથે અખંડ પ્રેમભાવ હોવાથી તું જ મારા ચિત્તમાં રમે છે. તારી સાથે એવી સ્નેહ ગાંઠ બંધાઈ ગઈ છે. રૂહાની હકીકી—સંબંધ બંધાઈ ગયો છે કે, મારા મનમાં તારા સિવાય બીજું કંઈ ભાવતું નથી. તારી ભક્તિ અને પ્રેમ જ ભાવે છે.

ખુદાઈ પ્રેમનાં ફિરસ્તા સૂફી હબીબ આઝમી પાસે એક દાસી ત્રીસ વરસથી કામ કરતી હતી. એક વખતે તે સૂફીને કંઈ કામ પડતાં આ દાસીને કહ્યું કે, બાઈ! જરા મારી દાસીને મોકલો, મારે થોડું કામ છે

પેલી દાસી શરમાઈને કહ્યું: 'માલિક હું તમારી દાસી છું અને તમારા ત્યાં ત્રીસ વરસથી કામ કરું છું. શું આપ મને ઓળખતાં નથી?

હબીબ અજમીએ કહ્યું: માફ કરજે! ત્રીસ વરસથી– મારા અંતરમાં ખુદાનો અનન્ય પ્રેમ જાગવાથી હું ખુદા સિવાય બીજા કોઈને ઓળખતો નથી. મારો સમગ્ર પ્રેમ, ખુદા તરફ રહેલો છે. મારું દિલ ખુદાઈ પ્રેમથી એટલું

બધું ભરાઈ ગયું છે. તેમાં અન્ય વસ્તુ કે પ્રેમ સમાઈ શકતો નથી,

સતગુરુ કહે રે...જેને કલેજે બાણ વાગ્યા નેહ તણા,
તેની દૃષ્ટિ અવર ન જાય,
તેનો પીંડ ચાલે મૃત્યુલોકમાં
તેની સુરતી આકાશે જાય.

જ્યારે અંતરમાં ખુદાઈ પ્રેમ જાગે છે. પ્રેમથી હૃદય જ્યારે વીંધાઈ જાય છે, ત્યારે ખુદા સિવાય બીજે કયાંય દૃષ્ટિ થતી નથી. સમસ્ત ધ્યાન ખુદામાં લાગી જાય છે. પરોવાઈ જાય છે. દેહભાવે હું સંસારમાં છું. મારો દેહી સંસારમાં છે. પરંતુ મારો આત્મા મારો પ્રેમ, મારી ભક્તિ, મારી અનન્ય શ્રદ્ધા ખુદામાં છે ખુદા સાથે છે.

"જે એકનિષ્ઠ ભક્તિ યોગ વડે (અંતરનાં વિશુદ્ધ પ્રેમની લાગણી સાથે) મને સેવે છે તે આ ગુણોને વટાવીને બ્રહ્મરૂપ (નુર સ્વરૂપ) બનવાને યોગ્ય થાય છે."

ભગવદ્ ગીતા ૧૪–૨૬

મીરાં સૌયદ ખાન ફરમાવે છે કે, અનન્ય પ્રેમભાવથી સાહેબના ધ્યાનમાં ડૂબવાનું, હૃદય પર પ્રેમનો રંગ લગાડવાનો મૌલાના રંગે રગી જવાનું પછી તેના ઉપર બીજો

કોઈ રંગ ચડશે નહિ. દુનિયાનાં મોહ–માયાના રંગ ચડશે નહિ.

"કહો : અમે અલ્લાહનો રંગ અખત્યાર કર્યો છે, (અલ્લાહના રંગે રંગાઈ ગયા છીએ) અને અલ્લાહના રંગથી બહેતર બીજા કોનો રંગ હશે? અને અમો તો એની જ બંદગી કરનાર છીએ.

'કુર્આને શરીફ' સુરા ૨ આ. ૧૩૮

સતગુરુ કહેરે....જેણે રંગ લીયા અમ તણાં,
તેને કેસા હોવે ગુમાન,
જે જેવા હોવે મોમનાં,
તે તેવા લાવે ઈમાનરે

(હઝરત પીર શમ્સ રહે.)

મૌલાના રંગમાં વધારે ને વધારે રંગવાનું પ્રેમ ભક્તિમાં ડૂબ્યા કરવાનું અને પ્રેમ માર્ગમાં શીશની કુરબાની પણ આપવાની હોય છે.

યહ તો ઘર હૈ પ્રેમકા ખાલાકા ઘર નાહિં.
સીસ ઉતારે ભૂઈ ધરૈ તબ પૈઠે માંહિં,
કબીર વચનાવલિ–૧૦૧

"આ તો પ્રેમનું ઘર છે, માશીનું ઘર નથી અહીં તો માથું ઉતારીને ભોંય ધરી દે ત્યારે જ અંદર પ્રવેશ મળે.

સીસ ઉતારૈ ભૂઇ ધરૈ તાપે રાખૈ પાંવ,
દાસ કબીરા યોં કહૈ ઐસા હોયતો આવ.
કબીર વચનાવલિ ૧૦૨

સંત કબીરદાસ કહે છે કે, માથું ઉતારીને ભોંય પર ધરી દે અને પાછો એના પર પગ દાબી દે (અહં-ભાવનું સંપૂર્ણ વિસર્જન કરીદે) તો જ પ્રેમના ઘરમાં પ્રવેશી શકે.

પ્રેમ પિયાલા જો પિયે સીસ દચ્છિના દેય,
લોભી શીસ ન દે શકે નામ પ્રેમ કા લેય.
કબીર વચનાવલિ ૧૦૪

"પ્રેમનો પ્યાલો પીનારો તો મસ્તકની દક્ષિણા ચૂકવે છે. જેને પ્રેમની મધુરતા માણી – તે હસતો હસતો માથું આપી દે છે) લોભી તો પ્રેમનું નામ જ લીધા કરે છે. એનાથી માથું આપી શકાતુ નથી."

સતગુરુ કહે રે....પીયુ પીયુ તો સબ જુગ કરે,
પણ પીયુ ન પાવે કોઈ,
મુખ જપંતા જો પીયુ મીલે,
તો સીર સાટા ન હોયરે....

હઝરત પીર સદરદીન રહે.

એજી પ્રેમ તંતવ જેસા ન દેખું કોઇ,
સાહેબ રીઝે કરીએ ભી સોહી,
પ્રેમે મોહિયા જે મૂવા,
તેનો ભલો જીવિયો સંસારરે,
કરતવ આછા કીજીએ
તો સાહેબ લંગાવે પારજી........

ઈશ્કના મઝહબ જેવો એક પણ મઝહબ નથી. પ્રેમ તત્ત્વ સૌ તત્વમાં ચડીયાતો છે. પ્રેમના તત્વથી ખુદાને પામી શકાય છે. આ ઈશ્કથી અલ્લાહ રીઝાય છે. અલ્લાહને રાજી કરવાનો માર્ગ ઈશ્ક છે.

જેઓ પ્રેમમાં જીવ્યા, પ્રેમમાં ફનાહ થયા, ઈશ્કમાં કૂરબાન થયા, તેમને ધન્ય છે. તેઓએ જીવી જાણ્યું અને મરી જાણ્યું.

એવા સતકર્મો કરો, પ્રેમ સભર કર્મ કરો જે ઈબા-દતમાં રૂપાંતર થાય. યાને કે જે કર્મ અંતરનાં પ્રેમથી કરવામાં આવે છે. તે કર્મ ઈબાદત બની જાય છે. માટે એવા પ્રેમથી ભરેલાં – પ્રેમ પૂર્ણ કર્મ કરો જેથી મૌલા આ સંસાર સાગર પાર ઊતારે અને પ્રેમનાં પરિબળનાં કારણે મૌલા સૌ જીવોને સંસારમાંથી ખુદાઈ – નૂરનાં કિનારે પાર ઊતારે.

સખી ખાલક ખલકણહાર, તેણે લઈ તાર્યા રે....
પીર સદરદ્દીને પકડી બાંય, ભવ સાગર ઊતાર્યા રે.
(હઝરત પીર સદરદ્દીન રહે.)

એજી હમ ગુનેહગાર બંદા ભી તેરા
સાર કરો સાહેબ મોરી સવેરા,
સાર કીધી સાહેબજીએ મોરી,
રંગ રલિયા કરો સહેલિયાં
નરને પરસાદે મીરા ભણે સૈયદખાન,
ભાગા તે દુઃખ દોહે લિયાજી...(૧૨)

યા મારા મૌલા ! મારા મનના માલિક ! હું ગુનેહગાર છું, પણ તારો છું. તેનો મને આનંદ છે. અને તું મારો છે. માટે મારી ખબર લ્યો, મારી સાર લ્યો.

ખરેખર સાહેબે મારા પર ખુશ થઈ, અનુગ્રહ કરીને, મારી ખબર લીધી, હે દોસ્તો ! હે મારી સખીઓ ! ખુશી મનાવો, આનંદ કરો. પ્રેમમાં મુગ્ધ બનો. પ્રેમમાં રંગાઈ જાવ. કારણ કે મારા મૌલાએ મારા જનમ મરણનાં દુઃખ ભાંગી નાંખ્યા છે. મને દોહાગણમાંથી સોહાગણ બનાવી દીધી છે.

આ જનમ-મરણનું બંધન તૂટે એજ ખરું સુખ. આત્મા પછી અનંતમાં લય થઈ જાય છે. જેમ સરિતા સાગરમાં દરિયામાં મળે છે. તે પ્રમાણે હું નૂરનાં દરિયામાં સમાઈ ગઈ છું. આત્માની અનાદિ કાળની તાલાવેલી, ઝંખના અને પ્યાસ નૂરમાં સમાવવાની છે. એ પરમ સુખ મળતાં આત્મા આનંદવિભોર બને છે. આ સુખ માણતાં સખીઓને કહે છે કે, આનંદ માણો ખુશી થાવ અને પ્રેમથી અંતરને રંગો.

મૈં અપરાધી જનમકા નખશિલ ભરા બિકાર,
તૂમ દાતા દુઃખ ભંજના મેરી કરો સમ્હાર...

હે મારા માલિક ! હું તો જનમોજનમથી અપરાધી છું. મારામાં નખશિખ વિકારો ભરેલાં છે. પણ તમે દયાળુ અને દુઃખભંજન છો. સ્વામી ! મારી સંભાળ લ્યો.

અવગુન મેરે બાપ જી બકસ ગરીબ નિવાજ,
જો મૈં પૂત કપૂત હૌં તઉ પિતાકો લાજ.
સંત કબીરવાણી.

હે બાપજી! હે દયાળું! મારા અવગુણોને તમે માફ કરી દો. હું, તમારો પુત્ર જો કપૂત છું તોયે લાજતો પિતારૂપ તમને જ લાગશે ને?

એજી કર જોડીને એમ માંગુ હો સાહેબ,
આશ હમારી યા અલી પુરોજી,
હમે ગુનેહગારી બંદો દો સારી,
મારો જીવડો છે તમારે હજુરજી.
એજી વાચા પાળો મારા કાયમ સામી,
અમે આવ્યા છીએ તમારે શરણેજી,
અતિ અધિન થઈ પાય જ લાગું,
તો પાપ હમારા યા અલી પરહરો....
કલામે સૈયદ અબ્દલ નબી (રહે)

'હે અલ્લાહ! મારા સર્વે પાપોને ક્ષમા આપજે મેં આજ સુધી કર્યાં હોય તેની અને હવે પછી જે મારાથી

થઇ જાય તેની પણ, જે પાપ મેં છાનામાના કર્યાં હોય તેની પણ, અને જે કોઇ બાબતમાં મેં મર્યાદા ઓળંગી હોય તેની, અને બીજી વસ્તુઓ જે મારામાં મને દેખાય તે કરતાં તને વધારે દેખાતી હોય, તેની બધાંની ક્ષમા આપ. તું જ સૌનો આદિ અને તું જ સૌનો અંત છે. તારા સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી.

હદિસે શરીફ—મુસ્લિમમાંથી

૫

સંઈયાજી મોરે ડર લાગ્યો

કર્તા : ઇમામ બેગમ

સઇયાંજી મોરે ડર લાગ્યો એક દિનકો,
દિન કો રે ઘડી પલકો...સઇયાજી (૧)

ઈમામ બેગમ ફરમાવે છે કે, મને એક દિવસનો, એક ઘડીનો, એક પળનો ભય લાગ્યો છે. કંઈ પળનો ? કંઈ ઘડીનો ? કઇ ક્ષણનો ડર લાગ્યો છે ? મૃત્યુની ક્ષણનો ? જ્ઞાનીને કદી મૃત્યુનો ડર હોતો નથી. મૃત્યુ તો જ્ઞાની માટે મોમિન માટે આશીર્વાદ રૂપ છે

'નેક માણસ માટે મૃત્યુ એક પુલ છે જે પરથી પસાર થઈ દોસ્ત પોતાના દોસ્તને જઇને મળે છે.'

હદીસે શરીફ

'મોમન શખ્સ છે તે, મોતથી જરા પણ ડરતો

પી. ૮

નથી.' મોમન છે તે તલવાર અથવા કોઈ બીજા હથિયાર તેમ મોતથી પણ ડરતો નથી. મોત તો મોમન વાસ્તે ખુશીનો દિવસ છે, કારણ કે આ શરીરના બંધીખાનામાંથી છૂટી જવાનો તે દિવસ છે.'

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અસ.

જ્યારે ઈમાની અને ઈબાદતી જીવ મૃત્યુનાં પુલ ઉપર થઈને પોતાના પરમ પ્રેમાળ દોસ્ત ખુદા ને જઈને મળે છે.

મોમિન છે, કદી મૃત્યુથી ડરતો નથી. કેમકે મૃત્યુ એટલે ખુદાને મળવાનો અપૂર્વ દિવસ. તો પછી કઈ પળનો ભય શા માટે? જ્ઞાનીનું આત્મિક ખાતું ચોખ્ખું હોય છે જીવન કિતાબમાં ધર્મનાં અક્ષરો મંડાણા હોય છે એના માટે તો મૃત્યુ અનંતમાં લય થવાનો દિવસ.

જ્ઞાની જન તો એક પળ ખુદાથી દૂર રહે, તો તેના માટે મૃત્યુ સમાન છે.

કદાચ એમ પણ હોય કે; મૃત્યુનો દીન આવે, મૃત્યુની પળ આવે, તું મારી સામે નહોય એવો મને ડર લાગી રહ્યો છે. જ્ઞાનીનું તો અલ્લાહનાં દરબારમાં તો ફિરસ્તાઓ સ્વાગત કરતાં હોય છે.

જ્ઞાનીતો દ્રઢતાપૂર્વક કહી શકે કે મૃત્યુ હિને મૌલા તું મારી સામે પ્રગટ થજે. તારે આવવું જ પડશે.

એજી તે દિન સામી મારા પાસ તેડાવજો,
પકડી લેજો તે મારો હાથ દાસી છું તેરી.

જ્ઞાની આત્માને દેહીના મોહ હોય ખરો ? વધારે જીવવાની, તાલાવેલી હોય ખરી? અને ન હોયતો પછી એક પળનો બેગમ ઈમામને ડર શા માટે ?

એમ હોય કે, સામાન્ય દુનિયાદારીવાળા માણસ, સંસારમાં ડુબ્યા રહેતાં, ફસેલા રહેતા ઈન્સાનવતી ઈન્સાન માટે બોલી રહ્યાં હોય, વાચા આપી રહ્યાં હોય તો ના નહિ.

મારાથી કોઈ અપરાધ ન થઈ જાય. એવી પળથી ડરું છું કે, મારાથી કોઈ ગુનાહ થઇ જાય અને તું મારાથી નારાજ થઈ જાય અને નારાજનાં કારણે મારાથી વિમુખ થઇ જાય આવી પળથી – ક્ષણથી હું ડરી રહી છું.

કાચી મિટીકો ઘાટ ઘડુલો;
ફૂટતાં ન વાગીઓ રણુકો સઈયાજી ૧

આ કાયા, કાચા માટીના વાસણ જેવી છે. જેમ

કાચી માટીના વાસણને ફુટતાં સમય લાગતો નથી એવી આ દેહી છે.

જીરે વીરા કાચા ઘડુલા જેસા તમે આદમીરે હાથે પડીયા સો ભાંગા,

આ કાચી માટીના ઘડાજેવા દેહનો મોહ શો ?

એજી કાયા માયા રૂડી દેખી ઉસ પર તું મોહત હય, દુનિયા કે ધંધે મેં મગરૂર કયું હોતા હય ?

આ માટીનાં દેહ ઉપર અહંકાર શા માટે કરવો ?

"ખબર પડતી નથી કે આદમના દીકરાઓ શી વાત ઉપર ગર્વ કરે છે ને અક્કડ રહે છે, તેની હકીકત એવી છે કે પ્રથમ તે ધાતુનું બિંદુ હતું ને છેવટે મુરદાર થઈ જશે, પોતે પોતાનું ભરણપોષણ કરી શકતો નથી ને પોતાના મોતને પોતે હઠાવી શકતો નથી."

કલામે હઝરત અલી અ.સ.

દેહીનું મૂલ્ય કેટલું ? દેહીતો ખુદાને પામવાનું અને ખુદામાં સમાવવાનું સાધન છે, દેહીનું જતન કરવાનું કારણકે દેહી ખુદાને રહેવાનું મંદિર છે. અને શુદ્ધ અને પવિત્ર તો રાખવાનું. પણ મોહ નહિ. દેહીના અહંકાર

નહિ, દેહી [શરીર એ મોક્ષનું સાધન છે. રૂહને છોડાવવાનું સાધન છે એમ સમજી એને જતન કરવાનું.

આરે કાયા ફૂલનકી વાડી,
મિરગ ચરે અરે બનકો સઇયાંજી ૨

આ કાયાતો સંસારરૂપી—દુન્યવીરૂપી ફૂલનો બગીચો છે. એમાં મૃત્યુરૂપી મરગ મૃગ જીવનનો ચારો ચરે છે. આ કાયારૂપી ફુલનીવાડી ક્યારે કરમાઇ જાય તે કહેવાય નહિ પણ જ્યાં સુધી આ કાયા ફુલનીવાડી છે, ત્યાં સુધી જીવન ફુલોમાં મારફતની સુગંધ પ્રસરે પ્રેમની મધુરતા પ્રગટે, સદ્‌ગુણોની સુવાસ મહેંકે એવા પ્રયાસ-પુરૂષાર્થ-ઈબાદત-બંદગી-રૂહની ઝિકર ફિકર કરવાની છે. જીવન ફુલ કરમાય તે પહેલાં સર્વત્ર પ્રેમની સુવાસ ફેલાવો - જે સુવાસ - મૌલાના હૃદયને સ્પર્શી જાય.

"તમારા શરીર સંસારમાંથી નીકળી જાય, તે પહેલાં તમે તમારા મનમાંથી સંસારની પ્રીતિ કાંઢી નાંખો કેમકે એ તમારી પરીક્ષાનો સમય છે. તમને બીજા જ ઘર માટે પેદા કરવામાં આવ્યા છે."

હઝરતઅલી. અ.સ.

એજી દિન સાહેબ સબકું બોલાવે,
તો લેખા લેશે તિલ તિલ કો સાંઇયાંજી

મૃત્યુ તો અનિવાર્ય છે, નિશ્ચિત છે. એક દિવસ સાહેબ પોતાની હજુરમાં--પોતાના દરબારમાં બોલાવવાના ને, અને આ દુનિયામાં જે કૃત્યો કર્યાં હતાં, તેનો અદલ ઈન્સાફ કરવાના છે.

"કયામતનો દિવસ આવશે ત્યારે તમને પૂછવામાં આવશે કે, આમાલ કેવા કીધા હતા ? જો સારા કરેલા હશે તો જન્નતમાં લઈ જવામાં આવશે. સારું નરસુ તમારા હાથમાં છે.

કલામે હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)

"પછી જ્યારે તે મોટી આફત (કયામત) આવશે જે દિવસે માનવી પોતાની કરણી યાદ કરશે અને દરેક જોનારની સામે જહન્નમ ઉઘાડીને મૂકી દેવામાં આવશે તો જેણે માથું ઉંચક્યું હતું અને દુનિયાના જીવનને પસંદગી આપી હતી, જહન્નમ જ તેનું ઠેકાણું હશે. અને જેણે પોતાના રબની સમક્ષ ઊભા થવાનો ભય રાખ્યો હતો અને મનને ખરાબ ઇચ્છાઓથી દુર રાખ્યું હતું જન્નત તેનું ઠેકાણું હશે."

કુર્આને શરીફ સૂરા અનનાઝેઅત

"જ્યારે આકાશ ફાટી જશે, અને જ્યારે તારાઓ વિખરાઈ જશે, અને જ્યારે સમુદ્રો ફાડી નાખવામાં આવશે, અને જ્યારે કબરો ઉઘાડી નાખવામાં આવશે, ત્યારે દરેક

મનુષ્યને તેના આગળ પાછળના બધાં કરેલાં અને ન કરેલા કાર્યોની ખબર પડી જશે.

કુર્આને શરીફ સૂર અલ ઈન્ફેતાર

સતગુરુ કરે છે...લેખા થાશે ગુરનારના હજુરમાં
અને પાસે ગુર બેસાડી જાણ,
ત્યાં ધરમ તમારો તોલશે,
અને ચડશે કાગળે જાણરે...

કહેત ઈમામ બેગમ સુનો મેરે ભાઈ
તો ધોખો ભાંગિયો પેલા ભવકો....સઈયાજી

ઈમામ બેગમ ફરમાવે છે કે,

મારા મૌલાએ મારી આકબત સુધારી, બીજી દુનિયાના ધોખો દુર થઈ ગયો છે. બીજી દુનિયામાં ખુદા ખુશ થઈ દીદારથી પાવન કરશે. બીજી દુનિયાનો ડર લઈ લીધો અને મને તેની છત્ર છાયામાં લઇ લીધો છે.

દુઆ બંદગી ગિરિયાઝારી, ઈશ્ક અને તસબીના લીધે મૌલાએ રહેમ કરી અને બીજી દુનિયા માટે તકલીફ દૂર કરી.

"જે નેક કાર્યો કરે, પછી તે પુરુષ હોય કે સ્ત્રી પણ હોય તે મોમિન, તો એવા લોકો જન્નતમાં પ્રવેશ કરશે."

કુર્આને શરીફ સૂર નિસા આ. ૧૨૪

"જે નેક કાર્યો કરે, પછી તે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મોમિન તો અમે તેને પવિત્ર જીવન જીવાડીશું અને એવા લોકોને તેમનું વળતર તેમનાં શ્રેષ્ઠ કાર્યોના પ્રમાણમાં આપીશું."

કુર્આને શરીફ સૂર નહલ આ. ૯૭

"જે નેક કાર્યો કરે, પછી તે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મોમિન, તો આવા લોકો જન્નતમાં પ્રવેશ કરશે ત્યાં તેમને બેહદ રોજી આપવામાં આવશે."

કુર્આને શરીફ સૂર મોમીન આ. ૪૦

જે સાચા મોમિન (શ્રધ્ધાળુ) છે જેના નેક અમલ છે, જે ઈબાદતી છે ખુદાઈ ઈશ્કનાં પરમાના છે. તેને કદી પણ એક પળનો એક ઘડીનો ડર હોતો નથી તે તો હસતાં હસતાં ખુદાના ઘરે ચાલ્યો જાય છે.

સાહેબ તો જ્ઞાની માટે, સાચા મોમિન માટે દોસ્ત

છે. એ પરમ અને પ્રેમાળ સખા જ્યારે બોલાવે ત્યારે આનંદ સાથે જવું જોઈએ. જેમ એક મિત્રના ઘેર જતાં અને મિત્રને મળતાં જેવો આનંદ થાય છે તેથી અધિક આ પરમ સખાને મળવા જવા માટે થવો જોઈએ.

જ્યારે ખુદા સાથે અખંડ પ્રેમભાવ ભક્તિભાવ જન્મે છે, ત્યારે મૃત્યુનો ભય આકબતનો ભય દુર થાય છે. અને ખુદાના ઘરે ન્યાયના દિવસે નૂર ચમકતું હશે તેમના ચહેરા પર.

“ કેટલાક ચહેરા તે દિવસે ઝળહળી રહ્યાં હશે, પુલકિત અને આનંદિત હશે. અને કેટલાક ચહેરાઓ ઉપર તે દિવસે ધુળ ઉડતી હશે અને કાળાશ છવાયેલી હશે. આ જ કાફિર અને દુરાચારી લોકો હશે.”

કુર્આને શરીફ સૂર અબસ

કિયામત કે દિન કોઇ મોંહો કાલે,
કોઈ મોંહો હોવે સફેદ,
વએ રાતમેં બંદગી કીતી,
સાચે સીદકસે ઉને પાઈ ઉમેદ
કલામે માૈલા.

“ હંમેશાં જુઓ તો મોટાઈ ખુદાની છે. મોમનના માથે નુર હશે તે જોઈ કેટલાક તે દિવસે અફસોસ કરશે કે, શા માટે અમે એવા સારા કામ ન કર્યા ?

૬

જીરે ભાઈ કાયમ આયા શાહ જીયું અનંત એ વધાયું

રચનાર – પીર સદરદીન (રહે.)

(૧) જીરે ભાઈ કાયમ આયા શાહ જીયું
અનંત એ વધાયું
ચારો ચઉદ્દીશે ચાંદ્રુણા ભલે હુવા

અર્થ : એ મારા ભાઈ! ઝમાનાનાં સાહેબ – ઈમામે ઝમાન જે હંમેશા કાયમ રહેવાવાળા છે. જે કયામત સુધી રહેનાર છે. આદી અને અંતમાં જે નૂર હતું અને છે અને રહેનાર છે તે ખુદાઈ નૂર ધરાવનાર ઈમામે ઝમાન પધાર્યા છે. તેની તમોને અપરંપાર ખૂબ ખૂબ વધારણી છે. સુબારકીઓ છે.

એ મૌલાના પુનિત આગમનથી સર્વત્ર રોશની ફેલાઈ જાય છે. ચંદ્રમાં જેવી રોશની અને શીતળતા ફેલાઈ જાય છે.

સામી રાજે આવે ને જંગી ઢોલ બજાવે,
ચઉદીશે ચંદ્રુણા હુવા, રેહો પ્રાણીયા કાયમજીને
આરાધો

(૨) જીરે ભાઇ સુતડા રે ગાફલ આંહીં
જાગો મોરાભાઇ
અજ નૂર શાહ અલી પિરગટ ભલે હુવા

અર્થ :

એ ભાઈ! તમે ગફલતની ઊંઘમાં – અજ્ઞાનની ઊંઘમાં પડેલાં છો, તેમાંથી જાગૃત થઈ જાય.

સત ગુરુ પધાર્યા તમે જાગજો,
રૂડા મુનીવર ભાઈ જી....

જેઓ જીવનનાં ધર્મ અને મર્મ જાણે છે, તે જાગેલાં છે, જેઓ પોતાનાં આત્માને ઓળખે છે, તે જાગેલાં છે. જેઓ પોતાની દીની અને દુન્યવી ફરજો અદા કરે છે. તે સદા જાગૃત છે. આવી 'આત્મ જાગૃતિ' જીવનને ઉન્નત, દિવ્ય અને ખુદામય બનાવે છે.

જાગૃત થાઓ કેમ કે આજે મૌલા મુર્તુઝાઅલી (અ.સ.)નાં નૂરની ઝહુરાત થઈ છે. આ નૂરની જેને 'શનાખત,' 'દિવ્ય સ્વરૂપ'ની ઓળખ થાય છે. તે સદા જાગેલાં છે.

(૩) જીરે ભાઈ (જસ કેડે મોમને આછી
કરણી એ કમાઈ,
યારાં આગળ તિસ ફળ ઢોયા.

અર્થ : ઓ ભાઈ! જે મોમિનોએ આ જિંદગીમાં નેક આમાલ – સતકર્મો કર્યાં હશે, તેઓને જ આવતી દુનિયામાં બીજા દુનિયામાં તેનાં ફળ મળશે.

'અને જે લોકો ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમની બદીઓ તેમનાથી દૂર કરી દેશું, અને તેઓ જે કર્મ કરતાં હતાં તે કરતાં ઉત્તમ બદલો અમે તેને આપીશું.'

કુર્આને શરીફ સૂરા. ૨૯ આ ૭.

'તમને તમારા શુભ કાર્યોનાં જ સારા ફળો પાલનહાર આપશે. પોતાની ઉન્નતિ ભલા કામથી સાધશે'

કુર્આને શરીફ સૂરા. (૧૮–૪૬)

"અત્રે દુનિયામાં આંબા વાવશો તો તેમાં આંબા પેદા થશે. જો લીંમડો વાવશો તો લીંબડો પેદા થશે. જેવું વાવશો તેવું લણશો, તેમાં કોઈ પણ શંકા નહિ લાવશો.

કલામે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

(૪) જીરે ભાઇ જિસ કેડે ભાઈડે હિતે
આંખ સે ભલેરી,
યારાં આગળ તિન ફલ તેસા.

હે ભાઈ! જે દીનભાઇની ભલાઇ – પ્રેમ – લાગણી – અને માનવતાનાં ગુણો દ્વારા આ દુનિયામાં સારી સુવાસ હશે, તો આવતી દુનિયામાં – બીજી દુનિયામાં પણ તેઓને એવું જ સુંદર ફળ મળશે.'

અમલ સેં જિંદગી બનતી હૈ જન્નતભી જહન્નમભી,
ખાખી અપને ફિતરતસેં ન નારી હૈ ન નૂરી હૈ.
ડો. ઇકબાલ

(૫) જીરે ભાઇ માટી સો મિટડીમાં મિટી
રીડી ભીડી જાએસે
યારાં કંકુડા ધરણી હી દેહી.

હે ભાઇ ! તારી કંકુ જેવી સુંદર રંગીન – સૌંદર્ય શાળી દેહી ! એક દિવસ માટીમાં માટી થઈ જશે. માટીમાં મલી જશે. (માટે માટીમાં મળે તે પૂર્વે તું ખાકમાંથી પાક થઇ જા.)

(૬) જીરે ભાઇ જીવડો ને પિંઢડો સચે,
સાહેબ એ વહીણું,
તેંજે બાના તો ગિરભ જ કૈસા.

અર્થ :– તારું શરીર અને આત્મા સાચા માલિક ખુદાનાં જ છે. (જ્ઞાન દ્રષ્ટિએ સઘળું ખુદાનું જ છે. આપણું તો કંઇ જ નથી. માટી–માટીમાં મળશે રૂહ–ખુદાનાં નૂર તરફ જશે. તેમાં સમાશે. તો પછી આપણું શું ? આ દેહી ઉપર ખોટું મમત્વ શું કામનું ? આ દેહ ઉપર અહંકાર શું કામનો ?

એજી કાયા–માયા રૂડી દેખી ઉસ પર તું મોહત હૈ,
દુનિયા કે ધંધે મેં મગરૂર કયું હોતા હૈ....

હે બંદા ! આ કાયા ઉપર અભિમાન શા માટે કરે છે ?

કબિરા ગર્વ ન કીજીયે કાલ ગર કેસ,
ના જાનીં કિત મારિ હૈ કયાં ઘર કયાં પરદેશ.

સંત કબીર કહે છે કે, "કશાનુંયે અભિમાન ના કરીએ. કાળે જીવનો ચોટલો હાથમાં પકડેલો જ છે. ઘરમાં કે પછી પરદેશમાં. એ ઝાપટ મારીને કયારે એનો કોળિયો કરી જશે તેની કશી જ ખબર નથી.

(૭) જીરે ભાઈ ગિનાન અમીરસ પીર
ભણાવે સદરદીન.
યારાં હિરે સંસાર શું નેડો ?

જ્ઞાનનું અમીરસ પીવડાવતાં પીર સદરદીન (રહે.) ફરમાવે છે કે, આ ક્ષણભંગુર, નાશવંત અને અલ્પ રહેવાવાળો સંસાર સાથે શું સબંધ રાખશો ? શું સ્નેહ રાખવો ? ઇશ્ક-ખુદા સાથે બાંધ.

આવા શાહપીર સાહેબ સાથે જેણે જીવે યારીયા,
તેણે દિલ થકી દુનિયા વિસારીયા...તમસુ પ્રીત બંધાણી.

૭

એ સભાગા, ઇસ દુનિયા ધે વીચ કીયા ગીન આવે !

રચનાર : પીર શમ્સ (રહે.)

સભાગા એ પીર શમ્સ સબ્ઝવારી (રહે.) નો મુરીદ હતો, શિષ્ય હતો. પીરે પોતાના પીરાતન કાળ દરમ્યાન બદક્શાનનાં દેશો તરફ દાવતી કાર્ય, ધર્મ ઉપદેશ કરવા અને ઇસમાઇલી દીનની રોશની ફેલાવવા માટે નિમણુંક કરી હતી. પરંતુ ત્યાં ધર્મ જ્ઞાનના ફેલાવવા કરવાને બદલે તે દુનિયામાં ફસાઈ ગયો, લોભ–મોહ-માયામાં ફસાઈ ગયો. પોતાનું 'જીવન કર્તવ્ય'–દીનની રોશનીનું કાર્ય ભૂલી ગયો. આથી પીરને ઘણું દુઃખ થયું, એટલે તેમણે સભાગા ને પાછો બોલાવ્યો અને દુનિયાની મોહમાયા તેના દિલમાંથી દૂર થાય. અને કર્તવ્ય ભાવનાની રોશની તેના અંતરમાં પ્રગટે એટલા માટે તેને કેટલીક નસીહતો ફરમાવી, ધર્મબોધ આપ્યો, જે આ ગીનાન દ્વારા આપણે જાણીએ, અંતરમાં ઝીલીયે.

આપણે બધાં પણ આ દુનિયામાં આખરત કમાવવા

દીનને રોશન કરવા, ખુદાઈ કાર્ય કરવા આવ્યા છીએ. રૂહને છોડાવવા આવ્યા છીએ. અને આપણે પણ દુનિયાનાં કાર્યો કરવામાં પડી ગયા છીએ. મોહ–માયામાં આપણે ફસાઈ ગયાં છીએ. માટે આપણે સૌ 'સભાગા' જ છીએ. પ્રત્યેક 'જીવને' લાગુ પડતું સ્પર્શતું ગીનાન છે. આખરે પ્રત્યેક ગીનાનનો હેતું ગીનાની (જ્ઞાની) બનવાનો છે. કર્તવ્ય ભાવના અને આત્મ જાગૃતિ જ છે.

એ સભાગા,
ઇસ દુનિયા ઘે વીચ કીયા ગીન આવે,
કીયા ગીન વઇસી નાલ, સભાગા...

પીર શમ્સ (રહે.) સભાગા ના આત્માને ઢંઢોળતા, અજ્ઞાનની ઊંઘમાંથી જગાડતાં ફરમાવે છે કે, અય સભાગા, જ્યારે તું આ દુનિયામાં આવ્યો હતો, ત્યારે તું તારી સાથે શું લાવ્યો હતો ? અને જ્યારે તું આ ફાની દુનિયા છોડીને જઈશ–દુનિયામાંથી ખુદાની ઘર તરફ પાછો ફરીશ ત્યારે તું શું લઈ જઈશ ?

જાયેગા જબ યહાંસે કુચ સાથ ન હોગા,
દો ગજ કફનકા ટુકડા તેરાહી લીબાસ હોગા.

પી. ૯

(૨) એ સભાગા,
નાગો તું આયો, નાગો તું વઈસી,
કર ગીન વણજ વેપાર

અય સભાગા, તું આ દુનિયામાં ખાલી હાથે આવ્યો છે, અને પુનઃ ખુદાનાં ઘર તરફ – પણ ખાલી હાથે જનાર છે. માટે તું આ દુનિયામાં પોતાના જીવ માટે ઉત્તમ કરણી કરી લે. (જેથી તારા જીવનો છૂટકારો થાય)

સફરકા સૌદા કર લે મુસાફીર,
અસલ વતન કો જાના હોગા.

"જો તમે દીનનું કામ નહિ કરો, અને મરી જશો ત્યારે ઘણાં પસ્તાશો, બધાં ઉપર મોત છે."

કલામે હઝરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ
(અ. સ.)

(૩) એ સભાગા
નાગો તું આયો, નાગો તું જાયસી,
કુછ ન મિલશી નાલ, સભાગા...

અર્થ :– અય સભાગા, (તું આ દુનિયામાં) ખાલી હાથે આવેલ હતો, અને ખાલી હાથે પાછો જઈશ. અર્થાત

વસ્ત્ર હીન દશામાં જન્મ્યો હતો, અને એ હાલતમાં પાછો ફરીશ. અર્થાત તારી સાથે કોઇ ચીજ આવશે નહિ.

કયાં લાયા થા સિકંદર ઔર કયાં લે ગયા ?
ભીતરસેં દો હાથ ખાલી કફનમેં રે ગયા.

મૌલાના હાજર ઇમામે ફરમાવ્યું છે કે, " અમે ઇચ્છીએ છીએ કે, અમારા રૂહાની ફરઝંદો એ યાદ રાખે કે તમે પૈસાદાર હો અથવા ગરીબ પરંતુ બંદગી તમારા માટે પાયાની, ફરજીયાત અને જરૂરી વસ્તુ છે, જયારે તમે દૈહિક રીતે આ દુનિયા મૂકી જાવ છો ત્યારે તમે તમારી સાથે તમારી દુકાન લઈ જઈ શકતા નથી તમારો ઉદ્યોગ તમે તમારી સાથે લઇ શકતા નથી, તમારા પૈસાને તમે તમારી સાથે લઈ શકતા નથી, તમારા કપડાંને તમે તમારી સાથે લઈ શકતા નથી. તમારી જે વસ્તુ અમર છે તે તમારો આત્મા છે. આ કયારે પણ ભૂલશો નહિ. "

મૌલાના હાઝર ઈમામ

એ સભાગા

પેર પશાર પીયા વીચ ચોકે,
કોલ ન આવે કરધે સભાગા.

અર્થાત : અય સભાગા, એક દિવસ એ આવશે

મૃત્યુ પામીશ, અને – મૃત હાલતમાં ચૌકી (તખ્તા) પર પગ લંબાવી – પડયો હોઈશ' આ સમયે – તારા અચેતન મૃત દશાને વરેલા દેહીની પાસે ડરના માર્યે કોઈ આવશે નહિ.

કબીરા કબીરા કયા કરે, ઉઠકે ખુદા સંભાર;
એક દિન ઐસા આયેગા, લંબે પાઉં પસાર.

(૫) એ સભાગા, રલ ભીરાવે વીધીયા કીતી,
હોએ હવાદે રળદે, સભાગા.

અર્થાત : અય સભાગા, ત્યારબાદ તારા સગાવહાલાઓ, સ્નેહીઓ, કુટુંબીજનો, તારા ભાઈઓ તને વિદાય કરશે, કબ્રસ્તાનમાં લઈ જઈ દફનાવી લેશે અને કહેશે કે, રબ–ખુદાને આધિન થઇ જા.

(૬) એ સભાગા, દેહી તેરી ઉપર ઘાસ જમેસી,
ગૌવા ચુગસી ઘાસ, સભાગા.

અર્થાત : અય સભાગા, તારી આ દેહી ઉપર માટીમાં મળ્યા પછી, તારા દેહીની માટી ઉપર ઘાસ ઉગશે. અને ગાય – ભેંસ વિગેરે પ્રાણીઓ ઘાસ ચરશે.

યેહી બદન પર ઘાસ ઉગેગી,
ગઉવા ચરેગી બનવા,
મુખડા કયાં દેખો દરપનમેં,
તેરે દયા ધરમ નહિ મનમે.
(સંત વાણી)

(૭) એ સભાગા,
દેહી તેરી ખાક મેં રલેસી,
કીડે ખાવન માસ સભાગા.

અર્થ : દેહીની ક્ષણ ભંગુરતા પ્રત્યે નીર્દેશ કરતાં પીર ફરમાવે છે કે, (જે શરીરનાં સુખ ખાતર તું તારું કર્તવ્ય ભૂલીને – માયા – મોહ – મમતા અને દુનિયામાં ફસાણો છે) તારી દેહી, તારૂં – શરીર માટીમાં માટી થઈ જશે. માટીમાં મલી જશે.

કરલે શંગાર ચતુર અલબેલી,
સાજન કે ઘર જાના હોગા,
મીટ્ટી બીછાવન, મીટ્ટી સુલાવન,
મીટી મેં મીલ જાના હોગા.
સંતવાણી

(૮) એ સભાગા,
જીનુદે કાર તું કુડ કમાયા,
સે નહીં નીભસી નાલ, સભાગા.

અર્થાત : હે સભાગા. (તું તારો જીવનધર્મ ભૂલીને) તારા કુટુંબીજનો માટે – આ દુનિયાના લોકો માટે, તું ખોટી કમાઈ કરી રહ્યો છે. તેઓ પણ તને સાથ નહીં દેશે. અર્થાત તારી સાથે નહીં આવે. તારા જીવને છોડાવવા કોઈ સાથે નહીં આવે

એજી કેના છોરૂ ને કેના વાછરૂં,
હારે કેના માઈને બાપ,
અંત કાળે જાવું જીવને એકલા,
હાંરે સાથે પૂણ્ય અને પાપ.
હારે મન ભમરા તું લોભીઓ.

કલામે પીર

(૯) એ સભાગા,
તતીયા થંભીયા તીસ ગલે લગસી;
કુક કહે દાદો દાઢ, સભાગા.

અર્થાત : અય સભાગા, ઇન્સાફનાં દિવસે જયારે

આવા ગુનેહગાર માનવીઓને ધગધગતા થાંભલાઓથી અડાડવામાં આવશે. ત્યારે તે જોર જોરથી – ચીસો પાડશે.

એજી સો સો કરણીએ તીયાં સૂરજ તપશેજી;
તીયાં કીયા છીપણા; કીયાઢુંઢણા મેરે જીવડું.

(૧૦) એ સભાગા,
સાહેબ રાજો જબ લેખા મંગસી;
જો કીતે સો ભર દે સભાગા.

અર્થાત : અય સભાગા, કયામતનાં દિવસે જ્યારે ખુદાવિંદ આલમીન તારી કરણીનો હિસાબ માંગશે, ત્યારે તેં આ દુનિયામાં જેવા કર્મો કર્યાં હશે, તેવું તું પામીશ.

એક દિન સાહેબ સબકો બૂલાવે,
લેખા લેશે તિલ તિલકા,
સહીયાજી મોરે ડર લાગ્યો એક દિનકો.
માટે તું સમજી જા.

દીન ગંવાયો સંગ દુની દુની ન ચાલી સાથ;
પાંવ કુલ્હાડી મરિયા મૂરખ અપને હાથ.

અર્થાત : આખોય જન્મારો તો તેં દુનિયાની આ

આસક્તિમાં જ વીતાવ્યો. તેમ છતાં એ દુનિયા તો તારી સાથે ના જ રહી! મુરખ! તું જ વિચારી લે, કે તેં હાથે કરીને પોતાના પગ પર કુહાડી મારી છે! (અને દુર્લભ માનવ જન્મ વ્યર્થ ગુમાવ્યો છે.)

(૧૧) એ સભાગા;

એ ગીનાન મહારસ પીર શમશ બોલ્યા;
સાચા લંગસી પાર, સભાગા.

અર્થાત : હઝરત પીર શમ્શ (રહે.) ફરમાવે છે કે, મહારસનું અમીયાન કરાવતાં ફરમાવે છે કે, જે લોકો આ દુનિયામાં સાચા માર્ગે – દીન – ધર્મના માર્ગે – ખુદાનાં રાહે ચાલે છે, તેઓ સંસાર સાગર પાર ઊતરે છે. સંસાર સાગર તરી જાય છે.

૮

એજી ઘર સર વધાયું, શાહ મોરે લીયો અવતાર

રચનાર પીર સદરદીન (રહે)

(૧) એજી ઘર સર વધાઈયું શાહ મોરે લીયો અવતાર.
લખ ચોરાસી શાહ તું જીવેં જો દાતાર.

અર્થાત : દરેક મોમિનોના ઘરે ઘરે વધામણી છે, મુબારકીઓ છે. કારણ કે મોમિનોને તારવા માટે, જીવાત્મા-ઓને છોડાવવા માટે મૌલાએ, ખુદાઈ નુરે અવતાર લીધો છે. ઓ મારા મૌલા ! લખ ચોરાસીના ફરતાં અને ફસાતા અને ફસાયેલા માનવ જીવોનો તું દાતાર છે. અર્થાત તેઓને છોડાવવા માટે તમો તમો દેહી ધારણ કરીને આવ્યા છો.

'ભગવદ્‌ગીતા'માં શ્રી કૃષ્ણ ફરમાવે છે કે,

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિ ર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમ્ ધર્મસ્ય તદાઽઽત્માનં સૃજામ્ય હમ્ ॥
પવિત્રાણાય સાધુના વિનાશાય ચ દુષ્કૃતામ્ ॥
ધર્મ સંસ્થાપના થાર્ય સંભવામિ યુગે યુગે ॥

ભગવદ્‌ગીતા અધ્યાય ૪ થો શ્લોક – ૭ ૮

અર્થ : હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું.

સંત – સાધુ જનોનું રક્ષણ કરવાને માટે, દુષ્ટોનો નાશ કરવાને માટે અને ધર્મનું સંસ્થાપન કરવાને માટે હું પ્રત્યેક યુગમાં અવતાર લઉં છું. (૮)

એજી ભણે પીર સદરદ્દીન સાહેબ તેરે શરણે
મૌલા વિના મોક્ષ ન હોય. અલી તું હી તું હી.

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ સ.) મેં ફરમાવ્યું છે કે ' મુર્તઝાઅલી મોજીઝા કરતા હતા. પરંતુ મોજીઝા માણસો પણ શીખે છે અને જાદુગરો બનાવી શકે છે. મુર્તઝાઅલીનો મોજીઝો એ હતો કે, પોતાની જગ્યા ઉપર પહોંચાડે. હકીક્તના અસલ મકાને પહોંચાડે.

હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

ભોળે મન એવો સીરજણહાર,
જીવડા તું જાગ, અલ્લાહરા તું જાગ,
મેરે અલ્લાહ, સો દિન આવેજી.
સચે સાહેબજી કી કરણી
મીઠે અલીજી કી કરણી;
હમ દીલ ભાવે...જીવડા તું જાગ.

હે દીનભાઈ! અંતરનાં નિર્મળ પ્રેમ ભાવે, નિખાલસભાવે સિરજણહાર અલ્લાહની બંદગી કર.

ખાલસ બંદગી ખુદાકી કરો,
ઉમેદ ન રાખો એક તીલભાર.
ખાલસ બંદગી ખુદા મિલાવે,
તો સુખસું પામો રબકા દીદાર.
(કલામે મૌલા)

હે જીવ! તારા જીવને છોડાવવા, ખુદાને મળવા, ભેટવા અને સમાવવા માટે તું જાગ. અજ્ઞાનની ઊંઘમાંથી ઊભો થા. જેને 'આત્મ જાગતિ' કહેવામાં આવે છે.

જાગત હૈ વો પાવત હૈ,
સોવત હૈ વો ખોવતહૈ.

જે પોતાનામાં 'જાગે છે. તે પોતાને મેળવી લે છે. અર્થાત પોતાના આત્માને મેળવી લે છે. જાણી લે છે. નુરને પામે છે. જે સૂતા છે. દિવ્ય જીવનને ગુમાવી દે છે.

પીર ફરમાવે છે કે, ગફલતમાંથી સજાગ થઈ જાઓ. કારણ કે તે દિવસ આવવાવાળો છે, જે દિવસ પોતાના

માલિકની હઝુરમાં હિસાબ દેવા માટે હાજર થવાનું છે. માટે તું જાગ, તે દિવસે પસ્તાવાનો વખત ન આવે. અને દીદાર ને પામી શકે. મીઠાં – મધુરા અને પ્રેમાળ મારા આકા! મારા મનનાં માલિક જે સાચા છે, જે હકીકી છે, જે મૌલા મુર્તઝાઅલી (અ.સ.)ની કરણી – મને બહુ ભાવે છે. મારા મૌલાની કરણી તો મોમિનોને પરમસુખ આપી આત્માને આઝાદ કરી અસલ મકાને લઇ જવાની છે. મારા મૌલાની કરણી દીની દુન્યવી – જે ઉત્તમ અને મહાન છે. તે મોમિનો માટે છે.

મારા મૌલાની કરણી તો અનહદ અને અપાર છે. થોડીક – જોઇએ. મૌલાના ફરમાન દ્વારા.

'સેંકડો વરસથી અમારા રૂહાની બચ્ચાંઓ ઇમામતની રસ્સી દ્વારા દોરવણી મેળવતાં રહ્યાં છે. તમોને સઘળી બાબતોમાં સલાહ અને સહાય માટે ઝમાનાના ઈમામ તરફ દૃષ્ટિ કરી છે અને તમારા ઈમામને પોતાના રૂહાની બચ્ચાંઓ પ્રત્યે અતિશય પ્રેમ અને વહાલ હોવાથી એમના (ઇમામના) નુરથી તમને એંધાણ મળ્યું છે કે તમારે રૂહાની અને દુન્યવી સંતોષ પ્રાપ્ત કરવા કયાં અને કઈ દિશામાં મોઢું ફેરવવું જોઇએ.'

કલામે શાહ કરીમ અલ હુસેની.
સાલગ્રેહ દરબાર કરાંચી ૧૩ મી ડીસે. ૧૯૬૪

'લોહીના સબંધે કરી આ દુનિયામાં જેવી તરેહ ઔલાદ પ્યારી છે. તે જ રીતે રૂહના સંબંધ તરીકે તમે અમારી રૂહાની ઔલાદ અમને પ્યારી છે.

ઈન્સાનના બદનમાં લોહી નજદીક છે, રૂહ એથી પણ નજદીક છે, તે પ્રમાણે લોહીના સબંધવાળા કરતાં જે કોઈ અમારી રૂહાની ઔલાદ છે તે અમને વધારે નજદીક છે.

કલામે. હ. ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અ.સ.

માટે હે જીવ ! મૌલા–ની કરણીનાં અમીફળ ચાખવા માટે તું જાગૃત થા. અને મૌલાની ખિદમત કરી, આદેશને માની જીવનની ધન્યતા અનુભવ.

(૨) એજી સીર સો હમારા, યા અલી તેરે પાઉં ધરીયા
તેરે પીર સાદે યા અલી જીવડા નીપના...ભાળે.

અર્થ :—ઓ મારા મૌલા ! મારું માથું તારા ચરણોમાં ધરી દઉં છું. બૈયતનો અર્થ અને છેકે, હું મારું સમસ્ત જીવન તને અર્પણ કરું છું. તારી જ શરણાગતિ સ્વીકારું છું. તારું દ્વાર છોડી બીજે કયાંય જઈશ નહિ. મને તારા ઉપર અખંડ–અતૂટ શ્રદ્ધા છે, આવી જે જીવંત ભાવના છે, તે મૌલાનાં ચરણે માથું ધરી દીધું કહેવાય,

ઓ મારા આકા ! બધાં જ જીવોની નીપજ તારા થકી જછે. જેમકે અલ્લાહઆલા ફરમાવે છે કે,

હદીસમાં ફરમાવેલ છે કે,

" અન્ના ય અલીયુન્ન નુરન વહિદ

અર્થાત :—હું અને અલી બંને એક જ નુરમાંથી છીએ, અને મારા નુરમાંથી આખી દુનિયા બનાવવામાં આવી. મારું અને અલીનું નૂર એકજ છે.

(૩) એજી વીસવ કુંવારી શાહ તું પરણે ગો બાલી
જીત ખડા હુઆ શાહ તું અનંતે જો વાલી,
ભાળે મને શ્રવો...

અર્થ :— મારા પ્રેમાળ હકીકી–અલૌકિક બાદશાહ! મારા મનનાં માલિક! આ મારો રૂહ જે અનાદી કાળથી (તારા નૂરથી જુદો પડયો ત્યારથી) કુવારી રહેલ છે. (જ્યાં સુધી રૂહ-નુરમાં મળતો નથી ત્યાં સુધી પ્રત્યેક જીવ–કુવારી છે) હવે તે જુવાની માં–પૂરા જોબનમાં આવેલ છે. એટલે મારો આત્મા હવે તારા નુરમાં મળવા માટે, દીદારથી પાવન–થવા માટે–પુખ્ત વય ધારણ કરી છે, તારા વિરહ–અને જુદાઈ મારાથી સહન થતી પણ તું મારા

જીવ-રૂહ સાથે લગ્ન કરી લે રૂહાની લગ્ન કરી લે. (આત્મા પરમાત્મામાં સમાય એ રૂહાની લગ્ન છે.)

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું છે કે "તમારા માટે આ દુનિયામાં બે પ્રકારનાં લગ્ન છે. એક જીસ્માની અને બીજો રૂહાની"

ઓ મારા આકા! પ્રીતમ! આ બધી રૂહાનીઓ જે આ દુનિયામાં જીવંત છે. અને તારા તરફ પાછી વળવાની છે કે, તે સર્વેનો માલિક તું જ પોતે છે

આ સર્વ બધી રૂહાનીઓ જે પોતાના અસલ-વતન-ખુદાના નુરથી જુદી પડી-આ દુનિયામાં-આ દેહીમાં આવી છે. તેને જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે અસલ વતન તરફ જવા તડપે છે. મૌલાના રૂમ (રહે) ફરમાવે છે કે.

"હર કસી કુ દુર માન્દ અઝ અસ્લે ખીશ,
બાઝ જુયદ રૂઝગારે વસ્તે ખીશ.

"જે કોઈ પોતાના અસલથી-અસલ મકાનથી છૂટો પડી જાય છે, તે ફરી વાસીલ થવાનાં દિવસનો આતુર હોયછે.

"તમે જ્યારે સિજદો કરો ત્યારે, માંગો કે અમને

અસલ મકાને પહોંચાડ. જેમ બાળક પોતાની માતાથી જુદુ પડે છે. ખોવાઈ ગયું હોય છે, ત્યારે તે રડે છે કે ક્યારે મા પાસે જઇ પહોંચું! તમે પણ તેવા થાઓ."

કલામે હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ.સ.)

એજી માતા વિનાનો બાલુડો,
ઘડીભર રહ્યો નવ જાય,
માતા કહે મારો બાલુડો,
ખોળે બેસી ધવરાવે.

પીર અહીંયા દુન્યવી માતા અને બાળકનો દૃષ્ટાંત આપીને ફરમાવે છે કે, મા વગરનો બાળક રહી શકતો નથી, માતાના વિરહ-વેદનામાં રડે છે, માતા વિના ચેન પડતું નથી. 'મા' અંતરનાં વિરહ-દ્વારા આહ દ્વારા પોકારે છે, ત્યારે મા દોડીને-બાળકને ભેટે છે, ખોળામાં બેસાડે છે. અને પ્રેમથી ધવરાવે છે.

બાતુની અર્થ એ છે કે, રૂહાની-પોતાના હકીકી મહેબુબ-નાં મિલાપ માટે રડે છે, તરફડે છે, અને પોતાના હકીકી મહેબુબ વગર રહી શકતો નથી રૂહ-પોતાના અસલ વતન માટે તડપે છે, ત્યારે હકીકી મહેબુબ મળેછે, ભેટે છે, અને પોતાના નુરમાં શમાઈ જાય છે.

જેમકે હાફીઝ શિરાઝી ફરમાવે છે કે,

ચિરા ન દર પએ અઝમે દયાર મૂદ બાશમ
ચિરા ન ખાકે કફે પાએ યાર ખુદ બાશમ

અર્થ : હું પોતાના અસલ મકાનમાં – અસલ વતનમાં ફરવા કેમ પ્રયત્ન નકરું ? હું મારા પ્રેમાળ હકીકી મહેબુબ પગની રજ કેમ ન બની જાઉં.

મહાત્મા શીબ્લી (રહે.) બજારમાં નીકળ્યા હતા, ત્યારે જોયું કે, એક માણુસનો પુત્ર ગુજરી ગયો હતો, તેને દફન કરવા માટે લોકો કબ્રસ્તાનમાં લઈ જઈ રહ્યાં હતાં.

એક માણુસને કેટલાક માણુસોએ પકડી રાખ્યો હતો, તે બહુ રૂદન કરતો હતો. લોકો તેને છૂટ્ટો મૂકે તો તરફડીને પોતાના પુત્રનાં વિયોગમાં પ્રાણુ આપી દે તેમ હતો.

મહાત્મા શીબ્લી (રહે.) પૂછ્યું, ' ભાઈ ! આ માણુસને તમે શા માટે પકડી રાખ્યો છે ? ત્યારે લોકોએ કહ્યું કે, ગુજરનાર તેનો ફરઝંદ છે, આ તેનો પિતા છે, પોતાનાં પુત્રનાં વિયોગમાં – પ્રેમ વિરહમાં તે તરફડી રહ્યો છે. અમે એટલા માટે પકડી રાખ્યો છે કે, અગર એ જો છુટ્ટો પડે, તો માથું પછાડી–પછાડીને પુત્રવિયોગમાં ખલાસ થઈ જાય.

મહાત્મા શીબ્લી (રહે.) જ્યારે તે માણુસ પાસે પહોંચ્યો ત્યારે ખરેખર તે રડી રહ્યો હતો, અને " હાય

પી. ૧૦

પુત્રનો વિયોગ "હાય પુત્રનો વિયોગ" એમ બોલી રહ્યો હતો.

આથી મહાત્મા શીબ્લી (રહે.) હૃદય ભરાઈ આવ્યું. અહો ! દુન્યવી પ્રેમે-પુત્રનાં આ માણસનાં દિલમાં કેટલો બધો વિરહની આગ પેદા કરી છે ? અને હું મારા અસલ વતનથી ખુદાનાં નૂરથી – ખુદાથી જુદા પડયો છે. કેટલાય વર્ષો ચાલ્યા ગયા. છતાંય અને તેનું કાંઈ દુઃખ નથી. અરે થોડા વર્ષનાં પુત્ર પિતાનાં સબંધનાં લીધે, આના અંતરમાં કેવી વેદના જન્માવી છે. અને મારા દિલમાં હકીકી બાદશાહના જુદાઇનું કંઈ જ દુઃખ નથી. આપનું હૃદય ચિરાઈ ગયું. આંખમાંથી આંસુની ધારા વછૂટી અને 'હાય ખુદાનો વિયોગ' કહી આપ આપના ચહેરા પર ધોલ મારતાં જાવ અને રડતાં જાવ અને હાય ખુદાનો વિયોગ કરતાં કરતાં આપ બેભાન બની ગયા.

'મારફતનો ગમ' કરવા લાગ્યા. બધાંય ગમ તો હરામ છે. પણ 'મારફતનો ગમ' કરવાનો મૌલાનો આદેશ છે.

જીસે બીછોડા પિયુકા;
તીસે નીંદ ન આવે રાત,
જીવ ગૂમાવે આપણાં,
ઝીકર કરે દીન ઔર રાત.
(કલામે પીર)

અશલવતનને યાદ કરતાં કરતાં – મહાત્મા શીબ્લી (રહે.) ફનાહ થઈ ગયા.

" તમે ફનાહ ફિલ્લાહ થાઓ.

ફના—કંઇ નહિ

ફી—અંદર.

અલ્લાહ—ખુદા.

ફનાફિલ્લાહ — ખુદાવંદતઆલાની જાતમાં નાબુદ થઈ જવું.

તમે એવા ખ્યાલ કરો કે, "ભલા ખુદા કોણ છે ? ! અને ખુદામાં કેમ ન સમાઉં ? એવી ઉમેદ રાખો. તમે એવા ખ્યાલ નહીં રાખો કે, અમે ફરમાનો વ્યર્થ કર્યા છે. અમારા ફરમાનો વાંચો, સાંભળો અને વિચાર કરો જેમ કે, હ. ઈસા (અ. સ.) ખુદામાં ફનાહ થયાં હતાં. હ. ઈસા (અ.સ.) કોણ હતાં ? હઝરત ઈસા (અ.સ.) હકીકતી હતાં તે ખુદામાં ફના થયાં."

કલામે હઝરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.)

આપણે બધાં 'હકીકતી મોમિનો' છીએ. કહેડાવીએ છીએ. જે 'હક' ને જાણે તે હકીકતી કહેવાય. હક–એટલે 'ખુદા' ને જાણે, ઓળખે અને તેનામાં સમાય તે હકીકતી કહેવાય.

(૪) એજી ભણે પીર સદરદ્દીન યાઅલી હમગુનેગાર,
ગુનાહ બક્ષો હમારા યા અલી બક્ષણહાર
ભોળે મન શ્રેવો

અર્થ : નમ્રતા અને પ્રેમની મૂર્તિ હઝરત પીર સદરદ્દીન (રહે.) મૌલા પાસે ગિરિયાઝારી કરતાં ફરમાવે છે કે, ઓ મારા મૌલા ! મારા જીવના તારણહાર ! હું ગુનેહગાર છું. ઓ મારા ગુનાહ ને ક્ષમા આપનાર– બક્ષણહાર મૌલા મારા ગુનાહ માફ કરો.

હઝરત સદરદ્દીન (રહે.) તો પીર હતા, જ્ઞાની હતા. મૌલાના ઇશ્કમાં રંગાએલા હતા. આશિક હતા. ઈબાદતી જીવ હતા. છતાંય પોતે પોતાની જાતને ગુનેહગાર દર્શાવી, અપાર નમ્રતાનો પાઠ આપણને શીખવે છે. રાત દિવસ બંદગી કરનાર પીર આપણને ગિરિયાઝારી શીખવે છે. જેમ એક માતા પોતાના બાળકને બધી રીતભાત-ચારિત્ર- સંસ્કાર રડે છે. બધું શીખવાડે છે. તેમ 'રૂહાની માતા' એ પીરનો હકીકી દરજ્જો છે. તે પણ આપણને આપણામાં ધર્મસંસ્કાર રેડે છે. ધર્મ જ્ઞાન શીખવાડે છે. નમ્રતાનો પાઠ ભણાવે છે. અને દિનરાત પોતાના ગુનાહની માફી માંગવાનું શીખવાડે છે. જેથી આપણાં ગુનાહ માફ થાય, ખુદાઈ રહેમતનાં અધિકારી બની શકીએ અને ખુદાની નિકટતા પ્રાપ્ત થાય.

"અને એ મોમિનો, અલ્લાહ સમક્ષ તૌબા કરો જેથી તમને ઉન્નતિ પ્રાપ્ત થાય."

કુર્આને શરીફ સૂરે નૂર આ ૩૧

"પોતાના પરવરદીગાર પાસે બક્ષીસ માગો અને તેની સમક્ષ તૌબા કરો."

સુરે હુદ આયાત ૩

અલ્લાહની કસમ હું એક દિવસમાં સિત્તેર વખતથી પણ વધુ અલ્લાહતઆલા પાસેથી મગફિરત માંગુ છું.

હદીશે શરીફ – બુખારી શરીફ

૯

સાહેબજી તું મોરે મન ભાવે

રચનાર : સૈયદ મહમદશાહ (રહે.)

સાહેબજી તું મોરે મન ભાવે,
અવર મોરે ચિત ન આવે,
દુજા મોરે મન ન ભાવે,
સાહેબજી તું મોરે મન ભાવે.

સાહેબ એટલે મોમિનોનાં મનના માલિક. મોમિનોના હૃદય સમ્રાટ, મોમિનોનાં હૃદય પ્રદેશનાં મહારાજા.

જીવનો ખુદા સાથેનો અનાદિ કાળથી સબંધ છે. પણ માનવની વૃત્તિ ભૌતિકના લાભા લાભ તરફ, અંતરની તૃષ્ણા અને આશાની આગ બુઝાવવા તરફ, અને જગતની ક્ષણિક વસ્તુઓ સાથે જોડાયેલી હોવાથી ખુદા પ્રત્યેનો દિવ્ય સબંધ, દિવ્ય પ્રેમ ભાવ અને આત્મિકની અભિલાષાઓ વિસરાઈ જાય છે.

માનવ પ્રથમ ખુદામાં હતો, ખુદાથી વિમુખ નહોતો, ખુદાનાં નૂરાની સ્વરૂપમાં હતો. પછી કાળે કરી દેહ ભાવે જીસમાની રીતે ખુદાથી જુદો થયો છતાં પણ આત્મિક રીતે રૂહનાં સંબંધની દૃષ્ટિએ માનવ ખુદા સાથે સબંધ ધરાવે છે. અને આપણે એ પણ જાણી લેવું જોઈએ કે, ખુદાનો સબંધ સત્ય અને મુક્તિ આપનાર છે. ખુદાનો સબંધ સત્યતાના પાયા ઉપર રચાએલો છે. જ્યારે જગત અને જગતજનો પ્રત્યેનો સબંધ ક્ષણિક અને નાશવંત છે. તેનાથી ખુદાઈ પ્રેમમિલાપ થઈ શકતો નથી. મનુષ્યનો આખરી ધ્યેય ખુદાઈ પ્રેમમિલાપ કરીને તેનામાંજ સમાઈ જવું એ છે.

જો માનવી પોતાના અંતઃકાળ સુધી ખુદા સાથેનાં આધ્યાત્મિક સબંધને જાળવી રાખે, પોતાની વૃતિને ખુદા સાથે જોડી રાખે, ખુદા સાથે તદ્રૂપ બનીને રહે, તો પછી દેહ પડતાં – દેહનો નાશ થતાં તે ખુદામાં એકમય – એક-રૂપ બની જાય છે.

માનવ દેહ એ ખુદા સાથે જોડાવાનું ખુદા સાથે એકતા માણવાનું અને ખુદામાં સમાવવાનું એક દિવ્ય સાધન છે. પરતું માનવ જીવનની કરુણતા એ છે કે તેણે આ સાધનનો દૂર ઉપયોગ દેહી દ્વારા પાપ કરીને આત્માને જ હણ્યો છે. આત્માનો દુશ્મન બન્યો છે આત્મામાં જ અંધકાર સર્જ્યો છે. દેહીને સુખનું સાધન સમજીને

જીવન ધ્યેય ભૂલી ગયો છે. સત કર્મની ભાવનાને ભૂલી ગયો છે.

માનવીમાં જ્યારે જ્ઞાનનો સૂર્ય પ્રગટે છે, ત્યારે અંતરની – અંદરની જાગૃતિ આવે છે. આંતરિક ચેતના મૌલા તરફ પ્રગટે છે. આંતર પ્રકાશમાં મૌલાના દિવ્ય દર્શન મળે છે. મનનાં તરંગો શાંત થાય છે, મલિન વૃત્તિઓ અને પાપની ઇચ્છાઓ નાશ થાય છે. જ્યાં સુધી ઇચ્છા-પુરુષનો નાશ થતો નથી. ત્યાં આંતર પુરૂષનો જન્મ થતો નથી, અર્થાત બધી કામનાઓ, ઇચ્છાઓનો લય થાય છે, ત્યારે જીવન ઉધ્વગામી બને છે. જીવન મૌલા રૂપ બને છે. માનવીમાંથી પશુતાનો નાશ થાય છે, અને ફિરસ્તાઈ પ્રકૃતિનો ઉદય થાય છે. મૌલાની દિવ્યતા, ધર્મ-નિષ્ઠા. અખંડ આત્મવિશ્વાસ અને મૌલા પ્રત્યેનો અનન્ય પ્રેમ ભાવ જાગે છે.

ફિરસ્તાઈ સદ્‌ગુણોની સુવાસથી જીવન મહેંકી ઉઠે છે. ખુદા તરફ તેની વૃતિ કેળવાતી જાય છે. પાપ કરતાં તે ડરે છે. તે સર્વત્ર ખુદાને જ નિહાળે છે. પછી ત્યાં વેરઝેર, દુશ્મની, બુરાઇ કે અમિત્રતા જેવું કંઇ તેનાં માટે રહેતું નથી.

સમાનતા, અને સમભાવ ખીલે છે. તેને હળવે હળવે ખુદાઈ પ્રેમની અનુભૂતિ જીવનમાં થયા કરે છે. અને ખુદાને સાક્ષીરૂપે રાખીને જીવનનાં બધાં કર્મો કરે છે.

ખુદાનાં પ્રેમીનું ખુદા સાથે અખંડ નિષ્ઠા અને ધ્યાન લાગવાથી તેનામાં પ્રેમની દિવ્ય જ્યોતિ પ્રગટી ઊઠે છે. બધી કામનાઓ શાંત પામી જાય છે. મૌલાના પ્રેમ મિલન સિવાય બધી ઇચ્છાઓનો નાશ થઈ જાય છે. તેના અંગે અંગમાં પ્રેમની ખુમારી પ્રગટી ઊઠે છે. ત્યારે ખુદાનો પ્રેમી, મૌલાનો મુરીદ, સત્યનો સાથીદાર – એવો આશિક મૌલાને વિનવે છે. અને પોતાના અંતરની પ્રેમનિષ્ઠા પ્રગટાવે છે.

"હે સાહેબ ! મારા જીવનનાં પરમ સંગાથી, જનમો જનમનાં પ્રેમાળ સાથીદાર મૌલા ! તું જ મને ભાવે છે. તારા સિવાય મને બીજું કંઈ ભાવતું નથી. મારા સિવાય મારા ચિતમાં કંઈ પણ દુનિયાની ભાવના રમતી નથી. તારા સિવાય મારું મન કોઈ તરફ દોરવતું નથી, ભમતું નથી. કારણકે મૌલા સિવાય પ્રેમીનું બીજું કોઈ પણ લક્ષ્ય હોતું નથી. તે મૌલા તરફ પોતાના જીવનની દિશા નાવને ચલાવે છે.

સાહેબ એ જ જીવનનું સાચું લક્ષ્ય છે, કર્મ છે.
સાહેબ સાથે પ્રીત એજ હૃદય શાંતિનું સ્થાન છે.

સાહેબ સાથેનો – પ્રત્યેનો અખંડ નિષ્ઠા ભાવ એ જ આત્મા મુક્તિનું રહસ્ય છે.

સાહેબ સાથેની દોસ્તી આત્માની અસલીયત જગાડે છે, અસલ વતનમાં સમાવે છે. દેહભાવને ભૂલાવે છે.

સાહેબ સાથેનો અનન્ય પ્રેમ ભાવ, ભક્તિભાવના એ પરમશાંતિ, દિવ્ય સુખ અને શાશ્વત સંતોષનો માર્ગ છે.

કુરાનમાં સુંદર નિર્દેશ છે કે,

"ખરેખર ખુદાના સ્મરણથી અંતઃકરણ ને સમાધાન મળે છે." ખુદા સાથે અખંડ પ્રેમભાવ સ્ફુરે છે, ત્યારે ખુદા સિવાય બીજું કાંઈ ભાવતું નથી.

જેનો જે પ્રેમી હોય તો તેને અધિક ભાવે છે. જેમ દુનિયાનાં પ્રેમીને બધાં કરતાં દુનિયા અધિક પ્યારી છે. તેમ ખુદાનાં પ્રેમીને દરેક વસ્તુ કરતાં અધિક ખુદા પ્યારો છે.

મૌલાના એક પ્રેમીનાં અંતરમાં વલોવાઈને ઉદ્ભવેલું પ્રેમપૂર્ણ ગીનાન છે. ગીનાન એ અંતરનો અવાજ છે. અંતરમાં ઉછળતી પ્રેમલહેરીનાં એ બિન્દુઓ છે. અંતરના સ્ફુરતા પ્રેમીને, ભક્તિને વાચા મળી અને શબ્દ–અવાજનાં સહારે બહાર પડયાં.

એજી જે જે માંગુ ને તુહીં દેવે,
એવા એવા લાડ લડાવે,
સાહેબજી તું મોરે મન ભાવે.

પ્રેમનાં અલૌકિક બંધનથી જ્યારે મૌલા બંધાઈ જાય છે, ત્યારે પ્રેમીની આત્મશ્રદ્ધા અને આત્મનિષ્ઠા એટલી

બધી પ્રબળ જોરદાર હોય છે કે, તે જે માગે તે મૌલા આપે છે. અરે ખુદ મૌલા પ્રેમીનો બનીને રહે છે. મૌલા પોતે જ્યાં અર્પણ થઈ જતાં હોય ત્યાં કહેવાનું શું હોય? જે માંગશો તે મળશે.

બાઈબલ સુંદર રીતે નિર્દેશ છે કે,

"માગો, તો તમને અપાશે, શોધો, તો તમને જડશે; ઠોકો, તો તમારે સારું ઉઘાડશે કેમકે જે હરેક માંગે છે તે ને જે શોધે છે તેને જડે છે, ને જે ઠોકે છે તેને સારૂં ઉઘાડવામાં આવશે. તમારામાં કયો માણસ છે કે જો તેનો દીકરો તેની પાસે રોટલી માંગે, તો તે તેને પથ્થર આપશે? અથવા જો માછલું માગે, તો તેને સાપ આપશે? તે માટે જો તમે ભૂંડા છતાં તમારા છોકરાને સારાવાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માંગે છે તેઓ કેટલા વિશેષે કરીને તે સારા વાનાં આપશે?"

કુર્આને શરીફમાં ખુદા ફરમાવે છે કે,

"અને તમે જે જે માગ્યું તે બધું તમને આપ્યું ખુદાના તમારી ઉપરનાં ઉપકારોને ગણવા બેસો તો તેનો પાર ન આવે."

કુર્આને શરીફ ૧૪–૧૪

ખુદા અપાર દયાળું, અપાર કરુણાવાન અને પ્રેમાળ

હોવાથી પોતાનાં બંદાની ઈચ્છા, માંગણી અને ભાવના પૂરી કરે છે.

પ્રથમ તો ઈન્સાન ખુદાનું મહાન સર્જન છે. આ સર્જન પછવાડે ખુદાનો ભારોભાર પ્રેમ છૂપાએલો છે.

જેમ માત – પિતા પોતાના સંતાનો ઉપર પ્યાર હોવાને કારણે અપાર લાડ લડાવે છે. અને પોતાનો પુત્ર માંગે છે તે બધું આપે છે.

આ રીતે દરેક ઈન્સાનો ખુદાના સંતાનો હોવાથી તેને તેઓનાં ઉપર અપાર પ્રેમભાવ છે. અને પ્રેમભાવનાનાં કારણે તે પોતાના સંતાનોને લાડ લડાવે છે.

મૌલા ફરમાવે છે કે,

'તમે મને એક વસુ ચાહો છો, તો હું તમોને સો વસા ચાહું છું. તમો મને એક વખત યાદ કરો છો, હું તમોને સો વખત યાદ કરું છું.'

કુર્આનમાં ફરમાવવામાં આવ્યું છે કે, ' મારી રહેમતથી ના ઉમેદ નહી બનો. (મારી દયા અને પ્રેમ પ્રત્યે નિરંતર શ્રદ્ધા અને આશા રાખો.)

એજી ચારે ચારે જુગમાંહે મેં ફરી ફરી જોયું,
તેરે તોલે કોઈ ન આવે,
સાહેબજી તું મોરેમન ભાવે.

જ્યારે મૌલાનો પ્રેમીનાં દિલમાં પ્રેમ જાગે, મૌલાની સુરત સાથે પ્રીત બંધાય ત્યારે તેને મૌલાનાં દિવ્ય ચહેરો પ્રત્યે અનુરાગ પ્રેમ જાગે છે, એ નુરાની ચહેરા પર મુગ્ધ થાય છે, અને મૌલાના ચહેરા કરતાં તેને અધિક કોઈ સુંદર લાગતું નથી. માશુક સાથે આશુકનો પ્રેમ બંધાય ત્યારે આશક માટે માશુકથી અધિક સુંદર જગતમાં કોઇ હોતું નથી.

હે મૌલા ! હું દરેક યુગમાં ફર્યો, દરેક યુગમાં પણ તારી બરોબરી કરી શકે તેવો, તુલના થઈ શકે તેવો મળ્યો નહિ. આ જગતમાં મૌલાની બરોબરી કરી શકે તેવું કોઈ નથી.

એજી ચંદાને સુરજ, પવનને પાણી,
મારા ગુરૂ સમતોલ નહીં કોઈ.
(કલામે પીર)

મૌલાની તોલે કોઈ ન આવે. સત્તા, સમૃદ્ધિ, દુનિયાનાં ભૌતિક સુખ, સાહેબી, એશ આરામ, અને દુનિયાનાં સંબંધોથી કોઈપણ જ્યારે મૌલાની તોલે મૌલાના પ્યાર અને ભક્તિનાં તોલે ન આવે. ત્યારે પ્રેમ અને ભક્તિ સાચા અર્થમાં કરી કહેવાય, ત્યારે ધર્મ પરિપકવ થયો કહેવાય.

જગતની બધી વસ્તુઓ અને સંબંધો કરતાં મૌલા પ્રત્યેનો પ્રેમ અને ભકિત ગાઢ – અતૂટ હોવી જોઇએ.

એજી ચાલો સાહેલી વર જોવા જઇએ,
સો પીયા મેં ને પાયા.
સાહેબજી તું મોરે મન ભાવે.

સાહેલીઓ એ નારી સ્વરૂપનું સંબોધન છે. આપણા પીરોને – સૈયદોએ મૌલાની નારી સ્વરૂપે ભક્તિ કરી છે. તેમાં નમ્રતા અને શરણાગતિનો માર્ગ છે. વર એટલે મૌલા. સાહેબ બધાં જીવોનો માલિક – મૌલા અખંડ અને આધ્યાત્મિક વર છે.

મૌલા રૂપી અખંડ વરની જેઓ પ્રાપ્તિ કરે છે. તેઓ અખંડ સુહાગણ બની જાય છે. સતી સુહાગણ બની જાય છે.

જીરેવાલા જનમો જનમની દોહાગણ હોતી,
તે સોહાગણ કીધી મારા સામી,

પછી દોહાગણુંપણું રહેતું નથી. મૌલારૂપી વર જેને મળે છે. તેનાં જનમો જનમનું જુદાઈપણું તુટી જાય છે. જનમમરણનાં દુઃખ દૂર થઈ જાય છે.

આ દુનિયામાં જોવા જેવા એક મૌલા જ છે. આપણે બધું જોયું હશે, પણ મૌલાને નહીં જોયા હોય તો જીવન વ્યર્થ ગયું ગણાશે, મૌલાને જોવા એટલે મૌલાના દિવ્ય સ્વરૂપને ઓળખીને, મૌલાના ઈશ્કમાં રંગાઈને મૌલા પર ફનાહ થવું. જે મૌલાને જ્ઞાન અને ભક્તિપૂર્વક નીહાળે

છે. દીદાર કરે છે. તેના સ્વરૂપનું ચિંતન કરે છે, તે મૌલાને પામ્યા વિના રહેતો નથી.

ગીનાન રચનાર સૈયદ, મૌલાના પ્રેમી કહે છે કે, મૌલાને હું પામી છું. એ મૌલા મળ્યા છે, અને મૌલા મળતાં અનંત સુખમાં હું ડૂબી ગઇ છું.

એજી જીસરે વિના ઘડી દોહેલી જાવે,
સો પીયા મોરે મંદિર આવે,
સાહેબજી તું મોરે મન ભાવે.

જે મૌલા વિના એક પળ પણ વસમી અને દુઃખદાયક જાય છે, એવા મારા પ્રેમાળ મૌલા અંતરજામી મને મળ્યાં છે, મને મૌલા સાથે એવી લાગની લાગી છે, કે મૌલા વિના હું પળવાર રહી શકતો નથી. મૌલાનો પ્રેમ વિરહ મારા અંતરને બહુ તડપાવે છે.

એજી તુંજ વિના હમકો નીંદ ન આવે,
ન ભાવે અન્ન ને પાણી હો સાહેબ.

જે પ્રિયા–પ્રિયતમ મૌલા વિના હું રહી શકતો નથી. તે હૃદયશ્વેર દિલરૂપી મંદિરમાં અથવા જમાતખાનામાં પધાર્યાં છે. હૃદય એ મૌલાનું દિવ્ય મંદિર છે. અદ્ભૂત નુરાની ઘર છે.

મૌલા એજ આપણું ખરું સ્વરૂપ છે. મૌલામાં જ

આપણે સમાવવાનું છે. પ્રેમ વિરહ–મિલન માટે તો દિવ્ય પંથ છે.

એજી જીસકારે સાહેબ અયસા હોવે,
સો દુઃખીયા કયું કર કહાવે છે ?
સાહેબજી તું મોરેમન ભાવે.

દુઃખના બે પ્રકાર છે. (૧) દુનિયાનું,–દેહીનું સંસારનું દુઃખ. આત્માનું દુઃખ.

દુનિયાનું દુઃખ આ દેહી પૂરતું છે, ત્યારે આત્માનું દુઃખ જનમોજનમનું છે. અજ્ઞાનીનું દુઃખ અને તેના પ્રત્યેની દૃષ્ટિ દેહ પરની છે, દેહ માટીની છે. જ્ઞાનીને પોતાના આત્માનું દુઃખ છે. અજ્ઞાની દેહીનાં દુઃખમાંથી મુક્ત થવા માટે પુરૂષાર્થ કરે છે. અને જ્ઞાની આત્માને દુઃખમાંથી મુક્ત થવા કોશિષ–સાધના કરે છે, કર્મ કે ભક્તિ ભાવના અને ધર્મનું આચરણ કરે છે.

જેને આવા પ્રરમ પ્રતાપી મૌલા મળ્યા હોય, તેને શું દુઃખ હોય? કારણ કે મૌલા દુઃખને દૂર કરનાર મળ્યા છે. આત્માનું જનમોજનમનું દુઃખ દૂર કરી, રૂહને પોતાનાં નૂરમાં સમાવે છે. મૌલા આધ્યાત્મિક વૈદ્ય છે. રૂહાના હકીમ છે. આપણા સદ્ભાગ્ય છે કે, આવા રૂહાની વૈદ્ય આપણને મળ્યાં છે.

(જુઓ ભાગ ૨ જો)

પ્રેમ·પ્રેરણા·પ્રકાશ·પવિત્રતા·પ્રભુ

દિવ્યજ્ઞાન પ્રકાશન

